Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

RAVAL LAW OFFICE
Serving the community for the last 35 years
Real Estate Law
Corporate Law
Criminal Law
Family Law
Immigration Law
Wills & Estate
Power of Attorney
Document Notarizations
Bhupendra N Raval
Barrister, Solicitor & Notary Public
Ph : 416-296-7200
1200 Markham Road, Suite 118, Toronto, Ontario M1H 3C3 www.ravallawyer.com

FRIDAY, 19 June, 2020 Vol. 16, No. 25 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## લદાખથી અરુણાચલ સુધીની ૩૪૮૮ કિ.મી. લાંબી અંકુશરેખા પર ભારતીય સેના હાઈએલર્ટ

# LAC પર ભારત-ચીને યુદ્ધના મોરચા માંડયા

## ગલવાનની ઘટના બાદ સરહદ પર ભારેલો અગ્નિ : ભારત દ્વારા સવા બે લાખથી વધુ સૈનિકો તહેનાત કરાયા

નવી દિલ્હી : ચીનની નીતિનો આકરો જવાબ આપવાનો ભારતે નિર્ણય કરી લીધો છે. ચીન સાથેની લદાખથી અરુણાચલપ્રદેશ સુધીની ૩૪૮૮ કિલોમીટર લાંબી વાસ્તવિક અંકુશરેખા પર ભારતીય સેના હાઈએસ્ટ એલર્ટ પર છે. સમગ્ર એલએસી પર તહેનાત કરી દેવાયેલાં ભારતીય દળોને યુદ્ધ જેવી સ્થિતિના એલર્ટના આદેશ જારી કરાયા છે. લદાખમાં ભારતીય સેના દ્વારા ૩ ઈન્ફન્ટ્રી તહેનાત કરી દેવાઈ છે. તે ઉપરાંત યુદ્ધ અભ્યાસ કરનારી બે અલગ અલગ બ્રિગેડ પણ તહેનાત કરાઈ છે. હિમાચલપ્રદેશમાં એલએસી પર વધારાની કુમકો મોકલી અપાઈ છે. ઉત્તરાખંડમાં ગઢવાલ અને કુમાઉ સેક્ટરમાં સૈનિકોની સંખ્યા વધારવામાં આવી છે. ઉત્તરકાશીના ચિન્યાલિસૌરમાં એરફોર્સે હવાઈપટ્ટીને એક્ટિવ કરી દીધી છે. સિક્કિમ અને અરુણાચલપ્રદેશમાં પણ વધારાની ટુકડીઓ એલએસી પર તહેનાત કરી દેવાઈ છે. જમ્મુ-કાશ્મીર, લદાખ અને હિમાચલપ્રદેશમાં ઉત્તર કમાન્ડના ૩૪,૦૦૦, ઉત્તરાખંડમાં ૧૫,૫૦૦, સિક્કિમ, અરુણાચલ, આસામ, નાગાલેન્ડ અને બંગાળમાં પૂર્વ આર્મી કમાન્ડના ૧,૭૫,૫૦૦ સૈનિક એલએસી પર તહેનાત કરાયા છે. સુકનામાં ૩૩ કોર્પ્સ, તેજપુરમાં ૪ કોર્પ્સ, રાંચીમાં ૧૭ માઉન્ટેન સ્ટ્રાઈક કોર્પ્સ તહેનાત કરાઈ છે. તે ઉપરાંત એલએસી નજીકના તમામ બેઝ પર યુદ્ધવિમાનો તહેનાત કરાયાં છે. હિંદ મહાસાગર અને બંગાળની ખાડીમાં નૌકાસેનાએ પોતાની તાકાત વધારવાનું શરૂ કરી દીધું છે.






## ચીને સેંકડો સૈનિકો ગલવાન મોકલ્યા

સેટેલાઇટ તસવીરો અનુસાર ચીને ગલવાન વેલીમાં સેંકડો સૈનિકો અને હેવી કન્સ્ટ્રક્શન ઇક્વિપમેન્ટ મોકલી આપ્યાં છે. ચીની સૈનિકો, હેવી કન્સ્ટ્રક્શન ઇક્વિપમેન્ટ અને સૈનિકો માટેના તંબુને ગાલવાન વેલીમાં લાવવા મોટી સંખ્યામાં વાહનોનો ઉપયોગ કરાયો હતો. ચીની સેના દ્વારા ગાલવાન નદી પર એક કમ્બાઇન્ડ આર્મ્સ બ્રિગેડ તહેનાત કરાઇ છે.

## લદાખના બે ગામો ખાલી કરવા આદેશ

એલએસી પર ચીની સેના સાથે પ્રવર્તી રહેલા તણાવને જોતાં ભારતીય સેનાએ પૂર્વ લદાખમાં દેમચોક અને પેંગોંગના ગામોને ખાલી કરાવવાનો આદેશ આપ્યો છે. સરહદી વિસ્તારોમાં મોબાઇલ કનેક્ટિવિટી બંધ કરી દેવાઇ છે.

## કોરોના અહેવાલ : ૨,૩,૧૧,૧૫,૧૭

## ચીની ઉત્પાદનો પર મોદી સરકાર કસ્ટમ ડ્યૂટી વધારશે

વિસ્તારવાદી ચીનની શાન ઠેકાણે લાવવા ભારતે વાયુસેના માટે રશિયા પાસેથી તત્કાળ ૧૨ SU-30MKI અને 21 MiG-29 એમ 33 ઘાતક ફાઈટર જેટ ખરીદવાનો નિર્ણય લીધો છે. હવે આર્થિક રીતે પણ ચીનને જોરદાર આંચકો આપવા માટે મોદી સરકાર કમર કસી રહી છે. અમેરિકા બાદ હવે મોદી સરકારે ચીન સાથે ટ્રેડ વોરમાં ઉતરવાનો નિર્ણય લીધો હોવાનું માનવામાં આવે છે. મોદી સરકાર કસ્ટમ ડ્યૂટી વધારવા પર વિચાર કરી રહી છે. ભારત ચીનના બિન-જરૂરી સામાનો પર આયાતમાં કાપ મુકવાનો પ્લાન બનાવી રહી છે. જોકે હજી સુધી આ મામલે કોઈ નિર્ણય લેવાયો નથી પણ વાણિજ્ય મંત્રાલય આ બાબતને લઈને નાણાં મંત્રાલય સાથે ચર્ચા કરી રહ્યું છે. ભારતની કુલ આયાતનો લગભગ ૧૪ ટકા સામાન ચીનથી થાય છે. એપ્રિલ ૨૦૧૯-ફેબ્રુઆરી ૨૦૨૦ વચ્ચે ભારતે ૬૨.૪ બિલિયન ડોલરનો માલ સામાન ચીનમાંથી આયાત કર્યો, જ્યારે પાડોશી દેશમાં નિકાસ ૧૫.૫ બિલિયન ડોલર હતી.

## ગલવાન ઘાટીમાં ચીની સૈનિક સાથે અથડામણમાં ૨૦ જવાનો શહીદ

વિશેષ અહેવાલ પેજ નં. ૧૬

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank®
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

### નેશનલ કોન્ટેક્ટ ટ્રેકિંગ એપ્સ ટૂંક સમયમાં જ શરૂ કરાશે : વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોની જાહેરાત

# કેનેડામાં કોરોના સંક્રમિતોનો આંકડો એક લાખને પાર

### નાગરિકોની રોગપ્રતિકારક શક્તિ તપાસવા ૧.૪૦ લાખ કીટ મંગાવાઈ : મહામારી છતાં પર્યટકો-વેપારીઓ આવવા તૈયાર

ઓન્ટેરિયો : ગુરૂવારે ઓન્ટેરિયોમાં ૧૭૩ નવા કેસ નોંધાતા દેશમાં સંક્રમિતોનો આંકડો ૧,૦૦,૧૪૮ થઈ ગયો હતો. કેનેડામાં હાલ એક્ટિવ કેસ ૨૯૪૧૬ થયા છે જ્યારે ૬૨,૪૪૮ લોકો સાજા થઈ ગયા છે. કોરોનાને કારણે દેશનો કુલ મૃત્યુ આંક ૮૨૯૨ થયો છે. ગુરૂવારે ન્યુબ્રુન્સવીકમાં બે દર્દીઓ સાજા કરવામાં આરોગ્ય વિભાગ સફળ થયું હતું. અને એક પણ નવો કેસ અહીં નોંધાયો ન હતો. જ્યારે મેનીટોબામાં બે નવા કેસ નોંધાયા હતા. જો કે, સમગ્ર દેશમાં કોરોના સામે જંગ લડી રહેલા ૧૯૮૨ દર્દીઓની હાલત હજી પણ કટોકટ હોવાના અહેવાલ છે. દરમિયાન કેનેડાએ રોગપ્રતિકારક ક્ષમતા ચેક કરવા માટે ૧.૪૦ લાખ કીટ અન્ય દેશોમાંથી મંગાવી છે. બીજી તરફ સાવચેતીના ભાગરૂપે નેશનલ કોન્ટેક્ટ ટ્રેકિંગ એપ્સ ટૂંક સમયમાં શરૂ કરવા વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ જાહેરાત કરી હતી. મહામારીની સ્થિતિ હોવા છતાં કેનેડામાં પર્યકો અને વેપારીઓ આવવા તૈયારી દાખવી છે.



| વિસ્તાર | કન્ફર્મ કેસ | રિકવર | મરણ |
|---|---|---|---|
| ક્યૂબેક | ૫૪૩૮૩ | ૨૨૭૫૪ | ૫૩૪૦ |
| નોવા કોસિયા | ૧૦૬૧ | ૯૯૭ | ૬૨ |
| ઓન્ટેરિયો | ૩૨૯૧૭ | ૨૮૦૦૪ | ૨૫૫૩ |
| આલ્બર્ટા | ૭૫૩૦ | ૬૮૯૩ | ૧૫૧ |
| બ્રિટિશ કોલંબિયા | ૨૭૭૫ | ૨૪૨૨ | ૧૬૮ |
| ન્યૂ બ્રુકવિન્સ | ૧૬૪ | ૧૩૫ | ૨ |

## બિઝનેસની મદદ માટે બ્લેક ચેમ્બરની પહેલ

ટોરન્ટોઃ કોવિડ - ૧૯થી અસર પામેલા એવા અશ્વેત બિઝનેસમેનોને આર્થિક સહાય માટે કેનેડીયન બ્લેક ચેમ્બર ઓફ કોમર્સે ફેડરલ સરકાર પાસે માંગણી કરી છે. જેમને સરકારની વર્તમાન નીતિ મુજબ ધિરાણ નથી મળી શકતું. ચેમ્બરે ઓટાવાની ફેડરલ સરકાર સમક્ષ ૧૬૫ મિલીયન યુએસ ડોલરની માંગણી કરી છે. મંગળવારે પત્રકારો સાથેની વાતચીતમાં કેનેડીયન બ્લેક ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ એન્ડ્રીયા બેરેટે કહ્યું હતું કે, ઘણાં અશ્વેત બિઝનેસમેનને સરકાર તરફથી કોઈ આર્થિક સહાય મળતી નથી. એટલે અમે સરકાર પાસેથી અશ્વેત બિઝનેસમેન માટે કોવિડ - ૧૯ના ભંડોળમાંથી માંગણી કરી છે. સરકારના સીઈબીએ પ્રોગ્રામ હેઠળ નાના અને મધ્યમકદના વ્યાપારીઓને ૪૦ હજાર યુએસ ડોલરની વ્યાજમુકત લોન મળી શકે છે. જેમના પેરોલ વર્ષ ૨૦૧૯માં વીસ હજાર યુએસ ડોલરથી લઈને ૧.૫ મિલીયન યુએસ ડોલરની વચ્ચે હતો. ચેમ્બરે દેશભરના ૨૦ હજાર અશ્વેત બિઝનેસમેનની ઓળખ કરી છે જે એક સર્વેક્ષણ મુજબ ૭૦ ટકા બિઝનેસમેન સીઈબીએ પ્રોગ્રામ હેઠળ આર્થિક સહાય મેળવવા લાયક નથી. એટલે ચેમ્બરે અશ્વેત બિઝનેસમેન માટે આર્થિક રાહતની માંગણી કરી છે. ચેમ્બરના પ્રસ્તાવ મુજબ બ્લેક બિઝનેસમેનની યોગ્યતા નક્કી કરવા નવા ધારાધોરણ ઠેરાવવામાં આવશે. એ મુજબ વ્યાજ મુકત માઈક્રો લોન આપવામાં આવશે. હવે બે વર્ષ માટે વ્યાજ મુકત લોન દરેક અશ્વેત બિઝનેસમેનને મળશે. ચેમ્બરની આ માંગણીનો લાભ અંદાજે ૭ હજાર બિઝનેસમેનને મળશે. દરેક કંપનીને વધુમાં વધુ પચ્ચીસ હજાર યુએસ ડોલર માટે અરજી કરવાની તક મળશે.

## ઓન્ટેરિયોમાં લગ્ન સમારંભ અને અંતિમયાત્રામાં છૂટછાટ વધારાઈ

ટોરન્ટો : કોવિડ -૧૯ને કારણે સર્જાયેલી સ્થિતિમાં સરકારે લગાડેલા પ્રતિબંધોમાં હવે થોડી છૂટછાટ આપવાનું નક્કી કર્યા બાદ સરકારે હવે લગ્ન સમારંભ કે અંતિમક્રિયામાં હાજર રહેનારાઓની સંખ્યામાં વધારો કર્યો છે. નવી છૂટછાટ અનુસાર હવે લગ્ન સમારંભના સ્થળની ક્ષમતાના ત્રીસ ટકા જેટલા લોકો હાજર રહી શકશે. એ રીતે જ અંતિમક્રિયામાં હાજર રહેનારાઓની સંખ્યામાં વધારો કર્યો છે. શરત માત્ર સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવાની ખાતરી આયોજકોએ આપવી પડશે. ઈન્ડોર સમારંભોની જેમ જ આઉટડોર સમારંભોમાં પચાસ લોકો જોડાઈ શકશે. જો કે, લગ્નના રીસેપ્શન કે શોકસભામાં હાજર રહેનારાઓની સંખ્યા હજુ પણ દસ વ્યકિતઓની જ રહેશે. સરકારે સામાજિક મેળાવડાઓમાં મહત્તમ હાજરીની સંખ્યાને ૧૦ની જાહેર કર્યાના બીજા દિવસે આ ફેરફાર જાહેર કરાયો છે. જાહેર ધાર્મિક સ્થળો ખુલ્લા મુકવાની જાહેરાતમાં પણ એ સ્થળની ક્ષમતાથી ૩૦ ટકા જેટલી સંખ્યાને માન્યતા આપી છે.

**લગ્ન સમારંભના સ્થળની ક્ષમતાના ત્રીસ ટકા જેટલા લોકો હાજર રહી શકશે**

ઓન્ટેરિયોમાં લગ્ન અને અંતિમક્રિયાઓનું આયોજન કરનારા સર્વિસ પ્રોવાઈડર્સના ધંધામાં માર્ચ માસથી મંદી આવી હતી. કેમ કે પ્રાંતિય સરકારે જાહેર મેળાવડાઓમાં માત્ર પાંચ વ્યકિતઓની હાજરીની માન્યતા આપી હતી. આરોગ્ય મંત્રી ક્રિસ્ટીન ઈલિયોટે કહ્યું હતું કે, જે રીતે કોવિડ -૧૯ના પ્રસાર ઉપર અંકુશ લાવવામાં સફળતા મળી રહી છે એ જોતા પ્રતિબંધોમાં છૂટછાટ આપી શકાય એમ હોવાથી નવી મર્યાદા જાહેર કરી છે.

તેમણે એમપણ કહ્યું હતું કે,' અમે કોરોના ટેસ્ટીંગ અને ટ્રેકીંગમાં વધારો કરીને વાઈરસને આગળ વધતો અટકાવવાના પગલા પણ લીધા છે. જેમાં સૌથી વધુ મહત્વ તો લોકોના સહકારનું છે. એટલે જ હું લોકોને સાવચેત રહેવા અને જોખમ હજુ છે એ વાતને ધ્યાનમાં રાખવા વિનંતી કરીશ. શુક્રવારે ઓન્ટેરિયોમાં કોવિડ -૧૯ના ૧૮૨ નવા કેસ નોંધાયા હતા. જે માર્ચથી અત્યાર સુધીના સમયમાં નોંધાયેલા સૌથી ઓછા કેસ છે.

છેલ્લા અઠવાડિયામાં પાંચ દિવસની કેસોની સરેરાશ હવે ૨૨૨ જેટલી થઈ છે.

## ઓન્ટેરિયોમાં રેસ્ટોરન્ટ ફરીથી ખુલી, ગાયન અને નૃત્ય કાર્યક્રમો પર પ્રતિબંધ

- **બીજા તબક્કાની આર્થિક પ્રવૃત્તિઓ શરૂ કરવા માટે માર્ગદર્શિકા જાહેર થઈ**

ટોરન્ટો - કોવિડ -૧૯ની મહામારી બાદ ઓન્ટેરિયો ફરીથી ધબકતું થયું છે. પરંતુ મહેરબાની કરીને ગાવાનું શરૂ કરતાં નહિ. રાજ્ય સરકાર તરફથી આપવામાં આવેલા સંદેશામાં વિવિધ નિયમનો સમાવેશ થાય છે. જેમ કે, સાંજના સમય તમે ગઈ શકશો નહિં કે નાચી શકશો નહિ. આ નિયમોનું પાલન કરતાની સાથે જ કોરોના રોગચાળો ફાટી નીકળ્યા બાદ ફરીથી ધંધા ઉદ્યોગ શરૂ થઈ રહ્યા છે અને તેની સાથે રેસ્ટોરન્ટ પેશીઓઝ પણ ખુલી રહ્યા છે. ઓન્ટેરિયોના બીજા તબક્કાની આર્થિક પ્રવૃત્તિઓ શરૂ કરવાની યોજનામાં આ ક્ષેત્રો સબંધી કેટલાક માર્ગદર્શક દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા છે. અને તે પ્રમાણે આ વ્યવસાય ફરીથી શરૂ કરી શકાય છે. રેસ્ટોરન્ટ અને બાર્સમાં સીંગીંગ અને નૃત્ય ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમજ બહાર બેસનારા ગ્રાહકો મર્યાદિત સંખ્યામાં ભેગા થઈ શકશે. ચાઈલ્ડ કેર સેટિંગ્સ સાથે ગાવા પર અને ધાર્મિક સ્થળોમાં પણ ગાવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ શરતો સાથે ઓન્ટેરિયોમાં ગયા સપ્તાહથી રેસ્ટોરન્ટસ અને ધાર્મિક સ્થળો ખુલવા લાગ્યા છે. રાજ્યના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે કે, વિજ્ઞાનમાં કેટલાક નિયમો દર્શાવવામાં આવ્યા છે. જેની સાથે ડોકટર પણ સહમત થાય છે.







# ટોરન્ટોમાં રાહદારીની ભીડ અટકાવવા માટે ગૂગલની નવી સુવિધા ઉપલબ્ધ

**અવરજવર માટેનો માર્ગ પસંદ કરી ટ્રાફિક અંગેની જાણકારી મેળવી શકાશે**



ટોરન્ટો - કોવિડ-૧૯માં પોતાના ઉપભોક્તા પ્રવાસીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે અને એ મુજબ પોતાના આવવા જવાના માર્ગ પસંદ કરી શકે એ માટે ગૂગલ મેપસ તરફથી નવી સુવિધા શરૂ કરવામાં આવી છે. જેમાં ઉપભોગતા તેની માહિતી મૂકે ત્યારે તે માર્ગ પર ભીડ છે કેમ અને એ માર્ગ પરથી જઈ શકાશે કે કેમ તેની માહિતી ગૂગલ મેપસ તરફથી આપવામાં આવી છે. કોવીડ ૧૯ને કારણે સર્જાયેલી સ્થિતિમાં લોકડાઉન મુકાયું હતુ. જેને હવે ધીમે ધીમે હળવું કરાઈ રહ્યું છે ત્યારે વધુમાં વધુ કેનેડિયનો કામ માટે બહાર નીકળવા લાગ્યા છે. પણ સાથે સાથે ફીઝીકલ ડિસ્ટન્સિંગ જેવા નિયમનો અમલ જાહેરમાં બહાર નીકળતી વખતે કઈ રીતે કરવો એ મોટો પ્રશ્ન છે. ગૂગલના એક પ્રવક્તા લૂઈઝા સ્ટેનિકે જણાવ્યું હતું કે, હવે રાહદારીઓને એ ચિંતા કરવાની જરૂર નથી કે, તેઓ ઝડપથી સરળ રીતે યોગ્ય સામાજિક અંતર જાળવીને પોતાના સ્થાને કઈ રીતે પહોંચી શકશે. ગૂગલની એક બ્લોગ પોસ્ટ મુજબ તેઓ એક નવી સુવિધા એન્ડ્રોઈડ અને આઈ ઓ એસ માટે શરૂ કરી રહ્યા છે. જે તેના ઉપભોગતાઓને તેમના પસંદગીના માર્ગ પરથી જાહેર જનતા વચ્ચેથી કઈ રીતે પસાર થવું તેની જાણ કરશે. કેનેડામાં આર્થિક પ્રવૃત્તિઓ ફરીથી શરૂ થઈ રહી છે ત્યારે આ સુવિધા તેમના માટે વધુ ઉપયોગી બની રહી છે.

અમારી ચેક પોઈન્ટ્સ અને સરહદ પર નિયંત્રણ માટે ચેતવણી આપતી સુવિધા તેમને પોતાના ગંતવ્ય સ્થાને પહોંચવાનો નિર્ણય લેવા માટે જે માનસિક કસરત કરવી પડતી હશે તે હવે નહિ કરવી પડે અને જાહેરમાં પણ તમે સામાજિક અંતર જાળવી શકો એ માટે એક નવીજ સુવિધા શરૂ કરવામાં આવી છે.

ગૂગલ મેપ તરફથી ક્રાઉડેડનેસ સુવિધા ૨૦૧૯માં શરૂ કરવામાં આવી હતી ત્યારે માત્ર અત્યંત વ્યસ્ત વિસ્તારો માટે શરૂ કરાઈ હતી. પણ હવે કંપનીએ જણાવ્યું છે કે, આ સુવિધા સરહદો સુધી લંબાવવામાં આવી છે અને ઉપભોગતાઓને યોગ્ય માહિતી પૂરી પાડવામાં આવે છે. હવે ઉપભોગતા ઘરો કે રૂટ એ પરથી રૂટ બી તરફ જવા ઈચ્છતો હોય ત્યારે ગૂગલ મેપ્સમાં તેમણે એક રૂટ પર ક્લિક કરવાનું હોય છે અને ત્યારે ક્રાઉડેડનેસ બટનની સાથે પ્લસની નિશાની વાળુ બટન દબાવતા તેની સામે બસ, સ્ટ્રીટ કાર અથવા સબવે રૂટ દેખાય છે. તમે નોટ ક્રાઉડેડ રૂટ પસંદ કરી શકો છો. આ માર્ગ પર દોડતી બસમાં પૂરતી જગ્યા હોય છે અને ભીડ હોતી નથી. કારણ કે બસમાં તેની ક્ષમતા મુજબ લોકોને બેસાડવાની મનાઈ હોય છે.






# કટોકટીમાં લાભની મર્યાદા વધારવા ટ્રુડોનું વચન

**લોકડાઉનમાં કામ શરૂ ન કરી શકનારા પરિવારને રાહત થશે, સંજોગ આધિન યોજનામાં ફેરફાર સંભવ**

- **રાહત મેળવવા માટે ૮ મિલિયનથી વધુ કેનેડિયનોએ અરજી કરી**

ઓન્ટેરિયો : વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ જાહેરાત કરી હતી કે, કેન્દ્ર સરકાર કેનેડા ઈમરજન્સી રીપોન્સ (સીઈઆરબી)ની મુદત લંબાવી આપશે. જેની વિગત થોડા દિવસમાં જાહેર કરવામાં આવશે.

કોવિડ ૧૯ની મહામારીમાં રાહત આપવા માટે આ યોજના પહેલી વખત એપ્રિલ મહિનામાં શરૂ કરવામાં આવી હતી. લોકો ૧૬ સપ્તાહ અથવા ૪ પાત્રતા ધરાવતા સમય ગાળા માટે આ લાભ મેળવવા દાવો કરી શકશે. આ રાહતની પાત્રતાનો ૪થો સમય ગાળો જુલાઈની શરૂઆતમાં પૂરો થાય છે. અમે જે લોકો હજુ પોતાના કામ પર પાછા ફરી શક્યા ના હોય તેમના માટે યોગ્યતાનો ગાળો લંબાવવા માટે કામ કરી રહ્યા છીએ. અને આ સપ્તાહમાં વધુ માહિતી મળી જશે. પરંતુ આજે હું તમને ખાતરી આપું છું કે આ લાભો તમારા અને તમારા પરિવાર માટે ચાલુ રહેશે.

ટ્રેઝરી બોર્ડના ચેરમેન પ્રેસિડેન્ટ જીન - વાએ - વેસ ડકલોઝે જણાવ્યું હતું કે, પહેલી વખત સીઈઆરબીની શરૂઆત



કરવામાં આવી ત્યારથી પરિસ્થિતિ બદલાઈ છે અને દેશના ઘણા ભાગમાં આર્થિક પ્રવૃત્તિ શરૂ થઈ ગઈ છે. આ જોતાં પાત્રતાનાં પરિમાણ પણ બદલાયા છે અને નવા પરિમાણો જ્યારે આ યોજના લંબાવવાનો નિર્ણય કરવામાં આવશે ત્યારે તેની જાહેરાત કરવામાં આવશે.

તેમણ જણાવ્યું હતું કે, આ યોજનાને હાલના સંજોગો અનુસાર ફરીથી તૈયાર કરવામાં આવશે. આ આર્થિક મંદી દરમિયાન ૮ મિલિયનથી વધુ કેનેડિયનોએ રાહત મેળવવા માટે અરજી કરી હતી.માલિકો પોતાના હાજરી પત્રક ઉપર રહેલા કામદારોને રાહત આપી શકે તે માટે સરકાર તરફથી માલિકોને ભંડોળ આપવામાં આવ્યું હતું. પરંતુ આ ભંડોળ ભારે ઓછું હતું. સરકારે વેજ સબસિડી માટે જે અંદાજો બજેટમાં નક્કી કર્યા હતા. તેમાં એપ્રિલ અને જૂન વચ્ચેના ૧૨ સપ્તાહ માટે અનુક્રમે ૭૩ બિલિયન અને ૪૫ બિલિયન ડોલર જાહેર કર્યા હતા. જ્યારે જૂન ૮મી સુધી ૧૦.૫ મિલિયન ડોલરની વેજ સબસિડી ચૂકવવામાં આવી હતી. ટ્રુડોએ તમામ માલિકોને જણાવ્યું હતું કે, જો તમે હજુ સુધી વેજ સબસિડી ના ચૂકવી હોય તો મહેરબાની કરીને તમારા કામદારોને ચૂકવી આપવા વિનંતી. આ યોજના તમારા અને તમારા પોતાના કામદારોને મદદ કરવા માટે ચાલુ કરવામાં આવી છે. એનડીપીના નેતા જગમિત સિંહે અમારો પક્ષ સીઈઆરબીની પાત્રતાના મુખ્ય ભાગને સમર્થન આપે છે. આ માટે નાણાકીય ખરડો ચાલુ સપ્તાહમાં હાઉસ ઓફ કોમન્સના મેજ ઉપર મૂકવામાં આવશે.

# ટોરન્ટોના ખેડૂતો માટે પ્રખ્યાત માર્કેટ શનિવારથી ફરી ધમધમતી થઈ જશે

- **નાગરિકોને ઓનલાઈન ઓર્ડરની પદ્ધતિ અપનાવવા માર્કેટ સંચાલકોની અપીલ**

ટોરન્ટો : ટોરન્ટોમાં એવરગ્રીન બ્રિકવર્ક્સ ખેડૂતોનું બજાર શનિવારથી તેના દરવાજા ખુલ્લા મુક્તાની સાથે જ નાગરિકોને તાજા અને સ્થાનિક ઉત્પાદનોની શોધનો અંત આવી જશે.

મોટા પ્રમાણમાં વિવિધતા ધરાવતા સ્થાનિક અને શહેરમાં સીઝનલ ખાદ્ય સામગ્રી માટે પ્રખ્યાત માર્કેટ ખુલવાની તૈયારીમાં છે. પરંતુ આ માર્કેટ ખુલશે ત્યારે ગયા વર્ષ કરતા કંઈક જુદુ જ દેખાવ જોવા મળશે. કોરોના વાઈરસને કારણે રાજ્યમાં જે કેટલાક નિયંત્રણો લાદવામાં આવ્યા છે, તેનું કડક પાલન અહી જોવા મળશે. એક પત્રકાર યાદીમાં એવરગ્રીન તરફથી જણાવવામાં આવ્યું છે કે, શનિવારથી ફાર્મર માર્કેટ ખુલી રહી છે ત્યારે તેનો હેતુ લોકોને શુદ્ધ અને તંદુરસ્તીમાં મદદરૂપ થાય તેવી ખાદ્ય સામગ્રી પૂરી પાડવાનો છે. લોકો ફરી ખરીદવા આવે તેમનું સ્વાગત છે પરંતુ અમારો એવો આગ્રહ છે કે ઓનલાઈન ઓર્ડર આપવાથી ઝડપથી કામ થાય છે અને તેથી તમારો અને ખેડૂતોનો સમય બચાવી શકાય છે.

યોગ્ય ગ્રાહકો ઉત્પાદન પહેલા વેન્ડરસની ઓનલાઈન પર ઓર્ડર નોંધાવી શકે છે અને ઓર્ડર મુજબનો માલ સેંટ ક્લેર એવન્યૂની દક્ષિણે આવેલા ૫૫૦ બે વ્યું એવેન્યું ડોન વેલી પાર્ક વે ખાતેથી લઈ જઈ શકે છે.

વૈકલ્પિક રીતે ગ્રાહકો તેમની રોજની આદત મુજબ જુદા જુદા વેન્ડરો સાથે સોદાબાજી કરી શકે છે. પરંતુ બજારમાં ૫૦થી વધુ વ્યક્તિઓને પ્રવેશ આપવામાં આવશે નહિ.

# મહામારીને કારણે મકાનમાલિકો કરતા ભાડૂઆતોની હાલત કફોડી

મોન્ટ્રીયલ : કોવિડ -૧૯ને કારણે આવેલા લોકડાઉને કેનેડાના જોબ માર્કેટમાં વિભાજનને ખુલ્લું પાડી દીધું છે. ઓછી આવક ધરાવનારાઓને માર્ચ મહિનાથી લે ઓફને કારણે બેકારીનો સામનો કરવાનો વારો આવ્યો છે. હવે કોવિડ -૧૯ની મહામારીની અસર કેનેડાના હાઉસિંગ માર્કેટ પર વિભાજનકારી રૂપે પડી છે. ઓછી આવક ધરાવનારા પોતાનું મકાનભાડુ ચૂકવી ન શકે એવી સ્થિતિમાં આવી ગયા છે. તો મધ્યમ અને ઉચ્ચ આવકવાળો વર્ગ ફરીથી મકાન ખરીદવા તરફ વળી રહ્યો છે. ભાડામાં જે ઘટાડો થયો છે એ મહામારી પહેલાની સરખામણીમાં ૭.૮ ટકા જેટલો છે એમ રેન્ટલ વેબસાઈટ રેન્ટલ્સ કેનેડાએ આ અઠવાડિયે જણાવ્યું હતું. બુલપેન રીસર્ચના પ્રમુખ બેન માયર્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ મહામારીને પગલે સર્જાયેલી આર્થિક સ્થિતિની સૌથી વધુ અસર મકાન માલિકો કરતા ભાડુઆતો પર વધારે પડી છે. મકાન માલિકો એક વર્ષ પહેલાની સરખામણીમાં ૯.૫ ટકા ઓછા ભાડે મકાન આપવા તૈયાર થાય છે. ટોરન્ટો જેવા મોટા શહેરોમાં પણ પ્રતિ ચોરસફૂટ ભાડાના દરમાં મોટો ઘટાડો જોવા મળે છે. મે માસમાં વાન્કુંવરમાં ભાડાના દરમાં ૩.૮ ટકાનો વધારો ચોરસફૂટના ધોરણે આવ્યો હતો.

# ભારત-ચીન વચ્ચે સરહદ પર ભીષણ ઘર્ષણ સાથે ત્રીજા વિશ્વયુદ્ધની દસ્તક

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

છેલ્લા ઘણાં સમયથી ચીન ભારત સાથે સંબંધો સુધારવાની અને સુદૃઢ કરવાની ઈચ્છા વ્યક્ત કરતું રહે છે પરંતુ ૧૯૬૨માં હિન્દી ચીની ભાઈ ભાઈના નારા સાથે ભારતને દગો કરનાર ચીન ઉપર જરાય વિશ્વાસ કરી શકાય એમ નથી એ તાજેતરના ઘટનાક્રમે સાબિત કર્યું છે પૂર્વ લદ્દાખમાં ગલવાન ખીણમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે થયેલા હિંસક ઘર્ષણમાં ૨૦ જવાનો શહીદ થયા બાદ બંને દેશો વચ્ચેનો તણાવ ચરમસીમીએ છે. અથડામણમાં ૪૦ જેટલા ચીની સૈનિકો માર્યા ગયાની પણ બાતમી છે પરંતુ ચીને એ અંગે સત્તાવાર માહિતી આપી નથી. બંને દેશોની સેના ગયા મહિનાની શરૂઆતથી લદ્દાખમાં આમનેસામને છે. ગયા મહિને બંને દેશના સૈનિકો વચ્ચે પૂર્વ લદ્દાખના પેન્ગોંગ અને સિક્કિમના નાકૂલામાં ઘર્ષણ થયું હતું અને ત્યારથી વિવાદ જારી છે. સરહદ પર બંને દેશોના સૈનિકોનો મોટી સંખ્યામાં જમાવડો થયો છે. આ પહેલા ભારત-ચીન સરહદે ૧૯૭૫માં એટલે કે ૪૫ વર્ષ પહેલા કોઈ સૈનિકનું મૃત્યુ થયું હતું. એ વખતે અરુણાચલ પ્રદેશમાં એલએસી પર ભારતીય સેનાની પેટ્રોલિંગ ટુકડી પર ચીની સૈનિકોએ હુમલો કર્યો હતો. આ પહેલાં ૧૯૬૭માં નાથૂલામાં સરહદ પર બંને દેશોના સૈનિકો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આમ તો છેલ્લા ઘણાં સમયથી ચીન ભારત સાથે સંબંધો સુધારવાની અને વધારે સુદૃઢ કરવાની ઈચ્છા વ્યક્ત કરતું રહ્યું છે. પરંતુ ૧૯૬૨માં હિન્દી ચીની ભાઈ ભાઈના નારા સાથે ભારતની પીઠમાં છરો ભોંકનાર ચીન હજુ પણ સુધર્યું નથી.

દુનિયાની સૌથી વધારે વસતી ધરાવતા દેશો ભારત-ચીન વચ્ચેના સૌહાર્દપૂર્ણ સંબંધો વૈશ્વિક શાંતિ અને માનવતા માટે અત્યંત આવશ્યક છે. બંને દેશોની કુલ વસતી આશરે ૨૭૫ કરોડ જેટલી થવા જાય છે જે ૭૬૦ કરોડના વૈશ્વિક માનવ સંસાધનના ૩૬ ટકા છે. બંને દેશો ૧.૨૩ કરોડ ચોરસ કિલોમીટરના વિશાળ ક્ષેત્રફળમાં ફેલાયેલા છે.

ચીન સાથેના સંબંધોમાં શાંતિની શરૂઆત નેવુંના દાયકાથી થઈ. જોકે ભારત અને ચીન વચ્ચેના સંબંધોનો પાયો ૧૯૮૮માં તત્કાલિન વડાપ્રધાન રાજીવ ગાંધીના ચીનપ્રવાસ દરમિયાન નંખાયો હતો. ૧૯૯૩માં તત્કાલિન વડાપ્રધાન પી.વી. નરસિંહરાવ ચીનની મુલાકાતે ગયા ત્યારે ચીનના પ્રીમિયર લી પેંગ સાથે મેન્ટેનન્સ ઓફ પીસ એન્ડ ટ્રાન્કિવલિટી સમજૂતિ પર હસ્તાક્ષર કર્યાં હતાં. આ સમજૂતિ વાસ્તવિક નિયંત્રણ રેખા પર શાંતિ બહાલ રાખવા માટે થઈ હતી. એ પછી ચીની રાષ્ટ્રપતિ જિયાંગ ઝેમિન ૧૯૯૬માં ભારતની મુલાકાતે આવ્યાં ત્યારે વાસ્તવિક નિયંત્રણ રેખા અંગે એક વધારે સમજૂતિ થઈ. એ વખતે ભારતના તત્કાલિન વડાપ્રધાન એચ. ડી. દેવગૌડાએ આ સમજૂતિ પર હસ્તાક્ષર કર્યાં હતાં.

વર્ષ ૨૦૦૩માં અટલ બિહારી વાજપેયીની સરકારે સરહદી વિવાદને લઈને સ્પેશ્યલ રિપ્રેઝન્ટેટિવ લેવલનું મિકેનિઝમ તૈયાર કર્યું. એ પછી મનમોહન સિંહની સરકાર દસ વર્ષ શાસનમાં રહી ત્યારે તેમના કાર્યકાળ દરમિયાન ૨૦૦૫, ૨૦૧૨ અને ૨૦૧૩માં સરહદ વિવાદ અંગે સંવાદ આગળ વધારવા માટે ત્રણ સમજૂતિઓ થઈ હતી. મોદીના સત્તામાં આવ્યા બાદ ચીન સાથેના સંબંધોમાં નવી ઉષ્માનો સંચાર થયો. ૨૦૧૪માં સત્તામાં આવ્યા બાદ વડાપ્રધાન મોદી ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગને ૧૮ વખત મળી ચૂક્યાં છે. વડાપ્રધાન મોદીએ ચીન સાથેના સંબંધોમાં નવેસરથી ઉષ્મા પૂરવાના પ્રયાસો આદર્યાં હતાં. જોકે સોમવારે રાતે બનેલી હિંસક અથડામણ બંને દેશો વચ્ચેના શાંતિ સ્થાપવાના અગાઉના તમામ પ્રયાસો પર પાણી ફેરવી દીધુ છે.

ભારત અને ચીન વચ્ચે અવારનવાર સરહદી વિવાદ સર્જાવાનું મુખ્ય કારણ એ છે કે બંને દેશો વચ્ચે સરહદ અંગે કોઈ ચોક્કસ સમજૂતિ થઈ નથી. એ સાથે જ ચીન તિબેટ સાથે ૧૯૧૪માં બ્રિટીશ હિંદની સમજૂતિને માનવાનો પણ ઈન્કાર કરતું આવ્યું છે. ચીનની દલીલ છે કે, તિબેટ તેનો હિસ્સો છે એટલે તેને બ્રિટીશ હિંદ સાથે સમજૂતિ કરવાનો કોઈ અધિકાર જ નહોતો. આ સમજૂતિ મેકમોહન લાઈન નામે જાણીતી છે. પોતાની આ વિચારસરણીના લીધે જ ચીન અરુણાચલ પ્રદેશને પણ તિબેટનો જ ભાગ ગણાવે છે. ભારત અને ચીન વચ્ચે વિવાદનું બીજું કારણ છે અક્સાઈ ચીન, જેના પર ચીને ૧૯૬૨માં કબજો કરી લીધો હતો. પરંતુ ભારત આ વિસ્તાર પર પોતાનો દાવો છોડવા તૈયાર નથી. ત્રીજું કારણ છે વાસ્તવિક નિયંત્રણ રેખાને લઈને અસમંજસની સ્થિતિ. આવું એટલા માટે થયું કે હિમાલયન ક્ષેત્ર હોવાના કારણે સરહદસંબંધી સમજૂતિના અભાવના કારણે વાસ્તવિક નિયંત્રણ રેખા પર સ્પષ્ટ સ્થિતિ બની ન શકી. એટલા માટે ભારત અને ચીનના સૈનિકો અવારનવાર ઘર્ષણમાં આવી જાય છે. બંને દેશો વચ્ચેની સરહદ ત્રણ હિસ્સામાં વહેંચાયેલી છે. પહેલો હિસ્સો છે ઉત્તરમાં જમ્મુ-કાશ્મીર, તો બીજો હિસ્સો હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડમાં છે અને ત્રીજો હિસ્સો પૂર્વમાં સિક્કિમ અને અરુણાચલ પ્રદેશમાં છે. વાસ્તવિક નિયંત્રણ રેખા પર ગ્લેશિયર, બરફાચ્છાદિત પ્રદેશો, પહાડો અને નદીઓ છે. જેના કારણે બંને દેશોમાં એવો ભ્રમ પેદા થઈ જાય છે કે તેમની સરહદનું ઉલ્લંઘન થયું છે. સડકોના નિર્માણ, ટેન્ટ બનાવવા કે પછી અન્ય સૈન્ય ગતિવિધિના કારણે આશંકાઓ વધ્યા કરે છે. હવે ભારત ચીન વચ્ચે સર્જાયેલી તંગદીલીના પ્રત્યાઘાત બંને દેશો જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં પડી રહ્યા છે. એક તરફ ચીન-અમેરિકા વચ્ચે ટ્રેડ વોર ચાલે છે. બીજી તરફ ઉત્તર કોરિય-દક્ષિણ કોરિયા વચ્ચે સંબંધો ફરી તંગ બન્યા છે. રશિયા પણ આધિપત્ય ફરી સ્થાપિત કરવા રાહ જોઈને બેઠું છે.ઈરાન અને અમેરિકા પણ બાખડી રહ્યા છે. બરાબર એ જ વખતે અચાનક ભારત-ચીન વચ્ચે લદાખમાં સ્ટેન્ડ ઓફની તંગ સ્થિતિ સર્જાઈ ગઈ છે. સમગ્ર મામલો હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ચર્ચાનો વિષય બન્યો છે અને વિદેશી મીડિયાએ જણાવ્યું હતું કે બે પરમાણું સંપન્ન દેશો વચ્ચે થયેલી આ તકરારની અસર વૈશ્વિક સ્તરે થઈ શકે છે. જ્યારે કેટલાક આંતરરાષ્ટ્રીય મીડિયાએ દાવો કર્યો હતો કે, આ ત્રીજા વિશ્વયુદ્ધની શરૂઆત છે. બ્રિટિશ અખબારની વેબસાઈટ એક્સપ્રેસ ડોટ યુકેએ દાવો કર્યો હતો કે આ ત્રીજા વિશ્વયુદ્ધની શરૂઆત સાબિત થઈ શકે છે. જ્યારે બીબીસીએ કહ્યું છે કે કાશ્મીરના લદાખ વિસ્તારમાં બન્ને દેશો વચ્ચે થયેલી તકરારમાં ગોળીબાર નથી થયો. જવાનોને માર મારીને મારી નાખવામાં આવ્યા છે. અમેરિકાના અખબાર ન્યૂયોર્ક ટાઈમ્સે કહ્યું હતું કે સૌથી વધુ વસતી ધરાવતા બે દેશો વચ્ચે તકરાર વધી છે. આવા સંજોગોમાં ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ આરોપ લગાવ્યો છે કે ભારતીય સૈન્યએ સોમવારે બે વખત સરહદ પાર કરી હતી અને ચીની સૈનિકો પર હુમલો કર્યો હતો. જ્યારે વોશિંગ્ટન પોસ્ટનું કહેવું છે કે બન્ને દેશો વચ્ચેની લડાઈની અસર વિશ્વ પર થશે. સીએનએનના કહેવા મુજબ આ ઘટના ગેમ ચેંજર સાબિત થઈ શકે છે. ચીની મીડિયા ઉશ્કેરી રહ્યું છે વિશ્વમીડિયાએ આને ત્રીજા વિશ્વયુદ્ધની શરૂઆત એટલે ગણાવી હતી. કેમ કે બંને દેશોની સૈન્ય શક્તિ બેશુમાર છે. બંનેની વૈશ્વિક રાજકારણમાં મજબૂત પક્કડ છે. ઈરાન-અમેરિકા કે ભારત-પાકિસ્તાન જેવા દેશોની ટક્કર થાય એમાં બરાબરીનો ખેલ નથી. પરંતુ ભારત-ચીન જેવા શક્તિશાળી રાષ્ટ્રો વચ્ચેનો જંગ દિવસોમાં જ વિશ્વયુદ્ધ નોતરી શકે એવી શક્યતા નકારી શકાતી નથી. ગુરૂવારે પણ બંને દેશોએ એલએસી પર સૈન્ય ખડકી દેતા સ્થિતિ તનાવપૂર્ણ રહી હતી.

manoj1968@yahoo.ca









# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**
$ 6.99 10 items
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ
સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો,
ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

---

દેશ-વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી
(વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ
સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન,
પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**
**$500**
Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# કેનેડા વસાહતી પ્રણાલી વધુ આધુનિક બનાવશે

## પ્રવાસ ઉપરના નિયંત્રણો દૂર થતાં વસાહતીઓની અરજીમાં ઉછાળો આવવાની આશા બંધાશે

ટોરન્ટો : કેનેડાને આશા છે કે, એક વખત વિશ્વમાંથી પ્રવાસ ઉપરના નિયંત્રણો દૂર થતાં વસાહતીઓની અરજીમાં ભારે મોટો ઉછાળો આવશે. કેન્દ્ર સરકારની એક વેબસાઈટ ઉપર એક નવો દસ્તાવેજ મૂકવામાં આવ્યો છે. તેના પરથી આ બાબત જાણી શકાય છે. આ દસ્તાવેજનો મુખ્ય હેતુ ઈમિગ્રેશનના કામમાં મદદ રૂપ બની શકે તે માટે લેન્ડર્સ શોધવાનુ છે.

તેથી ઈમિગ્રેશન, રેફ્યુજીઝ એન્ડ સીટીઝનશિપ કેનેડા (આઈ આર સી સી) વસાહતીઓ માટેની અરજી પ્રક્રિયાને ઝડપી બનાવવા માટેની વસાહતી પ્રણાલીનું આધુનિકિકરણ કરશે. કોરોના વાઈરસના રોગચાળાને કારણે આઈ.આર.સી.સીની તમામ પ્રવૃત્તિઓ ઉપર ભારે અસર પડી હતી. કોવિડ- ૧૯નો ફેલાવો થતાં કેનેડાએ પ્રવાસ પર નિયંત્રણ લાદ્યા હતા.



### આઈઆરસીસીએ કટોકટીના સમયે પણ વિદેશી નાગરિકોની અરજી માટે અનેક ખાસ પગલાંઓ લીધા

કેનેડા અને વિદેશમાં કામ કરતા કેન્દ્ર સરકાના કર્મચારીઓએ સોશ્યલ ડિસ્ટેનસિંગ જેવા નિયંત્રણોનું કડક પાલન કરવું પડતું હતું. અહી એ કહેવું જરૂરી નથી કે આવી સ્થિતિમાં પણ આઈઆરસીસીવિદેશી કામચલાઉ કામદાર, વિદેશી વિદ્યાર્થીઓ, મુલાકાતીઓ, પરમાનેંટ રેસીડેંટ, સીટીઝનશીપના ઈચ્છુકો, શરણાર્થીઓ, રાજ્યાશ્રય માંગનારા અને કેનેડાના નાગરિકો માટે આવશ્યક ફરજો બજાવવામાં પાછી પાની કરી નથી. આઈ આર સી સીએ આ કટોકટીના સમયે વિદેશી નાગરિકોની અરજીની પ્રક્રિયા માટે અનેક ખાસ પગલાંઓ લીધા હતા. બીજી તરફ આ દસ્તાવેજ સ્વીકારે છે કે, આઈ આર સી સીએ અનેક પ્રોસેસિંગ અને કોન્ટેક્ટ સેન્ટર બંધ કરી દીધા હતા અથવા ક્ષમતામાં ઘટાડો કર્યો હતો. તેના પરિણામે અરજીઓની પ્રક્રિયા ઉપર ધ્યાન આપવાનો આઈઆરસીસીની ક્ષમતાને ભારે અસર થઈ હતી. એક વખત આઈઆરસીસી પોતાના કામકાજ સામાન્ય ધોરણ પર લાવશે. ત્યારપછી એની નીતિઓમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળશે અને કોરોના વાઈરસ બાદ અરજીઓના નિકાલ માટે ડિજીટલ પદ્ધતિ અપનાવવામાં આવશે. આઈઆરસીસી નવી વ્યૂહરચનાઓમાં પ્રક્રિયાઓ અને ડિજીટલ પ્રણાલિકાઓ વિકસાવીને તેનું કામકાજ વધુ સલામત બનાવવા ઈચ્છે છે. આઈઆરસીસી જ્યાં શક્ય હોય ત્યાં વધુને વધુ ડિજીટલ પ્રોસેસનો ઉપયોગ કરી વ્યક્તિગત તથા કાગઝી કાર્યવાહી ઘટાડવા માગે છે.

### આઈઆરસીસી નીચે પ્રમાણે આધુનિકીકરણ કરવા માટે વેન્ડરની શોધ ચલાવી રહી છે

1. એવા ટુલ્સ અને ટેકનોલોજી વિકસાવવા માગે છે કે જેથી આઈઆરસીસીની કામ કરવાની ક્ષમતામાં વધારો થાય અને હાલમાં જે મેન્યુઅલ પ્રોસેસિંગ કરવામાં આવે છે તે અનેક પડકારો અને અરજીઓનો ભરાવો કરે છે.
2. નવી સામાજિક અંતર રાખવાની જરૂરિયાતો સંતોષી શકાય તે માટે વ્યક્તિગત હાજરી નિવારવા ડિજીટલ સોલ્યુશન શોધી કાઢવામાં આવે (જેમ કે ઓનલાઇન સિટિઝનશિપ ટેસ્ટિંગ, વિઝા અને સિટિઝનશિપ એપ્લિકશન્સ)
3. આઈઆરસીસીની કેશ મેનેજમેન્ટ સીસ્ટમ માટે ડિજીટલ ટેકનોલજી સોલ્યુશન્સ શોધી કાઢો.
4. કેટલીક પ્રક્રિયાઓ ઓટોમેટિક કઈ રીતે કરો શકાય કે જેથી ઇમિગ્રેશન એજન્ટ જટિલ ઇમિગ્રેશન એપ્લિકેશન પર વધુ ધ્યાન આપી શકે.
5. એવી એનાલીટિક ડેટા સોલ્યુશન પૂરા પાડવા કે જેથી આઈઆરસીસીતેના સંચાલનમાં ઝડપ અને પ્રોસેસિંગની ક્ષમતામાં વધારો કરીને કેનેડા તથા બહારથી આવતા પરિવર્તનોને અસરકારક રીતે જવાબ આપી શકે.
6. આઈઆરસીસીની સાઈબર સિક્યોરિટીને વધુ મજબૂત બનાવી શકાય તેવી સ્ટ્રેટેજી વિકાવવી.






# કેનેડાની એરલાઈન્સ દ્વારા સેવા વૃદ્ધિ માટે સુરક્ષાના નિયમો સરળ બનાવવા કવાયત



ટોરન્ટો : કોવિડ - ૧૯ને કારણે લાદવામાં આવેલા પ્રતિબંધોને પગલે કેનેડાની એરલાઈન ઈન્ડસ્ટ્રી એક તરફ મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. ત્યારે ફરીથી વિમાનો ઉડાડવા માટે તેમણે વધુ ખર્ચાળ બાહેંધરીઓ આપવી પડશે એવા સંકેતો મળી રહ્યા છે. ત્રણ વર્ષ પહેલા કેનેડામાં લો કોસ્ટ ડોમેસ્ટીક સેવાઓ શરૂ કરનારી ફલેર એરલાઈન્સ આગામી જુલાઈથી ઘણાં નવા રૂટ શરૂ કરવાનું આયોજન કરી રહી છે. આમ છતાં પણ ઘણાં કેનેડીયનો એ એરલાઈન્સના વિમાનમાં પ્રવાસ કરતા ખંચકાઈ રહ્યા છે. એટલે એરલાઈન્સે વધારાના સુરક્ષા પ્રબંધો કરવા પડશે. જેથી ઈન્ડસ્ટ્રી ફરીથી બેઠી થઈ શકશે, એમ ફલેરના સીઈઓ જિમ સ્કોટે જણાવ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે, આ વાત જો કે પહેલા મરઘી કે પહેલા ઈંડુ જેવી છે. જો તમે પ્રવાસીઓને આકર્ષવા માંગતા હો તો ફલાઈટ શરૂ કરવી જ પડશે અને જો તમે ફલાઈટ શરૂ કરો પણ પ્રવાસીઓ નહીં મળે તો પણ તમારે ફલાઈટ ઉડાડવી જ પડે. એમાં તમને ખોટ પણ જઈ શકે છે. મીડિયા સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે, હાલની સ્થિતિમાં એરલાઈન ચલાવવી એ માત્ર અનુમાનના આધારે આગળ વધવા જેવું છે. કેટલો એર ટ્રાફિક મળશે એનું અનુમાન સાચુ પડે તો જ ઈન્ડસ્ટ્રી ટકી શકશે.

જો અનુમાન ખોટું પડે તો અમારે મોટી ખોટ સહન કરવાનો પણ વારો આવી શકે છે. કંપનીએ અત્યારે તો કોવિડ -૧૯ને કારણે સર્જાયેલા સંજોગોમાં પચાસ ટકા સ્ટાફને જવા દીધો છે. બીજી એરલાઈન્સની સ્થિતિ પણ એવી જ છે. એર કેનેડાએ મે માસમાં જ જાહેર કરી દીધું હતું કે, પચાસથી સાંઈઠ ટકા સ્ટાફને છૂટા કરી દેવાશે. જયારે વેસ્ટજેટ કંપનીએ પોતાના ૧૪ હજારના સ્ટાફ પૈકી અડધોઅડધ સ્ટાફને છૂટો કરી દીધો હતો. જો કે, ફલેરે સ્ટાફને જાળવી રાખ્યો છે. જેનો પગાર ચુકવવાનો બોજો વધારે છે. પણ સરકાર તરફથી મળનારી વેજ સબસીડીનો લાભ લઈને તેણે સ્ટાફ જાળવી રાખ્યો છે.

જો કે, મોટા વિમાનોનું ઉડ્ડયન હજુ આવી આર્થિક મદદ માટે લાયક ગણાય છે કે નહીં એ સ્પષ્ટ નથી.

# બાલકૃષ્ણ સત્સંગ મંડળ ઈટોબીકોક દ્વારા ઓનલાઈન સત્સંગ કાર્યક્રમ

## • કોરોનાને દૂર કરવા ભક્તિ અને શ્રદ્ધાનો સહારો લેતા વૈષ્ણવો



શ્રી બાલકૃષ્ણ સત્સંગ મંડળ ઈટોબીકોક, દર મહિનાના છેલ્લા શનિવારે વારાફરતી દરેક વૈષ્ણવને ત્યાં છેલ્લા ઘણા બધા સમયથી નિયમિત કાર્યક્રમ યોજે છે.

કોરોનાના કહેરના કારણે સૌ ચિંતિત છીએ ત્યારે રાજેશ શાહ અને ચેતના શાહે દેવાંશી શાહની ટેકનીકલ હેલ્પ લઈને પ્રાર્થના અને સત્સંગ દ્વારા દરેક વ્યક્તિમાં સકારાત્મતા જળવાઈ રહે અને કોરોનાના આ વિષમ કાળમાં ઈશ્વર સૌને હેલ્થી રાખે તે હેતુથી દર શનિવારે ઓનલાઈન ઝૂમ વીડિયોસત્સંગનું આયોજન કરાયું હતુ.

જે ૧૮ અપ્રિલ થી સતત ચાલે છે. આ કાર્યકમમાં દર વખતે ૪૦-૫૦ કુટુંબો કેનેડાથી અને ૪ – ૫ યુએસથી ભાગ લે છે.

સત્સંગમાં ચંદ્રકાન્તભાઈ ઠાકર (ગીતાંજલી ગ્રુપ ), પ્રમેષભાઈ નાંદી, યેશા પટેલ, હેરી પટેલ, લલીતભાઈ સોની, સતીશભાઈ પટેલ ( રીઅલટર) તથા ઉમેશભાઈ પટેલ ( USA ) જેવા ઘણા કલાકારોએ એમની કળાથી સત્સંગના આનંદમાં ચાર ચાંદ લગાવ્યા છે.શરૂઆતથી સત્સંગ સાથે જોડાયેલા સંજય શાહ દરેક સત્સંગમાં પુષ્ટિમાર્ગ વિશેની સુંદર માહિતી વાર્તા રૂપે રજુ કરે છે. ઈન્દ્રવદન શાહ, અશ્વિનભાઈ રાણીંગા અને શીલાબેન મરચંટ પણ સહાયક સંચાલક તરીકે ખુબ સુંદર કામગીરી બજાવે છે.

આ ઉમદા કાર્યમાં જોડાવવા માંગતા હોય તેઓ રાજેશ શાહ (૬૪૭-૨૬૯-૫૯૫૯)નો સંપર્ક કરી શકે છે.


Imperial PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services 2 Fogging Services 3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
Web: www.siis.ca
iccrc crcic
AMI MEHTA
(SINP Authorized Rep)
E-mail: info@siis.ca
CANADA IMMIGRATION
Investor / Business visa expert | Agriculture / Farming
Self-start visa | Owner operator work permit
Business branch in Canada work permit
Child support worker (caregiver) Home support worker (Nanny)
EXPRESS ENTRY AND ALL PNP
STUDY VISA / SUPER VISA / VISITOR VISA (TRV)





AMI MEHTA
(SINP Authorized Rep)
CANADA OFFICE
94-499 Main Street South; Brampton, Ontario, Canada.
VADODARA OFFICE
2/A, Wagheshwary Society, Vip Road, Vadodara.
India Cell: +91 94289 73911, +91 95121 57817, +91 78749 58758
Canada:. + 1 416 745 2466
Email.: info@siis.ca Website.: www.siis.ca



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ૬ મહાનગરપાલિકામાં નવું સીમાંકન

અમદાવાદ : રાજ્યની અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગર મહાનગરપાલિકાઓની હદ વધારવામાં આવી છે.

અમદાવાદ મહાનગરપાલિકામાં ૧ નગરપાલિકા, ૭ ગામ, ગાંધીનગર મહાનગરપાલિકામાં ૧ નગરપાલિકા, વડોદરા મહાનગરપાલિકામાં ૭ ગામ, સુરત મહાનગરપાલિકામાં ૨ નગરપાલિકા, ૨૭ ગ્રામ પંચાયત, રાજકોટ મહાનગર પાલિકામાં ૪ ગ્રામ પંચાયત, ભાવનગર મહાનગરપાલિકામાં ૧ ગ્રામપંચાયતનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ મહાનગરપાલિકાઓ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોને અને શહેર બહારના વિસ્તારોને મહાપાલિકાની હદમાં સમાવાયા છે. શહેરના બહારના વિસ્તારોને હવે સારી નાગરિક સુવિધાઓ મળશે. શહેરી સત્તામંડળો હવે વધુ વિસ્તારોનો વિકાસ કરી શકશે.

અમદાવાદ કોર્પોરેશનમાં બોપલ, ઘુમા, નાના ચિલોડા, નરોડા શહેર, કઠવાડા, સનાથલ, વિસલપુર, અસલાલી, રાનાસણનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગાંધીનગર કોર્પોરેશનમાં પેથાપુર નગરપાલિકા, કુડાસણ, રાયસણ, રાંડેસણ, સરગાસણ, કોબા, વાસણા, હડમતિયા, વાવોલ, કોલાવાડા, પોર, અંબાપુર, આમિયાપુર, ભાટ, સુઘડ, જુંડાલ, ખોરજ, કોટેશ્વર, નાભોઈ, રાંધેજાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વડોદરા કોર્પોરેશનમાં આસપાસના ૭ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો ભાયલી, સેવાસી, બીલ, કરોડીયા, ઉંડેરા, વેમાલી અને વડદલા ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સુરત કોર્પોરેશનમાં કુલ ૨૭ ગામોનો સમાવેશ કરાયો છે. સુરત મહાનગરપાલિકામાં સચિન અને કનસાડ નગરપાલિકા, સેગવા, સ્યાડલા, વાસવરી, ગોથણ, ઉમરા, ભારખાના કોસદ, પારડી ખંડે, તાલનપોર, પાલી, ઉંબેર, ખાંડી ફળિયા, ભાઠા, ઈચ્છાપોર, ભેંસાણ ગ્રામપંચાયતના ૫ વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજકોટ કોર્પોરેશન માધાપર, મુંજકા, મોટામૌવા, ઘંટેશ્વરનો મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે ભાવનગર મહાનગરપાલિકામાં અધેવાડા ગામનો સમાવેશ કરવામા આવ્યો છે.

# ટિપ્પણી મામલે મોરારી બાપુ પર પબુભા માણેકનો હુમલાનો પ્રયાસ

દ્વારકા : મોરારીબાપૂ સામે ભગવાન કૃષ્ણ અને તેમના ભાઈ બલરામ અને પરિવારજનો અંગે ટિપ્પણી કરવાનો વીડિયો વાયરલ થયા બાદ ચોમેરથી વિરોધ ઉઠયો છે અને આહિર સમાજ તેમજ કૃષ્ણ ભક્તિ પરંપરામાં માનતા અન્ય સમાજ દ્વારા મોરારીબાપૂ માફી માગેની માંગ સાથે રજૂઆતો થઈ રહી છે ત્યારે રાજકોટમાં આહિર સમાજના ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષના નેતાઓએ એક સાથે મોરચો ખોલી કલેકટરને આવેદન પાઠવીને બાપૂ દ્વારકાધિશને ચરણે શીશ ઝૂકાવી માફી માંગે નહિતર આંદોલન કરાશે તેવી ચિમકી ઉચ્ચારાઈ હતી. આ દરમિયાન મોરારી બાપૂ આજે દ્વારકા પહોંચ્યા હતા જ્યાં ભાજપના પૂર્વધારાસભ્ય પબૂભા માણેક દ્વારા તેમના પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ભાજપના પૂર્વ ધારાસભ્ય પબૂભા માણેક દ્વારા મારોરી બાપૂ પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, આ દરમિયાન પૂનમ માડમ સહિતના નેતાઓ ત્યાં હાજર હતા. આ પહેલા ભાજપના મહામંત્રી ભાનુભાઈ મેતા, ભૂતપૂર્વ મહામંત્રી નાગદાનભાઈ ચાવડા તેમજ અન્ય આગેવાનો સાથે જિલ્લા કોંગ્રેસના અગ્રણી અને ભૂતપૂર્વ કારોબારી ચેરમેન અર્જૂનભાઈ ખાટરીયા વિગેરે આજે સયુક્ત રીતે કલેકટર કચેરીએ પહોંચ્યા હતા.

# ડાકોરના ઠાકોરજીના દર્શન માટે ભાવિકો ઉમટી પડ્યાં

ડાકોર : યાત્રાધામ ડાકોર મંદિરના દ્વાર ગુરુવારે ખૂલતા જ ભાવિક ભક્તોની આતુરતાનો અંત આવ્યો છે. ૮૮ દિવસથી રાજા રણછોડના કપાટ બંધ હતા, ત્યારે આજથી ૫ દિવસ માટે ફક્ત ડાકોરના સ્થાનિક ભક્તો જ દર્શન કરી શકશે. ત્યારબાદ તબક્કાવાર અન્ય ભાવિકોના દર્શન માટે દરવાજા ખુલ્લા કરાશે. કોવિડ-૧૯ની ગાઈડલાઈનના ચુસ્ત પાલન સાથે ભક્તો દર્શન કરી શકશે. યાત્રાધામ ડાકોરમા રાજા રણછોડના દર્શન કરવા માટે ભક્તો ભારે આતુર હતા. ગુજરાતમાં મોટાભાગના મંદિરો તબક્કાવાર ખોલી દેવાયા છે. ત્યાર ૧૮ જૂને ડાકોરના મંદિરના દ્વાર ખૂલશે તેવી ટ્રસ્ટ દ્વારા જાહેરાત કરાઈ હતી. પરંતુ એવુ પણ જણાવાયું હતું કે, માત્ર ડાકોરના સ્થાનિક નાગરિકો માટે જ મંદિરના દરવાજા ખોલાશે. ડાકોરના મંદિરમાં મેનેજર અને સેવક આગેવાનો વચ્ચે મળેલ બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. ૧૮ જૂનથી તારીખ ૨૩ જૂન સુધી ફક્ત ડાકોરના ભક્તો માટે દર્શન વ્યવસ્થા કરાઈ છે.

# સુરતમાં જયંતી આંગડિયા પેઢીએ ૫૦૦ કરોડમાં ઉઠમણું કર્યાની ચર્ચા

સુરત : મુંબઇ ઉપરાંત સુરતના ભવાની વડ ખાતે આવેલી મોટી આંગડિયા પેઢી જયંતી અંબાલાલ લોકડાઉન બાદ નહીં ખૂલતા હીરાઉદ્યોગ સાથે સંકળાયેલાઓના કરોડો રૂપિયા ફસાયા હોવાની વાત શરૂ થઇ હતી. જે અંગે હીરાબજાર સાથે સંકળાયેલાઓએ જણાવ્યું હતું કે નોટબંધી પછી આ પેઢીને નાણાં ચૂકવવામાં સમસ્યા સર્જાઇ હતી. તેના કારણે જેઓને નાણાં ચૂકવવાના હતા તેઓ સાથે બેઠક કરીને આગામી એકથી દોઢ વર્ષમાં નાણાં ચૂકવી દેવામાં આવશે તેવી વાત કરવામાં આવી હતી. તે દરમિયાન પેઢીના સંચાલકો દ્વારા મુંબઇ ખાતે આવેલી મિલકત વેચવાનો પ્રયાસ કર્યો હતો. કારણ કે તેઓની ગણતરી એવી હતી કે મુંબઇ ખાતે આવેલી મિલકત વેચાય જાય તો તેના નાણાં થકી જેને ચૂકવવાના છે તે ચૂકવી શકાય. પરંતુ મુંબઈમાં આવેલી મિલકત વેચાય નહોતી. તે અરસામાં કેટલાક લોકોના નાણાં ચૂકવવામાં પણ આવ્યા હતા. જ્યારે હીરાના પડીકા સુરતથી મુંબઇ અને મુંબઈથી સુરત લાવવાનું જ મોટાભાગે કામ કરવામાં આવતું હતું. તેમાં પણ જે પણ વેપારીઓના હીરાના પડીકા હતા તે પણ સામેથી બોલાવીને આપી દેવામાં આવ્યા હોવાનું કહેવાય છે.

# ધોરાજીમાં દંપતીએ પાડોશીનું માથુ છૂંદી ઉકળતું પાણી રેડ્યું

ધોરાજી : ધોરાજીમાં પતિ-પત્નીએ મળીને એકે વ્યક્તિને મોતને ઘાટ ઉતારી દીધો હતો. હત્યારા પતિ-પત્ની અને મરણ જનાર ફઝલ બંને પાડોશી હતા અને વર્ષોથી બંને બાજુ-બાજુમાં રહેતા હતા, ગત રાત્રીના એક ઘટના બની જેમાં પતિ-પત્નીએ પોતાના પહેલા સગા પાડોશી એવા ફઝલને ધોકા અને લાકડીના ઘા મારીને મોતને ઘાટ ઉતારી દીધો હતો, હત્યા કર્યા બાદ પતિ-પત્ની એ મૃતકના શરીર ઉપર ગરમ પાણી પણ નાંખ્યું હતું. ફઝલ છેલ્લા થોડા વર્ષોથી દારૂના રવાડે ચડી ગયો હતો અને રોજ હદ બહાર દારૂનો નશો કરવો તે તેની આદત બની ગઈ હતી. દારૂનો નશો કર્યા બાદ ધમાલ કરવી અને ગાળો બોલાવી વગેરે તે રોજ નું હતું. ફઝલના રોજના આ માનસિક ત્રાસને લઈ પાડોશી સલીમ અને ઝીનતબેન ત્રાસી ગયા હતા. અને આ બાબતે વારંવાર સલીમે અને ઝીનતબેને ફઝલને ટોક્યો પણ હતો. આમ છતાં ફઝલ સુધર્યો ન હતો.

# રાજ્યસભાની ૧૯ બેઠકો માટે આજે ગુજરાત સહિત ૮ રાજ્યમાં મતદાન

- ચેપગ્રસ્ત ધારાસભ્યોના માટે તંત્ર દ્વારા પોસ્ટલ બેલેટ તેમજ પીપીઈ કિટથી સજ્જ થઈ મતદાન કરવાની સુવિધા પુરી પડાશે

નવી દિલ્હી : કોરોના વાયરસના પ્રકોપ વચ્ચે ૧૯મી જૂને દેશના ૮ રાજ્યોમાં કુલ ૧૯ રાજ્યસભાની બેઠકો માટે શુક્રવારે મતદાન થશે. ગુજરાત અને મધ્યપ્રદેશમાં અનેક ધારાસભ્ય કોવિડ-૧૯ની લપેટમાં આવી ગયા હતા. તેને લઈ કોરોના ચેપગ્રસ્ત ધારાસભ્યોના માટે રાજ્યસભાની ચૂંટણીમાં મતદાન માટે ચૂંટણી વિભાગે વિશેષ તૈયારી કરી છે. તંત્ર દ્વારા આવા ધારાસભ્યોના માટે પોસ્ટલ બેલેટ તેમજ પીપીઈ કિટથી સુસજ્જ થઈને મતદાન કરવાની સુવિધા પુરી પાડશે. ગુજરાતમાં સત્તાપક્ષ ભાજપના ત્રણ ધારાસભ્ય કોરોના ચેપગ્રસ્ત થયા હતા. જેમાં નરોડા બેઠકના બલરામ થાવાણી, નિકોલના જગદીશ પંચાલ તેમજ વેજલપુર બેઠકના કિશોર ચૌહાણનો કોવિડ-૧૯નો રિપોર્ટ પોઝીટીવ આવતા હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ ત્રણેય ધારાસભ્યોનો રિપોર્ટ નેગેટીવ આવતા હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ છે. ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીમાં એક એક મત માટે બંને પક્ષ વચ્ચે જોરદાર સંઘર્ષ જોવા મળી રહ્યો છે. આ સ્થિતિમાં ભાજપના ત્રણેય ધારાસભ્યના મત મહત્વના માનવામાં આવી રહ્યા છે. ચૂંટણી વિભાગે કોરોના ચેપગ્રસ્ત થયેલા ધારાસભ્યોના મતદાન માટેની સુવિધા આપી છે. તેના અંતર્ગત ત્રણેય ધારાસભ્યો પીપીઈ કિટ પહેરીને મતદાન કરવાનું રહેશે. મતદાન પૂર્વે તેમનું થર્મલ સ્ક્રીનીંગ પણ કરાશે.


"Savings For YOU, Protection for Your Loved Ones"

: Offered services :

1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance

We represent many insurance companies, we can shop around for best rates.



Shailesh Patel

CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com



First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન, ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## આપઘાતને કોઈ પણ સમસ્યાનું સમાધાન ન ગણતો સુશાંત પોતાના જ ડાયલોગને જીવનમાં ના ઉતારી શક્યો

# સુશાંતઃ બોલીવુડનો વધુ એક સિતારો ખરી પડ્યો

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ભારતીય ફિલ્મ જગત માટે પણ ૨૦૨૦નું વર્ષ ખૂબ જ ખરાબ પસાર થઈ રહ્યું છે. એક તરફ કોરોનાને કારણે ઉદ્યોગમાં ખાસ કોઈ ચહલપહલ નથી. ત્યાં બીજી બાજુ કેટલાક કલાકારો જુદી જુદી બીમારી યા કોઈક કારણોસર સ્વર્ગલોક જઈ રહ્યા છે.

થોડા દિવસો પહેલાં જ ઈરફાન ખાન અને રિશી કપૂર જેવા બોલીવુડના પ્રતિભાશાળી અભિનેતા બે દિવસના ગાળામાં જ મોતને ભેટ્યા છે. તો બીજી તરફ બાસુ ચેટરજી જેવા સુંદર અને સ્વચ્છ મનોરંજક ફિલ્મો બનાવનારા સર્જકે પણ વિદાય લીધી છે. રણજિત ચૌધરી જેવા નવી પેઢી માટે અજાણ્યા અને ઓછી ફિલ્મોમાં કામ કરનારા પણ જૂની પેઢીને યાદ રહી ગયેલા અભિનેતાનું કેન્સરના કારણે મોત થયું છે. આ ઉપરાંત ઘણાં યાદગાર ગીતોના સર્જક સંગીતકાર જોડી સાજિદ-વાજિદના વાજિદખાન પણ કોરોનામાં ગુજરી ગયા છે. આ કલાકારોના નિધનને કારણે લોકોને આઘાત લાગ્યો છે. ત્યારે રવિવારે બપોરે અભિનેતા સુશાંતસિંહ રાજપૂતની આત્મહત્યા સમાચારે આખા દેશને સ્તબ્ધ કરી દીધો હતો. રિશી કપૂર, ઈરફાન, વાજિદ વગેરે અકાળે ગુજરી ગયા તેથી લોકોમાં ગમગીની હતી, તેમનાં મોત જીવલેણ બીમારીના કારણે થયા છે. તેથી લોકોએ આઘાત છતાં તે વાતને સ્વીકારી લીધી હતી. પણ સુશાંતના મોતના સમાચાર તો કોઈ માનવા જ તૈયાર નહોતું. આ આઘાતનું કારણ એ કે, સુશાંતની ગણના હિન્દી ફિલ્મોના સફળ અભિનેતાઓમાં થતી હતી. વળી, યુવાવર્ગમાં તેની ભારે લોકપ્રિયતા હતી. ટીવી ચેનલ ઉપર અભિનય કરીને ફિલ્મોમાં પણ સફળ થયા હોય એવા કલાકારો બહુ ઓછા હોય છે. તેમાં પણ શાહરૂખ ખાનની જેમ સફળતા જેનાં કદમ ચૂમે, દોમ દોમ સાહ્યબીનને અપાર લોકપ્રિયતા મળે એવા અભિનેતા તો કોઈક જ પાકે. સુશાંત પણ ટીવી ચેનલો ઉપર કામ કરતાં કરતાં ફિલ્મોમાં આવ્યો અને મોટા બેનરની સફળ ફિલ્મો કરીને બોલીવૂડમાં પગ જમાવી દીધેલા.

તેના કારણે ઘણાંને તેની ઈર્ષા આવતી અને ઘણાં માનતાં કે, આ છોકરો શાહરૂખની કહાની દોહરાવશે. શાહરૂખની જેમ જ સુશાંત પણ ભવિષ્યમાં બોલીવૂડનો સુપસ્ટાર બનશે એવું ઘણાંને લાગતું હતુ. ટીવી ચેનલો પર સૌથી પહેલાં સુશાંતનો મતાના સમાચાર આવ્યા ત્યારે લોકોને એમ જ લાગતું હતું કે, કંઈક ભૂલ થઈ ગઈ છે અને ચેનલોવાળા બીજા કોઈનું નામ સુશાંત સાથે જોડી રહ્યા છે. જો કે, એક પછી એક બધી ન્યુઝ ચેનલોએ આ સમાચારને સમર્થન આપ્યું પછી લોકોને માન્યા વિના છૂટકો નહોતો, પણ છતાં લોકોને આ વાત પર વિશ્વાસ બેસતો જ નહોતો. કદાચ હજુય નહીં બેસતો હોય કેમ કે દેખીતી રીતે સુશાંત પાસે આપઘાત કરવા માટે કોઈ કારણ જ નહોતું. સુશાંતની ગણના સુપરસ્ટાર તરીકે નહોતી થતી, પણ એ સફળ સ્ટાર ચોક્કસ ગણાતો હતો. સુશાંતે ૨૦૧૩ની અભિષેક કપૂરની 'કાઈ પો છે' ફિલ્મથી શરૂઆત કરી હતી. એ પછી તેને મોટા બેનરની ઘણી ફિલ્મો મળી હતી. શુદ્ધ દેશી રોમાંસ જેવી બહુ નહીં ચાલેલી ફિલ્મમાં પણ તેનું કામ વખણાયેલું. રાજકુમાર હીરાનીની મજાની ફિલ્મ 'પીકે'માં પણ એ હતો અને એ ફિલ્મો તો ચાલી હતી. દિબાકર બેનરજીની 'ડીટેક્ટિવ બ્યોમકેશ બક્ષી' ચાલી નહોતી, પણ સુશાંતનું કામ લોકોને ગમેલું. ભારતીય ટીમના કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીની બાયોપિક 'એમ.એસ. ધોનીઃ ધ અનટોલ્ડ સ્ટોરી' તો ચાલી પણ હતી અને સુશાંતનું કામ પણ બહુ વખણાયેલું.

'કેદારનાથ' અને બહુ લોકો સુધી નહીં પહોંચેલી અદ્‌ભૂત ફિલ્મ 'સોનચિરિયા'માં ધૂરંધરો વચ્ચે સુશાંતે પોતાના કામની નોંધ લેવડાવી હતી. સુશાંતે તેની કારકિર્દીમાં જોરદાર સફળતા ભલે ના મેળવી પણ એ જે પ્રકારના રોલ પસંદ કરતો હતો તેના પરથી લાગતું હતું કે, છોકરો સેન્સિટિવ છે અને કેવી ફિલ્મો કરવી તેની તેનામાં સૂઝ છે. એ સુપરસ્ટાર નહીં બને તો પણ લાંબી રેસનો ઘોડો ગણાતો હતો. પોતાના કામથી લોકો તેને યાદ કરશે એવું લોકોને લાગતું હતું. સુશાંતની વય પણ માત્ર ૩૪ વર્ષની હતી, એ જોતાં તેની પાસે પૂરતો સમય પણ હતો. સુશાંત મૂળ ટીવીના પડદેથી ફિલ્મોમાં પ્રવેશ મેળવનાર કલાકાર હતો. ફિલ્મો ના ચાલે તો તેની પાસે ટીવીમાં પાછા જવાનો પણ રસ્તો હતો જ. કેમ કે, ફિલ્મોમાં આવ્યા પહેલાં એ ટીવી પર તો સફળ જ હતો. ટીવી ઉપર આવ્યા પહેલાં એ થિયેટર કરતો હતો. નાદિરા બબ્બરના ગ્રુપ એકજૂટમાં એ અભિનયના પાઠ ભણ્યો હતો. થિયેટરના કલાકારો માનસિક રીતે મજબૂત હોય છે. બધી તડકી છાંયડી એ લોકોએ જોઈ લીધેલી હોય છે અને તેમનામાં અપાર ધીરજ પણ હોય છે. કેમ કે થિયેટરમાં બહુ પૈસા નથી હોતા. તેના કારણે માનસિક રીતે પણ થિયેટરમાં કામ કરનારા લોકોનું ઘડતર થઈ જ જતું હોય છે. આ બધા સંજોગો જોતાં તેની પાસે આપઘાત કરી લેવા માટે કોઈ કારણ જ નહોતું. તેથી તેના આપઘાતના સામાચારે લોકોને સ્તબ્ધ કરી દીધા.

સુશાંતનું મોત આઘાતજનક હોવાની સાથે રહસ્યમય પણ છે. થોડાક દિવસ પહેલાં જ સુશાંતની ભૂતપૂર્વ મેનેજર દિશા સાલિયાનનું રહસ્યમય રીતે મોત થયેલું. પહેલાં એવી વાત બહાર આવેલી કે, દિશાએ પોતાના ફ્લેટની બાલ્કનીમાંથી કૂદીને આપઘાત કરી લીધો હતો. પણ પોલીસ તપાસમાં નવી જ વાત બહાર આવી. પોલીસે દિશાનું મોત આકસ્મિક રીતે થયાનો કેસ નોંધ્યો હતો. પોલીસે કરેલી પૂછપરછમાં એવી વાતો બહાર આવી છે કે, દિશા પોતાના ફ્લેટમાં કેટલાક મિત્રો સાથે ડિનર પછી પાર્ટી કરી રહી હતી. તેણે દારૂ પીધો હતો અને તેમાં એ બારીમાંથી પડી ગઈ હોવાની શક્યતા છે. દિશાના મોત અંગે તપાસ ચાલુ છે. તેથી હજુ નવું કશુંક બહાર આવી શકે, પણ દિશાના મોતને સુશાંતના આપઘાત સાથે કોઈ સંબંધ છે કે શું એવો સવાલ લોકોના મનમાં ઉઠી રહ્યો છે. સુશાંતની છેલ્લી ફિલ્મ ૨૦૧૯માં રિલીઝ થયેલી 'છિછોરે' હતી. એ પછી તેણે કરણ જોહરની 'ડ્રાઈવ'માં કામ કર્યું હતુ. પણ એ નેટફ્લિક્સ પર રિલીઝ થઈ, તેથી થીયેટરમાં રીલીઝ થનારી તેની છેલ્લી ફિલ્મ 'છિછોરે' હતી. આમીરખાનને લઈને 'દંગલ' જેવી અદ્‌ભૂત ફિલ્મ બનાવનારા નીતિશ તિવારીની એ ફિલ્મ ભલે સફળ ના થઈ, પણ આ ફિલ્મ જોવા જેવી છે. બાળકો પર ભણવાનું અને રેન્ક લાવવાનું પ્રેશર કેવા પરિણામ લાવે છે તેની કથા કહેતી આ ફિલ્મમાં સુશાંતે સુંદર અભિનય કર્યો હતો. આ ફિલ્મમાં સુશાંત એવા પિતાની ભૂમિકામાં છે કે જેનો પુત્ર આઈઆઈટીમાં એડમિશન મળે એવો રેન્ક ના આવતાં આપઘાતની કોશિશ કરે છે. દીકરાના આપઘાતના પ્રયાસથી હચમચી ગયેલા સુશાંતના પાત્ર અનિરૂદ્ધ પાઠક 'અન્ની'નો ડાયલોગ છે કે, તુમ્હારા રિઝલ્ટ ડીસાઈડ નહીં કરતા કે તુમ લૂઝર હો, તુમ્હારી કોશિશ ડીસાઈડ કરતી હૈ... સુશાંત પોતાના જ ડાયલોગને જીવનમાં ના ઉતારી શક્યો, આપઘાત કોઈ સમસ્યાને ઉકેલ નથી એ ના સમજી શક્યો.

હિન્દી ફિલ્મોમાં સુશાંત આપઘાત કરનારો પહેલો અભિનેતા નથી કે રહસ્યમય રીતે મોતને ભેટનારો પણ પહેલો અભિનેતા નથી. ભૂતકાળમાં ઘણાં એક્ટર્સે આ રીતે જીવન ટૂંકાવ્યું છે અથવા મોતને ભેટ્યાં છે. અમિતાભ બચ્ચન સાથે ચમકનારી જીયા ખાનના મોતે પણ લોકોને આ રીતે જ આંચકો આપ્યો હતો. જો કે, સુશાંતના મોતે જેવો આઘાત લોકોને કોઈના મોતથી લાગ્યો હોય તો એ દિવ્યા ભારતી હતી. સુશાંતનું મોત પણ દિવ્યાની જેમ રહસ્યમય છે. દિવ્યા ભારતી એક દિવસ રાત્રે અચાનક જ ગુજરી ગઈ, પોતાન ફ્લેટની બાલ્કનીમાંથી ગબડી પડતાં તેનું મોત થયું હોવાનું બહાર આવ્યું પણ ખરેખર શું બન્યું એ કોઈને કદી ખબર ના પડી. માત્ર ૧૯ વર્ષની વયે ગુજરી ગયેલી દિવ્યાનું મોત ૨૭ વર્ષ પછી પણ રહસ્ય જ છે. સુશાંતના કિસ્સામાં એવું ના થાય અને કમ સે કમ તેના મોતનું કારણ તો જાણવા મળે એવી આશ રાખીએ. ખેર વાત ભલે જે હોય તે પણ બોલીવુડ જગતે આ વર્ષે વધુ એક સિતારો સુશાંત રાજપૂતને ગુમાવવા પડ્યા છે.



**સુશાંતે તેની કારકિર્દીમાં જોરદાર સફળતા ભલે ના મેળવી પણ એ જે પ્રકારના રોલ પસંદ કરતો હતો તેના પરથી લાગતું હતું કે, છોકરો સેન્સિટિવ છે અને કેવી ફિલ્મો કરવી તેની તેનામાં સૂઝ છે**



# સુશાંત સિંહ રાજપૂત : બોલીવુડના યુવા કલાકારની દુનિયાને અલવિદા

## સુશાંતસિંહ છ મહિનાથી ડિપ્રેશનથી પીડાતો હતો

મુંબઈ: 'એમ એસ ધોની' અને 'છીછોરે' ફેમ સુશાંત સિંહ રાજપૂતે રવિવારે બાંદ્રા ખાતેના તેના ઘરમાં ગળે ફાંસો ખાઇને આત્મહત્યા કરી લીધી હતી. તેનું આમ અચાનક અકાળે અવસાન થવાથી બોલીવૂડ, તેના પરિવારજનો અને પ્રશંસકોને સખત આઘાત લાગ્યો છે અને શોકમાં ડૂબી ગયા છે. દરેકને એક જ સવાલ સતાવી રહ્યો છે કે માત્ર ૩૪ વર્ષની વયે સુશાંતે આ પ્રકારનું ગંભીર પગલું લેવાની શા માટે જરૂર પડી? સુશાંત છેલ્લે ગયા વર્ષે નિતેષ તિવારીની ફિલ્મ 'છીછોરે'માં જોવા મળ્યો હતો. પટનાથી આવેલા સુશાંતે ટેલિવિઝન અને પછી ફિલ્મ ઉધોગમાં નામના મેળવી હતી. તે પરિવારમાં સૌથી નાનો હતો. તેના અચાનક નિધનથી પિતા અને ચાર મોટી બહેનો આઘાતમાં સરી પડી હતી. તેની માતાનું ઘણા સમય પહેલાં નિધન થઈ ગયું હતું. સુશાંત રવિવારે બાંદ્રા ખાતે તેના નિવાસસ્થાને ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. સુશાંત છેલ્લા છ મહિનાથી ડિપ્રેશનની સારવાર હેઠળ હતો અને તે હાઇપરટેન્શન અને ડિપ્રેશનની દવાઓ લેતો હતો.

### લોકડાઉનને કારણે મુંબઇમાં જ અંતિમ સંસ્કાર કરાયું

મુંબઇ : અચાનક શાંત થઇ ગયેલા સુશાંત સિંહ રાજપૂતની અંતિમ ક્રિયા સોમવારે બપોરના ચાર વાગ્યે કરવામાં આવી હતી. સોશિયલ ડિન્સ્ટસિંગને ધ્યાનમાં રાખીને ફક્ત ૨૦ –૨૫ જણાને જ પરમિશન આપવામાં આવી હતી. સુશાંતના પિતાએ પુત્રના અંતિમ સંસ્કાર કર્યા હતા. તેના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં શ્વાસ રૂંધાવાથી મોત નિપજ્યું હતું તેમ જણાવામાં આવ્યું હતું. સુશાંતના ગળા સિવાય શરીરમાં અન્ય કોઇ જગ્યાએ જિ કે ઘા જોવા મળ્યા નહોતા. ફાંસો લીધાને કારણે ગળા પર તેના નિશાન પડી ગયા હતા. મહારાષ્ટ્ર પોલીસે સુશાંત સિંહના ડેડ બોડીની તસવીરો શેર કરવા પર પાબંધી લગાવી દીધી હતી.



### સુશાંતે 'એમ.એસ. ધોની..' ફિલ્મથી લોકપ્રિયતા મેળવી

સુશાંતે ટચૂકડા પડદે 'પવિત્ર રિસ્તા' અને રૂપેરી પડદે 'એમ એસ ધોની : ધ અનટોલ્ડ સ્ટોરી'થી લોકપ્રિયતા મેળવી હતી. તેણે તેની ફિલ્મની આઠ વરસની કારકિર્દીમાં ૧૧ ફિલ્મો કરી હતી અને ૧૨મી હજી રિલીઝ થવાની બાકી છે. જેનું પોસ્ટ પ્રોડકશન કામ ચાલી રહ્યું છે. સુશાંતે ચાર સિરિયલો અને એક મ્યુઝિક વીડિયોમાં પણ કામ કર્યું હતું.

## આ ફિલ્મોના અભિનય માટે સુશાંત હંમેશા યાદ રહેશે

સુશાંતસિંહને ગળાકાપ સ્પર્ધમાં એક કોમર્શિયલ એકટર તરીકે જે સફળતા મળી તે બેનમૂન હતી. ટીવીની ધારાવાહિક પવિત્ર રિશ્તાથી શરુઆત કરીને મકકમતાથી બોલીવુડમાં ડગ માંડનારા સુશાંતસિંહને આ પાંચ ફિલ્મોના દમદાર અભિનય માટે બોલીવુડ અને તેમના ચાહકો કાયમને માટે યાદ રાખશે આ પાંચ ફિલ્મોમાં (૧) કાઈપો છે.... (૨) ડિટેકટિવ વ્યોમકેશ બક્ષી (૩) રાબતા (૪) છિછોરે (૫) એમ એસ ધોની –ધ અન ટોલ્ડ સ્ટોરીનો સમાવેશ થાય છે. ,સુશાંતસિંહની અત્યંત ચર્ચિત અને સુપરહિટ રહેલી ફિલ્મ ભારતના બહેતરિન ઓલ રાઉન્ડર ક્રિકેટર એમ એસ ધોનીના જીવન પર આધારિત હતી. બાયોપિક ફિલ્મમાં જયારે કિરદાર હયાત હોય ત્યારે તેના હાવભાવ સાથે અભિનય કરવો એક પડકાર બની જાય છે.

## સુશાંતની આત્મહત્યા નહીં પણ મર્ડર થયું છે : કંગના

મુંબઈ: બોલિવૂડ અભિનેતા સુશાંત સિંહ રાજપૂતે રવિવારે તેમના ઘરે ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. એક્ટ્રેસ કંગના રાનાઉતે આ અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, બોલીવુડની લોકપ્રિય અભિનેત્રી કંગના રાનાઉતે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વીડિયો શેર કર્યો છે. આમાં તે કહી રહી છે કે, 'સુશાંત સિંહના રાજપૂત મૃત્યુથી આપણા બધાને ઈર્ષ્યા થઈ ગઈ છે. પરંતુ કેટલાક લોકો એવી રીતે દોડી રહ્યા છે કે જે લોકોનું મન નબળું છે અને ડિપ્રેસનમાં આવે છે અને આપઘાત કરે છે. એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષા કેવી રીતે રેન્કધારક દ્વારા નબળી પડી શકે છે. તે સ્પષ્ટ કહી રહ્યો છે કે કૃપા કરીને મારી મૂવીઝ જુઓ, મારો કોઈ ગોડફાધર નથી, મને ઈન્ડસ્ટ્રીમાંથી હાંકી કાઢવામાં આવશે. તેના ઈન્ટરવ્યુમાં, તેમણે સમજાવ્યું કે મને ઉદ્યોગ દ્વારા શા માટે અપનાવવામાં આવ્યું.

## સુશાંતની આત્મહત્યા મામલે કરણ, ભણસાલી એકતા, સલમાન સહિત ૮ સામે બિહારમાં કેસ

પટના : અભિનેતા સુશાંતસિંહ રાજપૂતનાં મૃત્યુ બાદ નિર્માતા નિર્દેશક કરણ જૌહર, સંજય લીલા ભણસાલી, એકતા કપૂર અને અભિનેતા સલમાન ખાન સહિત આઠ લોકો ઉપર બિહારના મુઝફ્ફપુર કોર્ટમાં કેસ દાખલ થયો છે. ગયા રવિવારે સુશાંતસિંહે મુંબઈ ખાતેના નિવાસસ્થાને ફંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. કેટલાક લોકો તેની પાછળ ફિલ્મ ઉધોગમાં થતા શોષણને કારણભૂત ગણાવ્યું હતું. બુધવારે વકીલ સુધીર ઓઝાએ કોર્ટમાં કરણ જૌહર, સંજય લીલ ભણસાલી, એકતા કપૂર અને સલમાન ખાન સહિત ૮ લોકો સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬, ૧૦૯, ૫૦૪ અને ૫૦૬ હેઠળ કેસ દાખલ કર્યો છે.

## અંકિતા લોખંડે સુશાંતના પરિવારજનોના દુઃખમાં સહભાગી થવા બાંદરાના ઘરે ગઇ

મુંબઈ : સુશાંત સિંહ રાજપૂતના આકસ્મિક નિધનથી મોટા ભાગના લોકોને શોક લાગ્યો છે. સુશાંતના નિધનના સમચારા સાંભળીને તેની ભૂતપૂર્વ પ્રેમિકા અંકિતા લોખંડે ભાંગી પડી હતી.મંગળવારે તે સુશાંતના બાંદરાના ફ્લેટ પર પરિવારજનોને મળવા પહોંચી હતી. અંકિતાની સાથે સુશાંતનો ખાસ મિત્ર સંદીપ સિંહ, અંકિતાની માતા અને ભાઈ પણ હતા. અંકિતા સુશાંતના ઘરે જતી હતી તે વખતનો વીડિયો સોશિયલ મીડિયા પર ફરી રહ્યો છે. જેમાં અંકિતા બહુ નર્વસ દેખાતી હતી તેણે હાથમાં ગ્લોવઝ અને મોઢાને માસ્કથી ઢાંક્યુ હતું. જોકે સુશાંતના નિધન પછી તેણે શોક વ્યક્ત કર્યો નથી.

## સુશાંતના આત્મહત્યાના સમાચાર સહન ના કરી શકી તેની ભાભી, આઘાતમાં લીધા અંતિમ શ્વાસ

મુંબઈ: બોલિવુડ અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના નિધનથી પરિવાર, તેના ચાહકો અન બોલીવુડ આઘાતમાં છે, ત્યારે સુશાંતના ઘરના વધુ એક સભ્યનું મોત થયું છે. સુશાંતના અંતિમ સંસ્કાર મુંબઈમાં થઈ રહ્યા હતા, ત્યારે બિહારમાં રહેતા તેમના ભાઈની પત્નીનું અવસાન થયું છે. સુશાંતના નિધનના સમાચાર મળવાની સાથે જ તેમના ભાભી આઘાતમાં સરી પડ્યાં હતા અને ખાવા-પીવાનું છોડી દીધું હતું. સુશાંતના આત્મહત્યાના સમાચાર મળ્યા બાદ બિહારના પૂર્ણિયામાં રહેતા તેમના ભાભી સુધા દેવીની તબિયત બગડી ગઈ હતી અને તેમણે ખાવા-પીવાનું છોડી દીધું હતું. તેમને અભિનેતાના નિધને ભારે આઘાત લાગ્યો હતો.

## ફ્રાન્સની સ્પેસ યુનિવર્સિટિએ સુશાંત સિંહ રાજપૂતના નિધન પર શોક વ્યક્ત કર્યો

મુંબઈ : સુશાં સિંહ રાજપૂતે આત્મહત્યા કરીને જીવન ટુંકાવી દીધાના સમાચાર પછી સોશિયલ મીડિયા પર શોકસંદેશાો આવવા લાગ્યા હતા. આ દરમિયાન ઈન્ટરનેશનલ સ્પેસ યૂનિવર્સિટિએ સુશાંતના અવસાન બદલ દુઃખ વ્યક્ત કરીને શોક સંદેશો મુક્યો છે. આઈએસયુએ યૂનિવર્સિટીની વેબ સાઈટ પર સુશાંતને ટાંકીને લખ્યું હતું કે, ચર્ચિત ભારતીય અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના નિધનના સમાચાર સાંભળીને અમને બહુ દુઃખ થયું છે. સુશાંત એક સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ તથા મેથેમેટિક્સ એજ્યુકેશનનો સપોર્ટર હતો. તે આઈસીયુને સોશિયલ મીડિયા પર ફોલો કરતો હતો.




# ગુજરાતમાં કોરોનાથી વધુ ૫૧૦ સંક્રમિતઃ ૩૧ મોત

## રાજ્યમાં કોરોનાનાં કુલ કેસોનો આંક ૨૫,૬૫૮ પર પહોંચ્યો છે. જ્યારે મોતનો કુલ આંક ૧૫૯૨ થયો

અમદાવાદ : રાજ્યમાં કોરોનાનાં પોઝિટિવ કેસોનો આંક ૨૫ હજારને પાર થઈ ગયો છે. ગુરૂવારે સાંજે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાનાં વધારે ૫૧૦ પોઝિટિવ કેસો નોંધાયા છે. તો ૩૧ દર્દીઓને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. આ ઉપરાંત છેલ્લા ૨૪ કલાકમાં ૩૮૯ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. રાજ્યમાં કોરોનાનાં કુલ કેસોનો આંક ૨૫,૬૫૮ પર પહોંચ્યો છે. જ્યારે મોતનો કુલ આંક ૧૫૯૨ થયો છે. અને ડિસ્ચાર્જનો કુલ આંક ૧૭૮૨૭ થયો છે.

રાજ્યમાં અમદાવાદમાં પોઝિટિવ કેસ ૩૧૭, સુરત ૮૨, વડોદરા ૪૩, ગાંધીનગર ૧૧, ભરૂચ ૯, જામનગર ૭, જુનાગઢ ૧, ભાવનગર ૪, રાજકોટ ૧, આણંદ ૬, પાટણ ૫, ખેડા ૧, બનાસકાંઠા ૩, અરવલ્લી ૫, સુરેન્દ્રનગર ૧, અમરેલી ૨, સાબરકાંઠા ૩, બોટાદ ૧, નવસારી ૩, નર્મદા ૧, મોરબી ૧ અન્ય રાજ્ય ૨ કેસ નોંધાયા હતા.



### અમદાવાદનું બોપલ કોરોનાનું નવું હોટસ્પોટ બન્યું

બોપલ વિસ્તાર અમદાવાદ નજીક કોરોનાનું નવું હોટસ્પોટ બની રહ્યું છે. દસક્રોઈ તાલુકામાં નોંધાયેલા ૧૫૩ કેસોમાંથી અંદાજે ૪૫ ટકા જેટલા કેસ બોપલમાં સામે આવ્યા છે. બોપલ-ઘુમા નગરપાલિકા આ તાલુકામાં જ આવે છે. પાછલા અઠવાડિયાથી નગરપાલિકામાં કોરોનાના ૨૭ નવા કેસો સામે આવી ચૂક્યા છે. ૧૭મી માર્ચથી ૧૦ મે સુધી અહીં માત્ર ૩૯ કેસ નોંધાયા હતા. નગરપાલિકાની હદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને અડીને આવેલી છે. બોપલ-ઘુમામાં વધી રહેલા નવા કેસનો સોર્સ શું છે તે વિશે અધિકારીઓ પણ સ્પષ્ટ નથી. નગરપાલિકામાં પાછલાઅઠવાડિયે જ ૨૫ ટકા કેસો સામે આવ્યા છે. બોપલના આરોહી ક્રેસ્ટમાં રહેતું કપલ વર્ક ફ્રોમ હોમ કરે છે અને પોતાના વિસ્તારમાંથી ક્યાંય બહાર ગયું નહોતું.

## કોરોનાના સમીક્ષા કરવા સર્વપક્ષીય મીટિંગ બોલાવવા કોંગ્રેસની માંગણી

અમદાવાદ- અમદાવાદમાં કોરોનાની સર્વગ્રાહી સમીક્ષા કરવા અને સાચી વિગતો પારદર્શક રીતે લોકોને મળી રહે તેવું આયોજન કરવા મ્યુનિ. કોંગ્રેસના નેતાએ દિલ્હીની જેમ સર્વપક્ષીય બેઠક બોલાવવાની માગણી કરી છે. ગુજરાતભરમાં કોરોનાનો વ્યાપ વધ્યો છે, અમદાવાદમાં સૌથી વધુ કેસ અને વધુ મૃત્યુ નોંધાયા છે ત્યારે દિલ્હીની માફક એગ્રેસિવ ટેસ્ટિંગ શરૂ કરવું જોઈએ તેવી પણ માંગણી ઊઠવા પામી છે. સંક્રમણની ગતિ અને રોજેરોજ થતાં મૃત્યુ ઘટે તેવું આયોજન હાથ ધરવું જોઈએ. શહેરમાં તમામ વિસ્તારોમાં દર્દીઓની સંખ્યા વધતી જાય છે. સરકાર કે મ્યુનિ. તંત્રએ કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો તબક્કો શરૂ થઈ ગયો છે કે નહીં, તે અંગે ફોડ પાડીને કશી જ સ્પષ્ટતા કરી નથી તેમ જણાવી દિનેશ શર્માએ ઉમેર્યું છે કે, ૧૫મી મેના રોજ સવારે ૧૦ વાગ્યે મ્યુનિ.ની હદના વિસ્તારમાં જ દર્દીની સંખ્યા ૬૭૮૬ની હતી જે ૧૬૩૬૦થી વધી ગઈ છે. તે સમયનો ૪૫૯ મૃત્યુનો આંકડો હાલ ૧૧૮૪એ પહોંચી ગયો છે. આમ છેલ્લા એક મહિનામાં ૯૫૭૪ કેસ અને ૭૨૫ મોત નિપજ્યા છે. હાલ રોજ ૩૧૯થી વધુ કેસ અને ૨૪થી વધુ મૃત્યુ રોજ થાય છે.

### અમદાવાદ જિલ્લામાં કોરોનાના નવા ૨૫ કેસ નોંધાયા, બે મોત

અમદાવાદ : અમદાવાદ જિલ્લામાં બુધવારે સાંજના પાંચ વાગ્યા સુધીના છેલ્લા ૨૪ કલાકમાં કોરોના પોઝિટિવના વધુ ૨૫ કેસ નોંધાયા હતા. જેમાંથી ૧૦ કેસ એકલા ધોળકામાંથી મળ્યા હતા. ધોળકામાં પોઝિટિવ કેસોની કુલ સંખ્યા ૧૯૭ સુધી પહોંચી ગઇ છે. વિરમગામ અને બાવળામાં આજે કોરોનામાં બે લોકોના મોત થયા હતા. જિલ્લામાં કોરોના પોઝિટિવના કુલ કેસની સંખ્યા ૬૫૦ થઇ છે. જેમાંથી અત્યાર સુધીમાં ૪૪ લોકોના મોત થઇ ચૂક્યા છે. અમદાવાદ સાંજે થંભી ગયું હોય તેવી સ્થિતિ સર્જાઇ હતી. શહેરના અન્ય વિસ્તારમાં પણ એક ઇંચ જેટલો વરસાદ પડયો હતો. દસક્રોઇ તાલુકામાં વહેવાલ, સિંગરવા, બોપલમાં, ધોળક તાલુકામાં પાલિકા વિસ્તાર, ગામ તેમજ સિંદરેજ, વેજલકા, રનોડા ગામમાં, માંડલ તાલુકામાં માંડલ ગામ, જેસંગપુરામાં, વિરમગામ, બાવળા,દેત્રોજ અને સાણંદમાંથી નવા પોઝિટિવ કેસ નોંધાયા હતા. બુધવારે ડીડીઓએ ધોળકાની મુલાકાત લીધી હતી.

### વડોદરા જિલ્લામાં પાદરા હોટસ્પોટ કોરોનાના વધુ પાંચ કેસ નોંધાયા

વડોદરા : પાદરામાં કોરોના વાઈરસ અનલોક-૧ દરમિયાન દિવસેને દિવસે વધુ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. નગરમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના વધુ પાંચ કેસ પોઝિટિવ નોંધાયા છે. પાંચ કેસના વધારા સાથે આજે કોરોનાનાં કેસની સંખ્યા ૪૨ થઇ છે. પાદરામા કોરોનાની સંખ્યા હાફ સેન્ચુરી(૫૦) નજીક પહોચી છે. શાક માર્કેટના વેપારી/દલાલોમાં કોરોના વધુ પ્રસર્યો છે. પાદરામાં છેલ્લા બાર દિવસમાં કોરોના વાઈરસના કેસના દર્દીઓની સંખ્યામાં સતત વધારો નોંધાયો છે. કોરોના કેસના મામલે વડોદરા જીલ્લામાં પાદરા મોખરે છે અને હોટ સ્પોટ બન્યું છે. ૧૨ દિવસમાં કોરોનાના ૪૨ પોઝિટિવ કેસો સામે ૧૫ જેટલા લોકો સ્વસ્થ થઇ પરત ફર્યા છે. આજે પાદરામાં સંતોષપૂરી પોડ, રામશેરી, રાણાવાસ અને શંકરપાર્ક સોસાયટીમાં કેસો નોંધાયા છે. કોરોનાના કેસોના પગલે આ વિસ્તારના કેટલાક મકાનોને કન્ટેનમેન્ટ તેમજ બફર ઝોન જાહેર કરાયા છે.

### ગુજરાતમાં દર કલાકે ૨૦ કેસનો વધારો : ૧૧ દિવસમાં ૩૪૭નાં મોત

ગાંધીનગર : લોકડાઉન હટ્યા બાદ કોરોના વાઈરસના કેસ અને દર્દીઓના મોતમાં ચોંકાવનારો વધારો થઇ રહ્યો છે. ૧૧મી જૂને સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં રેકોર્ડ બ્રેક ૫૧૩ કેસ નોંધાયા હતા. રાજ્ય સરકારે લોકડાઉન ખોલીને અનલોક જાહેર કરતા તમામ લોકો ઘરોમાંથી બહાર આવી રહ્યા છે. આ અનલોક ગુજરાત માટે કાળ બનીને આવ્યું છે. રાજ્યમાં અનલોક-૧ના પ્રથમ ૧૧ દિવસમાં ૫૨૭૩ પોઝિટિવ કેસ અને ૩૪૭ મોત થયા છે. રાજ્યમાં જૂન મહિનામાં ૧૧ દિવસમાં ૫૨૭૩ કેસ નોંધાયા અને ૩૪૭ મૃત્યુના આંકડાઓને ધ્યાનમાં રાખીએ તો દર કલાકે રાજ્યમાં ૨૦ જેટલા કેસ અને ૧.૩ એટલે કે સરેરાશ એક મોત તો નીપજ્યું છે. જોકે, વેપાર ધંધાને પાટે ચડાવવા માટે સરકારે જે ગાઇડલાઇન બનાવી તેમાં તકેદારીની તમામ બાબતો આવરી લેવાઈ છે છતાં લોકો કોરોનાના સાણસામાં આવી રહ્યા હોય તેવું માલૂમ થઈ રહ્યું છે.

### મહેસાણામાં ૨૪ કલાકમાં વૃધ્ધ દંપતિ સહિત ૪ પોઝિટીવ કેસ

મહેસાણા જિલ્લામાં વૃધ્ધ દંપતિ સહિત ૪ના રીપોર્ટ કોરોના પોઝિટીવ આવ્યા છે. કુલ ૧૮૯ પોઝિટીવ દર્દીઓમાંથી ૧૨૫ વ્યક્તિ સારવાર બાદ સાજા થતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે હજુ બાવન દર્દીઓ જુદી જુદી હોસ્પિટલમાં સારવાર લઇ રહ્યા છે. બુધવારે આવેલા ૭૬ સેમ્પલના રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. કડી પંથક કોરોના પોઝિટીવ દર્દીઓ માટે હોસ્પોર્ટ બની ચુક્યો છે. પાછલા ૨૪ કલાકના સમયગાળામાં વધુ બે કેસ કડીમાં ઉમેરાયા છે. જેમાં ગોવિંદપુરામાં રહેતા નવીનભાઈ પટેલ અને કલોલ દરવાજા વિસ્તારના કાદરભાઇ લોચાવાળાનો સમાવેશ થાય છે. આ બંને દર્દીઓ હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. મહેસાણાની વિનયનગર સોસાયટીમાં રહેતા હસમુખભાઇ શાહ અને સુરેખાબેન શાહને કોરોનાના લક્ષણો જણાતા તેઓના અમદાવાદની ખાનગી લેબમાં સેમ્પલ લેવામાં આવ્યા હતા.

## સુરતમાં કોરોના કેસનો આંકડો ૩૧૦૦ને પારઃ વધુ ૫ મોત, નવા ૮૨ દાખલ કરાયા

સુરત- સુરત શહેર અને જિલ્લામાં કોરોના સંક્રમણની જારી રહેલી રફતારમાં કુલ કેસનો આકડો ૩૧૦૦ પાર પહોંચી ગયો છે. સિટીમાં આજે ઉધના, રૂસ્તમપુરાના વૃધ્ધ અને અમરોલીના પ્રૌઢનું મોત થતા મૃત્યુઆંક ૧૨૩ થયો છે. જ્યારે આજે સિટીમાં ૮૨ અને ગ્રામ્યમાં ૧૪ મળીને કુલ ૯૬ નવા કેસ આવ્યા છે. બીજી તરફ ૫૮ દર્દીને રજા આપી દેવાઇ હતી.

નવી સિવિલથી મળેલી વિગત ઉધના ખાતે રહેતા ૭૯ વર્ષીય વૃધ્ધાને ગત તા.૧૦મીએ તથા અમરોલીના ૫૪ વર્ષીય આધેડને ગત તા.૨જીએ અને રૂસ્તમપુરાની ૭૦ વર્ષીય વૃધ્ધા ગત તા. ૨૯ મીએ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.ત્યાં વારા ફરતી બંનેના મોત નીપજયા હતા. ઉધનાના વૃધ્ધાને બ્લડ પ્રેશર અને ડાયાબિટીસની બિમારી હતી જ્યારેઅમરોલીના આધેડને ડાયાબિટીસ ની બિમારી હતી. અને રૂસ્તમપુરાની વૃધ્ધાને બ્લડ પ્રેશર તેમજ ડાયાબીટીઝની બિમારી હતી. સુરતમાં રીકવરી રેટ ૬૮.૮ ટકા છે. જ્યારે પોઝિટિવીટી રેશિયો ૧૦.૪ છે.

સિવિલમા વધુ ૩ ડોકટર ,૧ નર્સ અને ૨૨ રત્નકલાકારો કોરોનાની ઝપેટમાં આવ્યા છે આ ઉપરાંત નવી સિવિલ હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહેલા ૨૩૪ દર્દીઓની હાલત અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

### પાટણમાં કોરોનાથી વૃધ્ધાનું મોત વધુ ચાર પોઝિટિવ કેસ

ખાસ કરીને છેલ્લા કેટલાક દિવસથી પાટણ શહેરમાં જ કોરોનાનું સંક્રમણ ખુબ ઝડપી વધી રહ્યું છે. જેને લઈ શહેરમાં પોઝિટિવ આંક ૫૩ પર પહોંચી ગયો છે. બુધવારે પાટણ શહેરમાં ૩ કેસ જ્યારે ચડાસણા ગામમાં એક કેસ પોઝિટિવ કેસ નોંધાતા જિલ્લામાં કુલ ૧૨૫ કેસ પોઝિટિવ નોંધાયા છે. જેમાં પોઝિટિવ આવેલ ૬૫ વર્ષીય વૃધ્ધાનું સારવાર દરમિયાન મોત નિપજતા પાટણ શહેરમાં ૮ મોત જ્યારે જિલ્લામાં કુલ ૧૨ લોકોને કોરોના ભરખી ગયો છે. જેને લઈ શહેરીજનોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ઉત્તર ગુજરાતમાં કોરોનાનું સૌથી વધુ સંક્રમણ પાટણ શહેરમાં જોવા મળી રહ્યું છે. શહેરમાં દિનપ્રતિદિન સતત કેસોમાં વધારો થઈ રહ્યો છે. જેમાં પ્રતિદિન શહેરમાં કોરોનાના ત્રણ ત્રણ કેસો નોંધાઈ રહ્યા છે. બુધવારે તો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા પણ સંબોધન કરવામાં આવ્યું હતું કે હવે દેશમાં લોકડાઉન કરવામાં આવશે નહિ.

### અમદાવાદની કેન્સર હોસ્પિટલમાં દર્દીઓ પર મ્યુઝિક થેરપી પ્રયોગ

અમદાવાદ: શહેરની સિવિલ હોસ્પિટલ સંકુલમાં આવેલી કૅન્સર હોસ્પિટલમાં કોરોના વોર્ડમાં કોરોનાગ્રસ્તને સારવારની સાથે-સાથે મનોસ્થિતિ પણ સ્વસ્થ રહે તે માટે હોસ્પિટલના રેસિડેન્ટ તબીબોની ટીમ દર્દીઓને મ્યુઝિકલ થેરપી આપી રહી છે. આ મ્યુઝિકલ થેરાપીમાં તેઓ દર્દીઓને અંતાક્ષરી રમાડે છે, ગીત ગવડાવે છે, વોર્ડમાં લાગેલા ટીવી ઉપર વિવિધ સંગીતના ભજનના વીડિયો બતાવવામાં આવે છે જેથી વોર્ડનું વાતાવરણ મધુર સંગીતમય બની રહે છે. કૅન્સર હોસ્પિટલના નિયામક ડૉક્ટર પંડ્યા કહે છે કે, કોરોના ની સારવાર લેતા દર્દીઓ સ્વાભાવિકપણે એક પ્રકારની નિરાશા અનુભવતા હશે તેમનું તન સાથે તેમનું મન પણ સ્વસ્થ રહે તે માટે અમારા ડૉક્ટરોની ટીમ દ્વારા મ્યુઝિક થેરપીનો અમલ કરાયો છે.

### આણંદના વાસણા ગામના ગુજરાતી યુવકનું અમેરિકામાં કોરોનાથી મોત

આણંદ : આણંદના વાસણા ગામના યુવક હેમેન્દ્રભાઈ પટેલનું અમેરિકામાં કોરોનાથી મોત થયું છે. આ કેસમાં જાણવા મળી રહ્યું છે કે આણંદના વાસણા ગામના યુવક વર્ષોથી અમેરિકા સ્થાયી થયો હતો. જે અચાનક કોરોના વાયરસના સંક્રમણમાં આવ્યો હતો, અને સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું છે. અમેરિકામાં યુવકના મોતના સમાચાર મળતા જ આણંદમાં રહેતા પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. અગાઉ આણંદના અને છેલ્લા પાંચેક વર્ષથી પરિવાર સાથે અમેરિકામાં સ્થાયી થયેલા યુવકનું કોરોનાના કારણે પેન્સિલવીનીયામાં મૃત્યુ થયું હતું. યુવકને શ્વાસ લેવામાં મુશ્કેલી પડતા સારવાર અર્થે હોસ્પિટલ દાખલ કરાયા હતા. પરંતુ તેમનું મૃત્યુ થતા યુવકના મૃત્યુથી આણંદમાં રહેતા તેમના પરિવારમાં શોક માહોલ જોવા મળ્યો છે.

### કલોલમાં મૃતાંક વધ્યો : ગાંધીનગરમાં ગામોમાં પણ ચેપગ્રસ્ત બન્યા

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાના ચેપ દિવસે અને દિવસે પ્રસરી રહ્યો છે. ગાંધીનગરમાં બુધવારે વધુ બે પોઝિટિવ દર્દી ઉમેરાયાં છે જ્યારે જિલ્લાના ચારેય તાલુકામાં ૨૧ જેટલા પોઝિટિવ દર્દીઓ વધ્યાં છે. કલોલમાં આજે વધુ એક મોત પણ નિપજ્યું છે. ૬૫ વર્ષના વૃદ્ધનું મોત થયું હોવાનું સામે આવી રહ્યું છે. કુડાસણ, વાવોલ, પેથાપુર, રૂપાલ, કોલવડા એમ ગાંધીનગર તાલુકામાં આજે પોઝિટિવ દર્દીઓની સંખ્યા ચિંતાજનક રીતે વધી છે. જ્યારે કલોલમાં વધુ છ કેસ ઉમેરાયાં છે. માણસામાં બે અને દહેગામમાં એક કેસ પ્રકાશમાં આવી રહ્યો છે. અનલોકમાં ઓફિસો અને બજારો ખુલ્લી ગઇ છે તે વચ્ચે કોરોનાને જાણે મોકળુ મેદાન મળ્યું હોય તેમ રાજ્યમાં દરરોજ ૫૦૦થી વધારે દર્દીઓ પોઝિટિવ આવી રહ્યાં છે.

# વિસનગર નાગરિક બેંક સાથે ઠગાઈ, કેનેરા બેંકના કર્મીએ ૨૧.૧૪ કરોડનું ફલેકું ફેરવ્યું

અમદાવાદ : વિસનગર નાગરિક સહકારી બેંક સાથે સૌથી મોટી છેતરપિંડી થઈ હોવાનો કિસ્સો સામે આવ્યો છે. વિસનગર નાગરિક સહકારી બેંકમાં કેનેરા બેંકના કર્મચારીએ માસ્ટરબેજોનો ઉપયોગ કરીને રૂપિયા ૨૧.૧૪ કરોડની છેતરપિંડી કરી હોવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં કેનેરા બેંકના અધિકારી સહિત ૪ની પોલીસે ધરપકડ કરી લીધી છે, અને તેમની પુછપરછ ચાલી રહી છે. એલિસબ્રિજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બુધવારે વિસનગર નાગરિક સહકારી બેંક સાથે સૌથી મોટી છેતરપિંડી થઈ હોવાનો કિસ્સો સામે આવ્યો છે. વિસનગર નાગરિક સહકારી બેંકમાં કેનેરા બેંકના કર્મચારીએ રૂપિયા ૨૧.૧૪ કરોડની છેતરપિંડી કરીને ફલેકું ફેરવ્યું છે. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે કેનેરા બેંકના કર્મચારીએ તેના મળતીયા સાથે મળીને વિસનગર નાગરિક સહકારી બેંક સાથે છેતરપિંડી કરી છે. ફડચામા ગયેલી વિસનગર નાગરીક સહકારી બેંક સાથે વધુ એક છેતરપિંડી થતા થાપણદારો અને ગ્રાહકો ચિંતામાં મૂકાયા છે.

બેંકમાં થયેલી છેતરપિંડીમાં એવી માહિતી મળી રહી છે કે કેનેરા બેંકના કર્મચારીએ બેંકની પાકતી રકમના રૂપિયા ૩૫.૨૯ કરોડ કેનેરા બેંકમા એક વર્ષ માટે એફડી કરવામાં આવી હતી. ત્યારબાદ વિસનગર બેંકનુ બનાવટી એકાઉન્ટ ખોલી રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. એફની રકમ મોટી હોવાથી ટ્રસ્ટ અને અલગ અલગ ખાતામા રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આમ કેનેરા બેંકના કર્મચારી અને મળતીયાઓએ મળી વિસનગર નાગરિક સહકારી બેંકને ૨૧.૧૪ કરોડનો ચુનો લગાડ્યો હતો.

આ ઘટનામાં કેનેરા બેંકના અધિકારી સંદીપ શાહ સહિત ૪ની પોલીસે ધરપકડ કરી છે.

# 'દગાખોર જીતુ ચૌધરીને ગધેડા પર બેસાડવો જોઈએ' : કિશનભાઈ પટેલ

વલસાડ : કોંગ્રેસમાંથી રાજીનામા આપનાર પૂર્વ ધારાસભ્યોને લઈને પણ અવાર નવાર પક્ષના નેતાઓ ખુલાસાઓ કરી રહ્યા છે. ત્યારે ફરી એકવાર કોંગ્રેસના પૂર્વ સ્ન્છ જીતુ ચૌધરીના રાજીનામાનો મુદ્દો ઉઠ્યો છે.

વલસાડના પૂર્વ સાંસદ કિશન પટેલે જણાવ્યું છે કે વલસાડના કોંગ્રેસના નેતાઓ માફી માગે. એટલું જ નહીં, જીતુ ચૌધરીને ચૂંટણીમાં મદદ કરનાર લોકો પણ માફી માગે. કિશન પટેલે ગૌરવ પંડ્યાથી લઈ તમામ મોટા નેતાઓ પાસે માફીની માગ કરી છે. કિશન પટેલે વિરોધ દર્શાવી વિવાદ ઉભો કર્યો છે. જેનાથી રાજકીય ગરમાવો આવી ગયો છે.

રાજ્યસભાની ચૂંટણી અગાઉ જ કપરાડાના કોંગી ધારાસભ્ય જીતુ ચૌધરીએ રાજીનામું આપી દઈને કોંગી નેતાઓ-કાર્યકરોને આઘાત આપ્યો છે તેની અસર પણ હજી તીવ્ર હોવાનું જણાય રહ્યું છે. વલસાડના માજી સાંસદ અને પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશન પટેલે આજે પ્રજા અને પાર્ટી સાથે દ્રોહ કરનાર જીતુ ચૌધરીને લોકોએ તથા કાર્યકરોએ ગધેડા પર બેસાડીને ઘરે મૂકી આવવા જોઈએ, ચંપલનો હાર પહેરાવીને, ચંપલથી માર મારવા જોઈએ તેવી ઉગ્ર ટિપ્પણી કરીને વિવાદનો મધપૂડો છંછેડયો છે.

# ડભોઈમાં ભાજપના પૂર્વ MLA પાસે રૂપિયા ૧૩ લાખ વસૂલાશે

વડોદરાઃ ડભોઈ ખાદી ભંડારના વહીવટકર્તા દ્વારા વર્ષ-૨૦૧૭માં લાલબજારની ગ્રાઉન્ડ ફલોર તેમજ ઉપર એક માળની કુલ ૬૦૦ ફૂટની દુકાન રિના હિતેષકુમાર સોની અને દિપક ભાવેશકુમાર સોનીને વેચાણ કરવામાં આવી હતી. તેની સામે ખાદી ભંડારના સંચાલકોએ ડભોઈ ભાગોળની બહાર આવેલી માંડ ૨૮૦ ફૂટની જમીન આ સોની પરિવાર પાસેથી સાટામાં લીધી હતી. તા.૧-૪-૨૦૧૭ થી ૩૧-૩-૨૦૧૮ના સમયગાળા દરમિયાન થયેલા ઓડિટ રિપોર્ટમાં ખાદી ભંડારના આ સોદાના કારણે જંત્રી મુજબ રૂા.૧૩.૮૨ લાખનું આર્થિક નુકસાન ખાદી ભંડારને થયું હોવાનું બહાર આવતાં અધિક નિયામક કુટિર અને ગ્રામ ઉદ્યોગ કમિશનર,ગાંધીનગરે ખાદી ભંડારના પ્રમુખ અને ભાજપના પૂર્વ ધારાસભ્ય સી એમ પટેલ તેમજ લાલબજારની જમીન ખરીદનાર રિનાબેન સોની અને દિપકભાઈ સોનીને નોટિસ આપી ૧૫ દિવસમાં રકમ ભરપાઈ કરવા આદેશ આપ્યો છે.

# મણિનગરમાં બર્થ ડે વિશ નહીં કરનારી પત્ની-સાસુ ઉપર ત્રણ રાઉન્ડ ફયરિંગ

અમદાવાદ : બુધવારે સવારે ૭:૩૦ વાગ્યે પોલીસને કંટ્રોલ રૂમમાં એક પરિણીતાનો મેસેજ મળ્યો કે એવન્યુ ફ્લેટ રામબાગમાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ થયું છે. જેને આધારે મણીનગર પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી મહેતા એવન્યું ખાતે મકાન નંબર ત્રણમાં રહેતા વર્ષાબેન આશિષ ભાઈ દેસાઈ એ જણાવ્યું હતું કે, મારા પતિ આશિષ નરેન્દ્ર દેસાઈ સાથે સાતેક વર્ષ પહેલા પ્રેમલગ્ન કર્યા હતા લગ્ન બાદ સંતાનમાં એક દીકરી અને દીકરો છે. મારા પતિ નશો કરવાની ટેવવાળા છે. જેથી હું મારા માતા-પિતાના ઘરે મહેતા એવન્યું સ્વામીનારાયણ કોલોની ખાતે રહેતી હતી. બુધવારે સવારે આશિષ દેસાઈ(રહે. સૂષ્ટી એપાર્ટમેન્ટ, મણિનગર) ઘરે આવ્યા હતા અને સાસુ રાજરાણી સાથે ઝગડો કરવા લાગ્યા હતા. ઉશ્કેરાયેલા આશિત દેસાઈએ ગુસ્સામાં આવી પત્ની વર્ષાબેન તથા સાસુ રાજરાણી પર રિવોલ્વર તાકી દીધી હતી આ સમયે આશિષ અને વર્ષા વચ્ચે ઝપાઝપી થઈ હતી દરમિયાન આશિષે ત્રણ રાઉન્ડ ફયરિંગ કર્યા હતા જેમાં વર્ષાબેન બચી ગયા હતા જ્યારે સાસુ રાજરાણીને જમણા હાથના બાવડા પર ગોળી વાગી હતી. ગોળી મારી આશિષ ત્યાંથી ભાગી ગયો હતો.

# ખુંધ ગામે કપડા સૂકવવાની દોરીમાં કરંટથી ત્રણનાં મોત

ચીખલી : ચીખલી નજીકના ખૂંધમાં ઉમેશ અમ્રતભાઈ પટેલ (રહે. ખૂંધ – સાંઈનગર તા.ચીખલી) તેમની દાદીને ખાડા વિસ્તારમાં આવેલ ખેતરમાં મુકવા ગયા હતા. બાદમાં બપોરે ૧૨:૩૦ વાગ્યાના અરસામાં ટીફીન લઈને ગયા હતા. તે સમયે તેમના ભાભી કલ્પનાબેન શૈલેષભાઈ પટેલ (ઉ.વ. ૪૦) તેમના દાદી લલીબેન રવજીભાઈ પટેલ (ઉ.વ. ૮૦) તથા મોટા પપ્પા બચુભાઈ ઉર્ફે સુમનભાઈ રવજીભાઈ પટેલ (ઉ.વ. ૬૦) એમ ત્રણેય નીચે પડેલા હતા. અને આંબાના ઝાડ ઉપર શોર્ટ સર્કિટ થયેલાનું કાળું નિશાન જોવા મળ્યું હતું. ખેતરમાં આંબાના એક ઝાડ ઉપરથી બીજા ઝાડ વચ્ચે લોખંડનો તાર કપડા સુકવવા માટે બાંધેલો હતો. અને આ તાર ઉપર કપડા સુકવતી વખતે કલ્પનાબેનને કરંટ લાગતા તેમને બચાવવા જતાં લલીબેન અને બચુભાઈને પણ વીજકરંટ લાગતા આ ત્રણેયના મોત નીપજયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.







# દેવભૂમિ દ્વારકાના ભાજપના માજી ધારાસભ્ય પબુભા માણેકની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

અમદાવાદ : દેવભૂમિ દ્વારકાના ભાજપના સસ્પેન્ડેડ ધારાસભ્ય પબુભા માણેકની ચૂંટણી રદ કરતા હાઇકોર્ટના ચુકાદા પર સ્ટે ફરમાવવાની પબુભાની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી છે. જેથી હવે પબુભા રાજ્યસભાની ચૂંટણીમાં મતદાન નહીં કરી શકે.

પબુભાની રજૂઆત હતી કે તેઓ સુપ્રીમ કોર્ટ સ્ટે નહીં આપે તો તેઓ રાજ્યસભાની આગામી ચૂંટણીમાં મતદાન નહીં કરી શકે. જેના કારણે ભરપાઇ ન થઇ શકે તેવું નુકસાન થશે. જો કે સુપ્રીમ કોર્ટે તેમને કોઇ રાહત ન આપવાનું વલણ દાખવ્યું છે.

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એસ.એ. બોબડે, જસ્ટિસ એમ.આર. શાહ અને જસ્ટિસ એ.એસ. બોપન્નાની ખંડપીઠ સમક્ષ મંગળવારે પબુભાની અરજીની સુનાવણી હાથ ધરાઇ હતી. જેમાં તેમના તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે ચાલુ મહિને ગુજરાતમાં રાજ્યસભાની બેઠકો માટે મતદાન થવાનું છે.

હાઇકોર્ટના ચુકાદ પર સુપ્રીમ કોર્ટ સ્ટે નહીં આપે તો તેઓ મતદાન નહીં કરી શકે અને તેના કારણે તેમને અને પક્ષને ક્યારેય ભરપાઇ ન થઇ શકે તેવું નુકસાન થશે. આ ઉપરાંત તેમણે માગણી કરી હતી કે જ્યાં સુધી સુપ્રીમમાં અપીલ પેન્ડિંગ છે તે સમય દરમિયાન આ સ્ટે યથાવત્ રહેવો જોઇએ.૧૨-૪-૨૦૧૯ના રોજ ગુજરાત હાઇકોર્ટે પબુભાની ચૂંટણી ગેરકાયદે ઠેરવી હતી, આ ચુકાદા સામે પબુભાએ સુપ્રીમમાં અપીલ કરી હતી. જો કે સુપ્રીમે તે સમયે પણ સુપ્રીમે સ્ટે ફરમાવવાની માગણી ફગાવી હતી, પરંતુ દ્વારકાની બેઠક ખાલી જાહેર ન કરવા આદેશ આપ્યો હતો. જેથી વિધાનસભા સ્પીકરે થોડા સમય બાદ પબુભાને ધારાસભ્ય પદેથી સસ્પેન્ડ કર્યા હતા. ડિસેમ્બર-૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં પબુભા સામે પરાજીત થનારા કોંગ્રેસના ઉમેદવાર મેરામણ ગોરિયાએ હાઇકોર્ટમાં ઇલેક્શન પિટિશન કરી હતી.

# BJPના પૂર્વમંત્રી જશા બારડ સામે કરોડોની ખનિજ ચોરીનો આક્ષેપ

વેરાવળઃ ભેટાળી ગામે ગૌચરની જમીનમાંથી કરોડો રૂપિયાની લાઇમ સ્ટોન ખનન મામલે ભાજપ સરકારના પૂર્વ મંત્રી સહિતના સામે ૨૨ દિવસ પહેલા પોલીસમાં અરજી કરી હતી, જોકે આશ્ચર્યજનક રીતે તે અરજદાર સામે સુત્રાપાડા માર્કેટિંગ યાર્ડના ચેરમેને પોલીસમાં ફરિયાદ કરતા આરોપ મુક્યો છે કે, અરજદારે ખોટી અરજી કરીને અરજી પરત ખેંચવાના વુંદલામાં ૩૦ કરોડની માંગણી કરી હતી.

ગત તા.૨૦ મે ના રોજ ભેટાળી ગામના મુળુભાઈ બાલુભાઈ મોરીએ પ્રભાસપાટણ પોલીસ મથકમાં પૂર્વ મંત્રી જશા ભાણા બારડ, પ્રવીણકુમાર પ્રેમજી રાણીંગા, મંજરીબેન પ્રેમજીભાઈ રાણીંગા, જશા બારડના પુત્ર દિલીપ જશાભાઈ બારડ અને જેસીબીના બે ડ્રાઈવર સહિતના સામે લેખિતમાં અરજી કરી હતી.

જેમાં જણાવ્યું હતું કે, ૧૯૯૬માં ભેટાળી ગામની ગૌચરની જમીનમાં કરોડો રૂપિયાનો લાઈમ સ્ટોન વેચી મારી લાઈમ સ્ટોનના આધારે સિમેન્ટ વુંનાવવાની ફેક્ટરી પ્લાન્ટ શરુ કરી ગામના તમામ લોકોને કંપનીમાં નોકરીની વાત કરી હતી, બાદમાં જમીન પચાવી પાડવા રાજકીય વગનો ઉપયોગ કર્યો હતો. જે અંગે તપાસની માંગ કરી હતી.

## ૫૦ વર્ષમાં કચ્છ-ભૂજમાં અનુભવાયા ૫૩ ધરતીકંપ

ભૂજઃ રવિવાર ૧૪મી જૂને સાઉન વાગડ ફોલ્ટ ઝોનના ભચાઉ તાલુકાના વામકા વિસ્તારમાં આવેલા ૫.૩ના ભારે આંચકાના કારણે કચ્છમાં ૨૦૦૧ના વિનાશક ભૂકંપને યાદ કરીને વધુ એક વખત ઉચાટ ફેલાયો છે. આ દરમિયાન માધાપરના આગેવાન શશિકાન્ત ઠક્કરે કચ્છના ભૂકંપની તવારિખ સાથે ૧૯૯૬માં માહિતીનું સંકલન કર્યું હતું અને તે સમયે તેમણે ૨૦૦૧થી ૨૦૨૦ સુધીના ગાળામાં આંચકાઓથી સાવચેત રહેવાની પણ ચેતવણી આપી હતી. ૧૯મી સદીમાં માત્ર ૧૭ અને ૨૦મી સદીમાં પ્રથમ ૫૦ વર્ષમાં ૫૩ ધરતીકંપ થયા છે. શશિકાન્ત ઠક્કરે જણાવ્યું હતું કે, ૧૮૧૯થી ૧૯૫૬ સુધી ૭૨ ધરતીકંપ આવ્યા હતા અને તેમાંથી બે મહાભયાનક હતા. આ બે ભૂકંપ ૧૬ જૂન, ૧૮૧૯ અને ૨૧મી જુલાઈ, ૧૯૫૬માં અલ્લાહબંધ અને અંજારમાં આવ્યા હતા. ૭૨ પૈકીના ૧૧ ભૂકંપ નોંધપાત્ર માનવામાં આવે છે.

# ધારાસભ્ય પૂંજા વંશની સાત કલાક પૂછપરછ, ચાર સમન્સ મોકલાયાં

### •રાજ્યસભાની ચૂંટણી માટે હોર્સટ્રેડિંગ કરાઇ રહ્યાની રાવ

અમદાવાદ- ગુજરાતમાં કોરોનાના સંકટ વચ્ચે રાજ્યસભાની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ગુજરાત કોંગ્રેસે આરોપ મૂક્યો છેકે, ભાજપ સરકાર કોંગ્રેસના ધારાસભ્યોને નાણાં-હોદ્દાની લાલચ આપીને ખરીદી રહી છે.

ધારાસભ્ય પૂંજા વંશને પોલીસ ફરિયાદમાં નામ ન હોવા છતાંય સ્થાનિક પોલીસે ચાર-ચાર વાર સમન્સ મોકલાવ્યા હતાં. પોલીસે સાત સાત કલાક પોલીસ સ્ટેશનમાં પૂછપરછ હાથ ધરી હતી.

કોંગ્રેસનો આક્ષેપ છેકે,રાજ્યસભાની ચૂંટણી વખતે પોલીસ પણ રાજકીય હાથો બની છે. રાજ્યસભાની ચૂંટણી વખતે હોર્સટ્રેડિંગ ઉપરાંત વર્તમાન રાજકીય પરિસ્થિતીને લઈને કોંગ્રેસના કેન્દ્રીય નેતાઓએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી કેન્દ્રીય ચૂંટણી પંચને ફરિયાદ કરી હતી. ગુજરાતમાં રાજ્યસભાની ચાર બેઠકો માટે આગામી ૧૯મી જૂને ચૂંટણી યોજાનાર છે ત્યારે ભાજપ-કોંગ્રેસ બંને ચૂંટણી જીતવાની રણનિતી ઘડવામાં મશગૂલ બન્યાં છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ એવો આક્ષેપ કર્યો હતોકે, રાજ્યસભાની ચૂંટણી જીતવા ભાજપ સરકાર પોલીસનો આશરો લઇ રહી છે.

## સૌરાષ્ટ્રમાં વીજળી પડતાં પાંચ વ્યક્તિના મોત

અમદાવાદઃ સૌરાષ્ટ્રમાં સોમવારે સાંજે ઊના અને અમરેલીમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. ઊના અને અમરેલીના લાઠીમાં વીજળી પડતાં પાંચનાં મોત થયાં હતાં જ્યારે એક વ્યક્તિ લાપતા થઈ હતી. ઊના પંથકમાં સોમવારે ભારે પવન અને વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો હતો. પરંતુ વીજળી પણ ઘાતક બની હોય તેમ પોતાનું રૌદ્ર સ્વરૂપ દેખાડ્યું હતું. ઊનાના સેંજલિયા ગામે વીજળી પડતાં ૨ માછીમારોનાં મોત થયા હતા. જ્યારે ૧ માછીમાર લાપતા છે. સેંજલિયા ગામના દરિયાકાંઠે માછીમારી કરતા હતા ત્યારે વીજળી પડતાં ૪૫ વર્ષીય જાદવભાઈ ચનાભાઈ રાઠોડ અને ૩૦ વર્ષીય જીણાભાઈ વાઘાભાઈ પરમારનું મોત નિપજ્યું હતું. જ્યારે હજુ એક માછીમાર લાપતા છે.

# ઇસ્લામ ધર્મમાં કાયદેસરની અને સાચી આજીવિકા (હલાલ રોઝી-રીઝક)નો મહિમા તથા મહત્વતા



મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

**ઈસ્લામની આરસી**
**કાસિમ અબ્બાસ**

ભાગ- ૩

આ વિષે એ લખવાનું અસ્થાને નહિં લેખાય કે વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૩માં કેનેડાની એક બહુ જ મોટી ઈસ્લામી સંસ્થા અને મસ્જિદના ડાયરેક્ટરે આ સંસ્થાના નાણા ભંડોળમાં મોટા પાયે લાખો ડોલરનો ગોટાળો કરેલ અને નાણા ભંડોળનો ગેર ઉપયોગ કરેલ, અને આ વિષેના સમાચાર ટોરંટો કેનેડાના પ્રખ્યાત અને નામાંકિત દૈનિક વર્તમાન પત્ર "ટોરંટો સ્ટાર"માં જાન્યુઆરી ૨૦૧૧ના એક અંકમાં ડાયરેક્ટરના ફોટા અને મોટા મથાળા સહિત પહેલા પૃષ્ઠ પર પ્રગટ કરેલ અને ગોટાળા, ગેરઉપયોગ તથા ઉચાપતની કડીબંધ વિગતોનું વર્ણન કરેલ. આ ગોટાળાના સમાચારના આધાર તરીકે આ વર્તમાન પત્રે ચાર્ટર્ડ અને પબ્લીક એકાઉન્ટન્ટના ૨૭ પૃષ્ઠના ઓડિટ રીપોર્ટનો હવાલો આપેલ હતો. તે ઉપરાંત આજ વર્તમાન પત્રે જુલાઈ ૨૦૧૩માં પણ આજ મોટી ઈસ્લામી સંસ્થા અને મસ્જિદ વિષે નાણા ભંડોળના ગેરઉપયોગ વિષે નવા સમાચાર આપેલ હતા, અને ગેરરીતિનો ઉલ્લેખ કરેલ હતો.

તે ઉપરાંત ટોરંટો શહેરની બીજી મસ્જિદોમાં નમાઝીઓ પાસેથી મસ્જિદ માટે ઉઘરાવવામાં આવતા ફાળામાં કહેવાતા ગોટાળા અને ગેરઉપયોગ વિષે પણ ટોરંટોના ઉર્દુ વર્તમાન પત્રોમાં જુલાઈ ૨૦૧૫ અને ઓગષ્ટ ૨૦૧૫માં વિગતવાર અહેવાલ પ્રગટ થયેલ છે, અને એક મસ્જિદની બહાર નમાઝીઓ આ ગોટાળા વિરુદ્ધ દેખાવો પણ કરેલ અને તેના ફોટા પણ પ્રગટ કરેલ. આ સમાચારોમાં બે મસ્જિદોના નામ તથા તેમના ધર્મ ગુરૂઓ (ઈમામ)ના નામ પણ આપવામાં આવેલ, જેમના સામે કહેવાતા ગોટાળાનો આક્ષેપ કરવામાં આવેલ.

ઉપરના સમાચારોથી એ વાતને પીઠબળ મળી રહ્યું છે કે મસ્જિદોના ધર્મગુરૂઓ તથા તેના વ્યવસ્થાપકો પણ મસ્જિદ માટે નમાઝીઓ પાસેથી ઉઘરાવવામાં આવતા ફાળાનો ગેર ઉપયોગ કરે છે તે શક્યતાને રદ ન કરી શકાય.

ધર્મગુરૂઓ તથા મસ્જિદના વ્યવસ્થાપકો દ્વારા થતા આ પ્રકારના કહેવાતા ગોટાળા અને ગેર ઉપયોગને પણ ખોટી રીતે પ્રાપ્ત કરેલી આજીવિકા (હરામ રીઝક- રોઝી) કહી શકાય છે, કારણ કે પ્રકરણ ૨ના શ્લોક ૧૮૮માં જણાવ્યા અનુસાર પાલનહાર અલ્લાહે ખોટી રીતે સંપત્તિ (નાણાં) ન પચાવી પાડવા માટે આદેશ આપેલ છે.

ટૂંકમાં એ કહી શકાય કે ગેરકાયદેસર અને ખોટી રીતે પ્રાપ્ત કરેલી આજીવિકા (હરામ રીઝક-રોઝી) એ સમાજના દરેક ક્ષેત્રમાં, ધાર્મિક ક્ષેત્ર સહિત, સામાન્ય બાબત થઈ ગયેલ છે, અને તેનું મુખ્ય કારણ એ છે કે ધનની લાલસા અને લાલચ માનવીને ગુનેહગાર બનાવી દે છે. આ વિષે ગુજરાતી ભાષાની કહેવતો અહિં યાદ આવે છે, જે આ પ્રમાણે છે :

"જર દેખી મુનીવર ચળે"

"પૈસો મારો પરમેશ્વર અને હું પૈસાનો દાસ"

"રામ નામ જપના, ઓર પરાયા માલ અપના."

કેટલા આશ્ચર્યની વાત છે કે આ એકવીસમી સદીમાં માનવી પૈસા પાછળ દોડે છે, અને આ વિષેના તેના પ્રયત્નોમાં ગેરકાયદેસરની અને ખોટી રીતે પ્રાપ્ત કરેલી આજીવિકા (હરામ રોઝી-રીઝક)ની લાલસા અને લાલચ ક્યારે પણ પૂર્ણ નથી થતી, અને આ રીતે માનવી ગુનેહગાર બની જાય છે, જેમાં પૃથ્વી પર પોતાને પરમેશ્વરના પ્રતિનિધિ ગણાવતા ધર્મગુરૂઓનો પણ સમાવેશ થઈ જાય છે.

ઉપસંહાર એ કે કાયદેસરની અને સાચી આજીવિકા (હલાલ રીઝક) રળવી એ પણ એક સદકાર્ય સમાન છે, અને ખોટી રીતે અને ગેરકાયદેસર કોઈના નાણાં કે સંપત્તિ પચાવી પડાવી એ નઠારા કાર્ય સમાન છે. તે માટે મનુષ્યે હંમેશા કાયદેસરની અને સાચી આજીવિકા (હલાલ રીઝક) માટે પોતાના પરમેશ્વર પર જ વિશ્વાસ રાખવો જોઈએ કે તે પરમેશ્વર પાલનહાર મનુષ્યને ગેરકાયદેસરની અને ખોટી આજીવિકા (હરામ રીઝક)થી બચાવે.

સમાપ્ત.

# બનાસકાંઠામાં પિતાએ પુત્રની લાશને ૨૦ મહિના સુધી બંધ શૌચાલયમાં રાખી મૂકી

- બદબૂ બાદ તપાસ થતા ભાંડો ફૂટ્યો, પુત્રને ૧૫ લોકોએ મારી નાંખ્યાનો આક્ષેપ

પાલનપોરઃ દાંતા તાલુકાના જામરું ગામે વર્ષ ૨૦૧૮ના સપ્ટેમ્બરમાં ગામના એક ખેતરમાંથી કોહવાઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકના પિતાએ હત્યાની આશંકાએ નજીકમાં જ રહેતા રમણભાઈ રાજાભાઈ તરાલ સહીત ૧૫ લોકો સામે હત્યાનો ગુનો નોંધવા હડાદ પોલીસ સ્ટેશનમાં રજૂઆત કરી હતી, પરંતુ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો.



દાંતા તાલુકાના જામરું ગામે વર્ષ ૨૦૧૮ના સપ્ટેમ્બરથી ૨૦ માસથી એક લાશ ન્યાય માગે છે. ઘટનામાં મૃત્યુ પામનાર પુત્રની લાશના ૨૦ માસથી પિતા રક્ષક બન્યા છે. પિતાએ એક શૌચાલયમાં ન્યાયની આશા સાથે ૨૦ મહિનાથી લાશને સાચવી રાખી છે. ૨૦ મહિના અગાઉ આદિવાસી યુવકની ૧૫ લોકોએ હત્યા કર્યાનો પિતાએ આક્ષેપ કર્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે, અકસ્માતે મોતની તપાસથી ૨૦ મહિનાથી પુત્રના પિતા નારાજ છે. કથિત હત્યારાઓની ધરપકડ નહી તો પુત્રની લાશના અગ્નિસંસ્કાર નહી તેવી પીડિત પિતાની જીદ પકડીને બેઠા છે. આમ બનાસકાંઠામાં યોગ્ય તપાસ ન થતા પિતાએ લાશ મહિનાઓ સુધી રાખી મુકી હતી.

## મોડાસા પાસે ટ્રકે પલ્ટી મારતા વાહનો ટકરાયા, આઠ લોકો દટાયા

ખેડાઃ મહિસાગરના ખાનપુરમાં આજે એક ગમખ્વાર અકસ્માત થયો હોવાની માહિતી મળી છે. લીમડિયા ચોકડી પાસે ૫ ખાનગી વાહનો એકબીજા સાથે ધડાકાભેર અથડાયા હતા. જેમાં ૮થી વધુ લોકો ગાડી નીચે દટાયા હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ટ્રક પલટી જતા ૮ રાહદારીઓ નીચે દટાયા હોવાની માહિતી મળી રહી છે.

મહીસાગર લુણાવાડા મોડાસા હાઈવે પર રવિવારે ગમખ્વાર અકસ્માતના સમાચાર સામે આવી રહ્યા છે. ખાનપુરની લીમડિયા ચોકડી પર એક સાથે ૫ કરતા વધારે વાહનો ધડાકાભેર એકબીજા સાથે અથડાતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.

## વડોદરામાં પત્ની સાથે તકરાર બાદ ચપ્પાનાં ઘા ઝીંકી સસરાની હત્યા

વડોદરાઃ વડોદરામાં જમાઈએ સસરાની હત્યા કરી હોવાનો ચકચારી બનાવ સામે આવ્યો છે.

વડોદરા શહેરના તરસાલીના વિશાલ નગરમાં જયપ્રકાશ સૂર્યકાંત દરજીની દીકરી ભૂમિકાના દોઢ વર્ષ પૂર્વે સનફાર્મા રોડ પર હરિદર્શન બંગ્લોઝ પાસે રહેતા મિતુલ ટેલર સાથે લગ્ન થયા હતા. ભૂમિકા ગર્ભવતી બન્યા બાદ પતિ-પત્ની વચ્ચે ઝઘડાઓ શરૂ થયા હતા. જેનાથી કંટાળી ભૂમિકા પિયરે આવી ગઈ હતી. જ્યાં તેને દીકરીનો જન્મ થયો હતો. પણ દીકરીના જન્મ બાદ ભૂમિકા સાસરે જતી ન હતી.

મિતુલને આશંકા હતી કે, ભૂમિકાના માતાપિતા તેને સાસરીએ મોકલતા ન હતા. જેથી આજે પોતાની સાથે ચપ્પુ લઈને સાસરીએ આવ્યો હતો. સાસરીમાં ભૂમિકાના માતાપિતા સાથે બોલાચાલી થતાં જ મિતુલે પોતાની પાસે રહેલાં ચપ્પુથી બંને પર હુમલો કરી દીધો હતો. ચીસો સાંભળીને આસપાસનાં લોકો દોડી આવ્યા હતા. પણ કોઈએ પાસે જવાની હિંમત કરી ન હતી.

આ ખૂની ખેલમાં સસરાને મિતુલે ચપ્પાના સાત ઘા મારી દીધા હતા. વચ્ચે પડેલાં સાસુને પણ લોહીલુહાણ કરી દીધા હતા. સસરાનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે સાસુને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે આરોપી જમાઈની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાજપ શાસિત પાટણ પાલિકામાં ભાજપના જ આગેવાનોમાંથી ઊઠ્યો વિરોધનો શૂર

- નેતાઓએ ભાજપના જ પાલિકા પ્રમુખ સામે બળવો કર્યોઃ લોકોના કામ થતા નથી તેવા આક્ષેપ

પાટણ-ભાજપ સંગઠનના આગેવાનોએ શનિવારે પાટણ પાલિકાના ચીફ ઓફીસરને પાટણના અધુરા રહેલા કામો તેમજ અન્ય વિકાસના કામોને સત્વરે પુરા કરવા આવેદન આપ્યું હતું. આ આવેદનપત્રમાં સત્તાધારીપક્ષના ચેરમેન પણ હાજર રહ્યા હતા. ત્યારે આવેદનમાં સોશ્યલ ડિસ્ટન્સનો અભાવ જોવા મળ્યો હતો.

આ બાબતે પાલિકાના વિપક્ષ નેતા ભરત ભાટિયાએ સત્તાધારી પક્ષ તેમજ ભાજપ સંગઠનની ટીકા કરતો પત્ર લખ્યો હતો. જેમાં તેમણે જણાવ્યું છે કે પાટણ પાલિકા ભાજપની અને પ્રજાજનોના કામ ન થતા ભાજપ સંગઠને આવેદનપત્ર આપવું પડે એ શરમજનક બાબત કહેવાય તેમ છે. વહિવટી તંત્ર અને નગરપાલિકાના કર્મચારીઓ પર પ્રમુખ અને ભાજપના ચેરમેનનો કોઈ અંકુશ ન હોઈ પાટણ શહેરની પ્રજા ભૂગર્ભ ગટર, પીવાના ગંદા દુર્ગંધ મારતા પાણી, સ્ટ્રીટ લાઈટને મોડા ચાલુ કરી સવારે ૫ કલાકે બંધ કરી મળતીયા કોન્ટ્રાક્ટરને ફાયદો કરાવવાની કામગીરીથી અને તૂટેલા રોડ-રસ્તાથી પ્રજાજનો ત્રાહિમામ પોકારી રહ્યા છે. ભાજપના સંગઠનના હોદ્દેદારો અને નગરપાલિકાના ચાલુ ચેરમેનોએ ભાજપની સત્તા હોય અને કામ કરવા માટે આવેદનપત્ર આપવું પડે એ શરમજનક ભાજપ માટે કહેવાય. જો ભાજપની સત્તા નગરપાલિકામાં હોય અને ભાજપના કોર્પોરેટર અને હોદ્દેદારોના કામ ન થતા હોય તો પાટણની પ્રજાની પીડા કેટલી હશે તે જાણી શકો છો.

## ૮૩ દિવસ બાદ મા અંબાના દર્શન, ૧૫૦૦ શ્રધ્ધાળુઓએ શિશ ઝુકાવ્યા

પાલનપુર- કરોડો માઈભક્તોની આસ્થા અને ભક્તિના પરમ પવિત્ર કેન્દ્ર સ્થાન સમાન અંબાજી મંદિરને ૮૩ દિવસ બાદ દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકાતાં પ્રથમ દિવસે ૧૫૦૦થી વધુ ભક્તોએ માતાજીના દર્શનનો લ્હાવો લીધો હતો. જોકે લોકડાઉનને લઈ મંદિર બંધ હોવા છતાં ભક્તોએ માતાજીના ચરણે રૂ.૪.૯૬ લાખની ઓનલાઈન દાન અર્પણ કર્યુ છે.

અંબાજી મંદિરને શુક્રવારથી ખુલ્લું મુકવામાં આવતા શ્રધ્ધાળુઓમાં આનંદ અને હરખની લાગણી પ્રસરી છે. કોરોનાને લઈ યાત્રિકોની સલામતિ માટે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વિવિધ વ્યવસ્થાઓ કરવા આવી છે.

## દાહોદમાં પરિવારની ૪ બાળકીને કાળ ભરખી ગયો, ડૂબી જતા મોત

દાહોદ : ગૂંગરડી ગામમાં એક જ પરિવારની ચાર દીકરીઓ તળાવમાં ડૂબી જતા તેમનું કરૂણ મોત નીપજ્યું છે. આ ઘટના બાદ ગૂંગરડી ગામમાં ગમગીની છવાઈ છે. માહિતી મુજબ સ્થાનિક તરવૈયાઓએ ૬ કલાકની જહેમત બાદ મધરાત્રે તળાવમાંથી મૃતદેહ બહાર કાઢ્યા હતા.

મળતી માહિતી મુજબ ગૂંગરડી ગામના માળ ફળીયા ખાતે એક જ પરિવારની કાકા-કાકાની ૪ બાળકીઓ ઢોર ચરાવવા ગઈ હતી. પરંતુ મોડી સાંજ સુધી ઘરે પાછી ન ફરતા પરિવારજનોમાં ચિંતા સેવાઈ હતી અને પરિજનોએ બાળકીઓની શોધખોળ આદરી હતી. આ દરમિયાન તળાવ પાસેથી બાળકીઓના કપડાં મળતા તળાવમાં શોધખોળ કરાઈ હતી. સ્થાનિક તરવૈયાઓએ ૬ કલાકની જહેમત બાદ મધરાત્રે બાળકીઓના મૃતદેહ બહાર કાઢ્યા હતા. જેને જોઈને પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું હતું.

માહિતી પ્રમાણે એક જ કુટુંબની ૮ વર્ષ, ૯ વર્ષ, ૧૧ વર્ષ અને ૧૨ વર્ષ એમ ચાર બાળકીઓ તળાવમાં ડૂબી હતી. આ ઘટના બાદ પરિવારમાં શોક છવાયો છે અને ગામમાં ગમગીની છવાઈ છે. જો કે, બાળકીઓ તળાવમાં કેવી રીતે ડૂબી તે અંગે હાલ કોઈ માહિતી મળી નથી. ઘટના સંબંધી તપાસ હાલ પણ ચાલુ છે. ઘટના અંગે ગામમાં અનેક તર્ક-વિતર્કો ચાલી રહ્યા છે.

## ન્યૂઝ બ્રીફ

- આઇસીસીઆર હેઠળ દર વર્ષે ગુજરાત યુનિવર્સિટીમાં જુદા– જુદા દેશોમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવતા હોય છે અને આ વિદ્યાર્થીઓ ગુજરાત યુનિવર્સિટીની એનઆરઆઇ હોસ્ટેલમા રહેતા હોય છે. દરમિયાન મંગળવારે એકાએક વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લેતા તંત્ર દોડતું થઇ ગયું હતું.
- રાજ્યસભાની ચૂંટણી પહેલા ભાજપને ફાયદો થાય તે રીતે કોંગ્રેસના ધારાસભ્ય તરીકે રાજીનામું આપનાર કરજણના અક્ષય પટેલ સામે મંગળવારે કોંગ્રેસના કાર્યકરોએ ઉગ્ર દેખાવો કર્યા હતા.
- સુરતમાં ચકચારી શંકર ઉર્ફે કાલુ નિકમ મર્ડર કેસમાં સંડોવાયેલા વધુ સાત આરોપીઓને ડીંડોલી પોલીસે મહારાષ્ટ્રથી ઝડપી લઈ આજે સાત દિવસના રિમાન્ડની માંગ સાથે અરજન્ટ કોર્ટમાં રજુ કર્યા હતા.જેથી કોર્ટે ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ તમામ આરોપીઓને સાત દિવસના રિમાન્ડ પર સોંપતો હુકમ કર્યો છે.
- રાજ્યસભાની ચૂંટણી નજીક આવતા ભાજપે કોંગ્રેસના ધારાસભ્યોને પોતાના પક્ષમાં ભેળવવા કવાયત આદરી છે તો કોંગ્રેસ પણ હરકતમાં આવી છે. આજે કચ્છના અબડાસામાં પરેશ ધાનાણી સહિત સૌરાષ્ટ્રના ધારાસભ્યો એકઠા થયા હતા અને અબડાસા બેઠક ફરી અંકે કરવા કાર્યકરો સાથે મિલન યોજી ગુપ્ત બેઠકો યોજી હતી.
- રાજકોટના મોચીબજાર મેઈન રોડ પર આવેલ પ્રખ્યાત ચૌહાણ સાઉન્ડવાળાના પુત્ર નિશિત નીતનભાઈ ચૌહાણે (ઉ.વ.૨૪)એ રવિવારે સાંજે પોતાના ઘરે જ દૂપટ્ટા વડે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. પ્રાથમિક તારણ મુજબ નિશિત થોડા સમયથી માનસિક બીમારીનો શિકાર હતો. તેને અગાઉ ગાંજાનું વ્યસન હતું. પણ ચારેક મહિનાથી વ્યસન છોડ્યા બાદ તે સતત ગુમસુમ અને એકલો રહેતો હતો.
- ભાવનગર– ભાવનગરના માલધારી સોસાયટીમાં રહેતા અને ડ્રાઇવિંગના વ્યવસાય સાથે સંકળાયેલાં ભુપતભાઇ રૂખડભાઇ સાટિયા (ઉ.વ.૩૬) તેમના પત્ની ગીતાબેન (ઉ.વ.૩૪), પુત્રી તૃશાલી (ઉ.વ.૧૭), જાનવી (ઉ.વ.૧૪) તથા પુત્ર કૌશિકે પોતાના ઘરે ઝેરી દવા પી લેતાં તેમને ૧૦૮ મારફત ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.
- વાસણા વિસ્તારમાં નકલી દસ્તાવેજો દ્વારા જમીન વેચી રૂપિયા ૧.૫૫ કરોડની છેતરપિંડીના કેસમાં ગોધરાના ભાજપના પૂર્વ ધારાસભ્ય હરેશ ભટ્ટે ધરપકડથી બચવા સિટી સેશન્સ કોર્ટમાં કરેલી આગોતરા જામીન અરજી ફગાવવામાં આવી છે.
- આણંદ પાસેના વાસદ ગામ નજીકથી પસાર થતી મહીસાગર નદીના નીરમાં આજે વહેલી સવારના સુમારે એક પરિણીતાએ પોતાના ચાર વર્ષના પુત્ર સાથે ઝંપલાવતા ભારે ચકચાર મચી જવા પામી હતી. જો કે આ ઘટનામાં પરિણીતાનો બચાવ થવા પામ્યો છે જ્યારે ૪ વર્ષીય પુત્રનું પાણીમાં ડુબી જવાના કારણે કરૂણ મોત નીપજ્યું હતું.
- અમદાવાદમાં આગામી ૨૩મી જૂને ભગવાન જગન્નાથજીની ૧૪૩મી રથયાત્રા નગરચર્યાએ નીકળશે. રથયાત્રા તેના નિયત સમયે નિયત રૂટ પર નીકળશે. પરંતુ રથયાત્રાના દિવસે સમગ્ર રૂટ પર જનતા કર્ફ્યુ રાખવામાં આવશે. આ સાથે રથયાત્રામાં માત્ર ૨૦૦થી ૨૫૦ હરિભક્તો ભાગ લઈ શકશે.
- અમદાવાદમા દર વર્ષે રથ ખેંચવા માટે ૪૦૦થી વધુ ખલાસીઓ સામાન્યરીતે જોડાતા હોય છે પરંતુ આ વર્ષે કોરોનાના સંક્રમણના ભયે માત્ર ૧૨૦ જેટલા યુવા ખલાસી બંધુઓ જ આ રથને ખેંચશે. રથ ખેંચનાર ખલાસીઓનું આ અગાઉ સ્વાસ્થ્ય ચેકિંગ કરવામાં આવશે.
- નડિયાદ પાસે મૂળ કઠલાલના રામાભાઇ ફતેપુરામાં તેમની બહેન સાથે રહેતા હતા. ગત મોડી રાત્રે વરસાદ પડતા તેઓ ઘરની બહાર નીકળ્યા હતા. પરંતુ કલાકો વીતવા છતાં રામાભાઈ ઘરે પરત ફર્યા ન હતા. દરમિયાન ગુરૂવારે હાથીપુરા સીમના એક ખેતરમાં રામાભાઈની હત્યા કરાયેલ નગ્ન લાશ મળી આવી હતી.
- ગુજરાત સરકારે પેટ્રોલ– ડીઝલ પર પ્રતિ લીટરે રૂ. બેનો વધારો કર્યો છે. કોંગ્રેસ દ્વારા રાજ્યભરના તાલુકા મથકો પર આ ભાવવધારોના વિરોધ કરવા પ્રદર્શનો યોજીને ભાવવધારો પાછો ખેંચવાની માગણી કરી હતી. અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત સહિતનાં મહાનગરોમાં દેખાવો કરી રહેલા કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી. જ્યારે રાજકોટમાં સાઈકલ લઈને બેનરો સાથે વિરોધ કરવામાં આવ્યો હતા.
- પૂર્વ કચ્છમાં ગુરુવારે સવારે અને સાંજે ૩.૬ની તીવ્રતાના બે આંચકા અનુભવાયા હતા. ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી કચેરીના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સવારે ૧૦ : ૪૧ વાગ્યે દુધઈ પાસે ૨.૩ ની તીવ્રતાનો અને સાંજે ૬:૦૨ વાગ્યે ભચાઉ પાસે ૩.૬ ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. રવિવારે નોંધાયેલા ભૂકંપના પગલે આમેય લોકોમાં ભયનો માહોલ છે.
- નર્મદા જિલ્લાની આમલેથા પોલીસની ટિમ અંતરિયાળ ગામડાઓમાં પેટ્રોલિંગ માટે નીકળી હતી, એ દરમિયાન જુનાઘાટા ગામમા ૩૦ લોકોના ટોળાએ એમના પર પથ્થરમારો કર્યો હોવાની ઘટના ઘટી હતી. આ બનાવ સંદર્ભે આમલેથા પોલીસે ૩૦ લોકોના ટોળા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી છે.
- કેટલાક સમયથી દ્રજીઁ અને છમ્ફઁ ગુજરાત યુનિવર્સિટીની ૨ જુલાઈ અને ૧૩ જુલાઈથી શરૂ થતી પરીક્ષાઓ મોકૂફ રાખવામાં આવે તે માટે આંદોલન ચલાવવામાં આવી રહ્યું હતું. આખરે ગુજરાત યુનિવર્સિટી તંત્રએ આજે બેઠક યોજી પરીક્ષાઓ મોકૂફ રાખવાનો નિર્ણય લીધો છે.
- કોરોનાને કારણે અમદાવાદ એરપોર્ટ શરૂ કરાયાના ૩ સપ્તાહ બાદ પણ ફ્લાઇટ ઓપરેશન્સ હજુ પણ ગતિ પકડી શક્યા નથી. છેલ્લા ત્રણ સપ્તાહથી અમદાવાદના સરદાર વલ્લભભાઇ પટેલ એરપોર્ટથી જ દરરોજની ૫૦ ટકાથી વધુ ફ્લાઇટ કેન્સલ થઇ રહી છે.
- સુરતમાં કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે નિયમનું પાલન કરાવવા મ્યુનિ. તંત્રએ દંડનીય કામગીરી શરૂ કરી છે. ગાઈડ લાઈનનો અમલ કડકાઈથી થાય તે માટે રૂ.૭૦.૬૦ લાખનો દંડ વસુલ કરવા છતાં હજી પણ સુરતમાં સોશિયલ ડસ્ટન્સના ધજાગરા ઉડાવીને લોકો માસ્ક વિના ટોળે વળી રહ્યા છે.

# ભારતમાં કોરોના સંક્રમિતોનો આંક ૩.૮૧ લાખ થયો

## કોરોનાના નવા સંક્રમિતોમાં ભારત હવે દુનિયામાં અમેરિકા અને બ્રાઝિલ પછી ત્રીજા ક્રમે આવી ગયો

નવી દિલ્હી : દેશમાં કોરોનાના નવા કેસ આવવાનો સિલસિલો વધી રહ્યો છે અને નવા કેસની સંખ્યામાં પણ મોટાપાયે વધારો થઈ રહ્યો છે. ગુરુવારે સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં અત્યાર સુધીમાં સૌથી વધારે ૧૨,૮૮૧ નવા કેસ સામે આવ્યા છે. બીજી તરફ એક જ દિવસમાં ૩૩૪ લોકોનાં મોત પણ થયાં છે. આ સાથે જ ગુરુવારે દેશમાં હવે કોરોનાના કુલ કેસની સંખ્યા ૩.૮૧ લાખને પાર પહોંચી ગઈ છે. બીજી તરફ મોતનો આંકડો પણ ૧૨,૨૩૭ થઈ ગયો છે. જાણકારોના મતે દેશમાં છેલ્લા કેટલાક સમયથી જે ઝડપે અને મોટી સંખ્યામાં નવા કેસ આવી રહ્યા છે તે જોખમી છે. સૂત્રોના મતે છેલ્લા કેટલાક દિવસમાં કોરોનાના નવા સંક્રમિતો સામે આવવા મુદ્દે ભારત દુનિયામાં અમેરિકા અને બ્રાઝિલ પછી ત્રીજા ક્રમે આવી ગયો છે. છેલ્લા બે દિવસના મૃતાંકને જોતા ભારતમાં કોરોનાના કારણે થતી મોતનું પ્રમાણ પણ ૨.૮ ટકાથી વધીને ૩.૩ ટકા થઈ ગયું છે.



### ભારતનો રિકવરી રેટ વધીને ૫૩.૫૯ ટકા

સારી બાબત એ છે કે, દેશમાં કોરોનાને હરાવીને સાજા થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. દેશમાં અત્યારે કોરોનાના કુલ એક્ટિવ કેસ હવે ૧,૬૦,૩૮૪ છે જ્યારે ૧,૯૪,૩૨૫ લોકો સાજા થઈ ગયા છે. આ સંદર્ભે ભારતનો રિકવરી રેટ પણ ૫૩.૫૯ ટકા થઈ ગયો છે. મંત્રાલયે જણાવ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં ૧.૬૫ લાખ નવા લોકોના ટેસ્ટિંગ કરાયા છે. દેશમાં સેમ્પલ ટેસ્ટિંગ પોઝિટિવ દર પણ ૭.૭૮ ટકા પહોંચી ગયો છે. આ સાથે જ દેશમાં અત્યાર સુધીમાં ૬૨.૪૯ લાખ સેમ્પલનું ટેસ્ટિંગ થઈ ગયું છે.

### ભારતમાં કોરોનાનાં ગાણિતિક મોડેલ નિષ્ફળ

આઈસીએમઆર અનુસાર ભારતમાં કોરોનાના અનેક ગાણિકિત મોડલ નિષ્ફળ રહ્યા છે. ભાવિ યોજનાઓ તથા નીતિગત નિર્ણયો લેવા માટે માત્ર આ મોડેલ ઉપર આધાર રાખવો તે ખૂબ જ જોખમી છે કારણ કે ધારણાઓના આધારે અંદાજ માંડી શકાય નહીં.

## કોરોનાના દર્દીઓની સારવાર માટે નવી દિલ્હીમાં ૫૦૩ આઇસોલેશન કોચ

રેલવેએ દિલ્હીના નવ સ્ટેશનોએ ૫૦૩ આઇસોલેશન કોચ રાખ્યા છે. ગૃહમંત્રી અમિત શાહે કોરોના વાઇરસના ઉપદ્રવને નાથવા માટે લેવા જરૂરી પગલાંના ભાગરૂપે આ વિષે અગાઉ ઘોષણા કરી હતી. દેશના પાંચ રાજ્યોમાં થઇ ઉપરોક્ત ૫૦૩ સહિત ૯૬૦ કોચને આઇસોલેશન કોચરૂપે રાખવામાં આવ્યા છે. દિલ્હીના આનંદવિહાર રેલવે સ્ટેશનના સાત પ્લેટફોર્મ ખાતે ૨૬૭ આઇસોલેશન કોચ રાખવામાં આવ્યા છે. શાકુર બસ્તિ અને સરાઇ રોહિલ્લા પ્રત્યેક સ્ટેશને ૫૦ થી વધુ કોચ રાખવામાં આવ્યા છે. દિલ્હી કેન્ટોનમેન્ટ સ્ટેશને ૩૩ કોચ, આદર્શ નગર સ્ટેશને ૩૦ કોચ, સફદરજંગ સ્ટેશને ૨૧ કોચ, તુઘલખાબાદ સ્ટેશને ૧૩ કોચ, શાહદારા રેલવે સ્ટેશને ૧૩ કોચ, જ્યારે પટેલ નગર સ્ટેશને ૨૬ કોચ રાખવામાં આવ્યા છે.



## મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૭૫૨ નવા કેસ, ૧૦૦ના મોત

મહારાષ્ટ્રમાં ગુરુવારે કોરોના વાઇરસના ૩૭૫૨ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે જ કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૨૦,૫૦૪ થઇ છે જ્યારે વધારે ૧૦૦ લોકોના મોત થયાં છે અને આ સાથે મૃતકોની સંખ્યા ૫૭૫૧ થઇ છે. અધિકારીએ જણાવ્યું કે, ગુરુવારે ૧૬૭૨ દર્દીઓ સ્વસ્થ થયાં છે. અત્યાર સુધીમાં ૬૦,૮૩૮ દર્દીઓ ડિસ્ચાર્જ થઇ ચુક્યા છે. તેમણે જણાવ્યું કે, રાજ્યમાં વર્તમાન સંક્રમણના ૫૩,૯૦૧ કેસ છે અને જુદી-જુદી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે. અત્યાર સુધી ૭૧૭,૬૮૩ લોકોના ટેસ્ટિંગ કરવામાં આવ્યા છે. મુંબઇમાં આજે સંક્રમણના ૧૨૯૮ નવા કેસ સામે આવ્યા છે અને ૬૭ લોકોના મોત થયાં છે. શહેરમાં આજે ૫૧૮ લોકો સ્વસ્થ થયાં હતા.

## અર્થવ્યવસ્થા પાટા પર આવી છે, રિકવરીનાં સંકેતો જોવા મળી રહ્યા છેઃ પીએમ મોદી

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે કોરોના વાયરસ રોગચાળા અંગે ચર્ચા કરી હતી. વિડિઓ કોન્ફરન્સિંગ દ્વારા તેઓએ આ વાતચીત કરી હતી. તેમણે કોરોના સામે ચાલી રહેલા યુદ્ધમાં કોઈ પણ પ્રકારની ઢીલાસ નહીં રાખવાની સલાહ આપી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે આર્થિક પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ છે અને અર્થવ્યવસ્થા પાટા પર પાછા આવવાના સંકેતો છે. વડા પ્રધાન બુધવારે પણ મુખ્યમંત્રીઓ સાથે પણ ચર્ચા કરશે. પીએમ મોદીએ કહ્યું કે ભારતમાં કોવિડ -૧૯ ની અસર અન્ય દેશોની તુલનામાં ઓછી છે. દેશમાં રિકવરી રેટ ૫૦ ટકાથી વધુ થઇ ગયો છે. તેમણે કહ્યું કે કોરોનાથી એક પણ મોત આપણા માટે દુખદાયક છે. પરંતુ એ પણ સાચું છે કે ભારત એવા દેશોમાં છે જ્યાં કોરોનાથી ઓછા મૃત્યુ થયા છે. તેમણે કહ્યું કે છેલ્લા કેટલાક અઠવાડિયામાં હજારો લોકો વિદેશથી ભારત પરત ફર્યા છે. લાખો પરપ્રાંતિય મજૂરો તેમના ઘરે પહોંચી ગયા છે. પરિવહનનાં લગભગ તમામ સાધનો ખોલવામાં આવ્યા છે. પીએમે જણાવ્યું હતું કે આપણે એ વાતનું પણ ધ્યાન રાખવાનું છે કે આપણે કોરોનાને જેટલો રોકી શકીશું તેટલી જ જલ્દી આપણું અર્થતંત્ર દોડતું થશે.

## મહિલાના અંતિમ સંસ્કારમાં ગયેલા ૨૫ પૈકી ૧૯ કોરોના

તેલંગાણાના સાંગારેડ્ડીમાં એક મહિલાના અંતિમસંસ્કારમાં સામેલ થયેલા ૨૫ પૈકી ૧૯ જણાને કોરોનાનો ચેપ લાગ્યો હતો. દસમી જૂને સાંગારેડ્ડીના ઝહીરાબાદમાં એક મહિલાના અંતિમ સંસ્કારમાં ગામના કેટલાક લોકો ગયા હતા જેમને કોરોનાવાઇરસનો ચેપ લાગ્યો હતો. કોરોનાના લક્ષણ દેખાતા શનિવારે આ લોકોના ટેસ્ટ કરાતા તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. પરિણામે તમામને હૈદરાબાદની ગાંધી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આ મહિલા ઝહીરાબાદના શાંતિનગરની રહેવાસી હતી. મહિલા ઇલાજ દરમિયાન જ ગુજરી ગયા હતા. પણ તેમનો ટેસ્ટ કરાતા તેઓ પોઝિટિવ જણાયા હતા.

## ન્યૂઝ બ્રીફ

- દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનની તબિયત બગડી ગઇ છે. મંગળવારે તેમને દિલ્હીના રાજીવ ગાંધી સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સત્યેન્દ્ર જૈનને શ્વાસ લેવામાં તકલીફ હતી જે કોરોના વાઇરસના લક્ષણમાં સામેલ છે. જોકે તેમનો કોરોના રિપોર્ટ નેગેટીવ આવ્યો છે.
- મધ્ય પ્રદેશનાં રાજ્યપાલ લાલજી ટંડનને ૧૧ જૂનનાં દિવસે પેશાબ કરવામાં મુશ્કેલી અનુભવાતા શહીદ પથ સ્થિત મેદાંતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. તાવનાં કારણે તેમની કોરોના તપાસ પણ થઇ પણ રિપોર્ટ નેગેટીવ આવ્યો.
- બાર દિવસમાં પશ્ચિમ રેલવેના ત્રણ કર્મચારીઓનો કોરોનાને કારણે જીવ ગયો હોવાથી ઘટના પ્રકાશમાં આવી છે. મુંબઇ સેન્ટ્રલ વર્કશોપમાં કામ કરતા વરિષ્ઠ એન્જિનિયર ૧૪મી જૂને મૃત્યુ પામ્યા હતા. તેમના સંપર્કમાં આવેલા છ કર્મચારીઓને ક્વોરન્ટાઇન કરી દેવાઇ છે.
- કોરોનાના લોકડાઉનમાં વિવિધ બહાના કરી ફરજ પર ગેરહાજર રહેતા કર્મચારીઓના પગાર કાપવાનો તેમ જ તેમને ચાર્જશીટ આપવાનો કીમિયો બેસ્ટે અજમાવ્યો હતો. આ કીમિયો અસરકારક સિદ્ધ થયો હતો અને ૬૨૭૯ કર્મચારીઓ ફરજ પર હાજર થયા હતા.
- મહારાષ્ટ્રમાં કોરોના વાયરસને કારણે ૨૪ કલાકમાં વધુ ત્રણ પોલીસ મૃત્યુ પામ્યા છે. આમ અત્યાર સુધી ૪૫ પોસીના કોરોનાને લીધે મોત થયા છે. ગત ૨૪ કલાકમાં ૩૬૬ પોલીસની તબીયત સુધરતા રજા આપવામાં આવી હતી.
- કોરોના મામલે દિલ્હી સરકારને સુપ્રીમ કોર્ટે ફટકાર લગાવી છે અને કહ્યું છે કે તમે નથી ઇચ્છતા કે સચ્ચાઇ સામે આવે? એક ડોક્ટરની સામે થયેલી એફઆઇઆર બાદ આ સમગ્ર મામલે સુપ્રીમ કોર્ટે ટકોર કરી હતી.
- બીજિંગમાં આવેલી એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેન્કે(આઇઆઇબી) ભારતને ૭૫ કરોડ ડૉલરની લૉન આપવાની જાહેરાત કરી છે. આઇઆઇબીએ તાજેતરની પચાસ કરોડ ડૉલરની લૉન સહિત ભારતને કુલ ૩.૦૬ અબજ ડૉલરની લૉન અગાઉ જ મંજૂર કરી છે. કોવિડ-૧૯ની ક્રાઇસિસ રિકવરી ફેસિલિટી (સીઆરએફ) માટે આઇઆઇબીની ભારત માટેની આ બીજી લૉન છે.
- રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધીએ સંજય ઝાને તાત્કાલિક અસરથી હટાવવાની મંજૂરી આપી દીધી છે. આ સાથે જ અભિષેક દત્તા અને સાધના ભારતીને કૉંગ્રેસના રાષ્ટ્રીય મીડિયા પેનલિસ્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- વડા પ્રધાન મોદી ખુદ ૨૦ જૂને બિહારમાં રોજગાર ગેરંટી યોજના અભિયાનની શરૂઆત કરાવશે. અભિયાન અંતર્ગત છ રાજ્યોમાં ૧૧૬ જિલ્લામાં આશરે ૬૭ લાખ પરપ્રાંતિય મજૂરો પાછા ફર્યા છે. ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન' અંતર્ગત વર્ષમાં ૧૨૫ દિવસ રોજગાર આપવાની યોજના છે.
- નેપાળે પોતાના નવા વિવાદિત નકશામાં લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરા ક્ષેત્રોનો સમાવેશ કર્યો છે, ખરેખર આ ત્રણેય વિસ્તારો ભારતના અભિન્ન અંગ છે. નેપાળના આ પગલાથી બંને દેશો વચ્ચે નકશાને લઇને ખૂબ તણાવ પેદા થઇ ગયો છે.
- રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા બુધવારે રામલાલાની સત્તાવાર વેબસાઇટ શરૂ કરવામાં આવી છે. વેબસાઇટ ઉત્તરપ્રદેશ સરકારના પર્યટન પ્રધાન, સ્વતંત્ર હવાલો અને જિલ્લા પ્રભારી મંત્રી ડો.નીલકંઠ તિવારીએ લોન્ચ કરી હતી. વેબસાઇટ દ્વારા હવે તમે દરરોજ ઘરે બેઠા અયોધ્યા રામ જન્મભૂમિમાં રામલલાના દર્શન કરી શકશો.
- હોંગકોંગ શાંઘાઇ બેન્કિંગ કોર્પોરેશન (એચએસબીસી) બેંક તેના ૩૫,૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કરશે. તદઉપરાંત, બેન્ક તમામ પ્રકારની એક્સ્ટર્નલ રિક્રુટમેન્ટ પણ સ્થગિત કરશે. કર્મચારીઓની સંખ્યા ૨.૩૫ લાખથી ઘટાડીને ૨ લાખ કરશે.
- ભારતીય અંડર-૧૯ ક્રિકેટર અચંતી રીંગે મંગળવારે રાત્રે પોતાના રૂમમાં ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી હતી. તેની પાસે સુસાઇડ નોટ મળી નથી. અચંતીના મોતનું કારણ હજુ સુધી ખબર પડી નથી. તેણે ડિપ્રેશનના કારણે આવું પગલું ભર્યું છે.

## તામિલનાડુમાં કોરોનાના કેસો ૫૦ હજારને પાર, ૧૯ જૂનથી લોકડાઉન

ચેન્નઈ : તામિલનાડુમાં કોરોના સંક્રમિત લોકોનો આંકડો ૫૦ હજારને પાર કરી ગયો છે. તામિલનાડુમાં બુધવારે સૌથી વધુ ૨૧૭૪ નવા પોઝિટીવ કેસ આવતાં કુલ સંક્રમણનો આંક ૫૦૧૯૩ પર પહોંચ્યો છે. બુધવારે વધુ ૮૪૨ લોકોને રજા અપાતાં કુલ ડિસ્ચાર્જ આંક ૨૭,૬૨૪ થયો છે.

તામિલનાડુમાં અત્યાર સુધી ૫૭૬ લોકોના મોત પણ થયા છે. તામિલનાડુમાં આજે વધુ ૪૮ લોકોના મોત થયાં છે. તામિલનાડુમાં હજુ પણ ૨૨ હજાર જેટલા એક્ટિવ કેસ છે. તામિલનાડુમાં કોરોનાથી મોતની સંખ્યા પણ છેલ્લા દસમાં દિવસમાં વધી છે. તામિલનાડુમાં ૯ જૂન સુધી ફક્ત ૨૫૪ લોકોના જીવ ગયા હતા. આજે ૧૦ દિવસમાં વધુ ૨૫૦ થી લોકોના મોત થતાં કુલ આંક ૫૭૬ થયો છે. છેલ્લા ત્રણ દિવસથી તામિલનાડુમાં લગભગ ૫૦ જેટલા લોકોના મોત થઈ રહ્યા છે. તામિલનાડુમાં આજે પણ ૪૯ લોકોના કોરોનાથી મોત થયા છે. તામિલનાડુમાં સૌથી વધુ સંક્રમણ ચેન્નઈમાં થયું છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૭૬ નવા કેસ સામે આવ્યાં છે. મુખ્યમંત્રી પલાનીસ્વામીએ ૪ જિલ્લામાં ૧૯ જૂનથી કડક લોકડાઉનની જાહેરાત કરી હતી.

## રાજસ્થાનમાં ૧૦૩ હાથીઓનો કોરોના ટેસ્ટ કરાયો

જયપુર : રાજસ્થાન રાજ્ય એક તરફ કોરોનાની મહામારીનો સામનો કરી રહ્યો છે અને જયપુરમાં સંક્રમણના કેસ વધતા જાય છેત્યારે રાજ્યના પ્રાણીઓને ચેપના લાગે એટલા માટે હાથીગાવના ૧૦૩ હાથીઓનું પણ કોરોના ચેકઅપ કરાયું હતું. આમ તો જોકે જયપુર પાસેના હાથીગાંવમાં વર્ષમાં બે વાર હાથીઓનું મેડિકલ ચેકઅપ તો કરાય જ છે, પરંતુ હાલમાં દેશમાં ફેલાયેલી મહામારી જોતાં હાથીઓના પણ કોરોના ટેસ્ટ જરૂરી બનતા પહેલી જ વાર તમામ ૧૦૩ હાથીઓના કોરોના ટેસ્ટ કરાયા હતા.આમેરના કિલા પાસે આવેલા જે વિસ્તારમાં હાથીઓની અવરજવર વધારે હોય છે ત્યાંના હાથીઓને ટેસ્ટમાં પ્રાથમિકતા અપાઇ હતી. આરોગ્યની ચકાસણી કરવા માટે ત્રણ ડોકટરોની એક ટીમને મોકલવામાં આવી હતી.જે હાથીઓના ટેસ્ટ કરાયા હતા તેમનો રિપોર્ટ પંદર અથવા ૨૦ દિવસોમાં આવશે. દર છ મહિને હાથીઓના આરોગ્યની તપાસ માટે કેમ્પ યોજાય છે.

## ગલવાન ઘાટીમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે સર્જાયેલી અથડામણ

# ૨૦ જવાન શહીદ, ચીનના ૪૩ સૈનિકોના મોત

નવી દિલ્હી-બેઈજિંગ : છેલ્લા એક મહિના કરતાં વધુ સમયથી પૂર્વ લદ્દાખમાં મંગવારે ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા સરહદી વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. ગાલવાન ઘાટી વિસ્તારમાં સોમવારે રાત્રે ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે સર્જાયેલી અથડામણમાં ભારતીય સેનાના એક કર્નલ સહિત ૨૦ જવાન શહીદ થયા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ ભારતે પણ ચીનને જડબાતોડ જવાબ આપ્યો હતો, જેમાં ૪૩ ચીની સૈનિકોનાં મોત અથવા ગંભીર ઘાયલ થયાના અહેવાલ છે. જોકે બંને દેશોએ સત્તાવાર આંકડા જાહેર કર્યા નહોતા. અથડામણ એટલી ગંભીર હતી કે મોતનો આંકડો વધી શકે છે. ૧૯૭૫ પછી ૪૫ વર્ષના લાંબા ગાળા બાદ પહેલીવાર ભારત અને ચીન વચ્ચેની વાસ્તવિક અંકુશરેખા પર સામસામી અથડામણમાં એકપણ ગોળી ચાલ્યા વિના સૈનિકોનાં મોત થયાં છે.



ઈન્ડિયન આર્મી દ્વારા મોડી રાત્રે જારી કરાયેલાં નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, ગાલવાન ઘાટીમાં સામસામે આવી ગયેલી સેનાઓને પાછી ખેંચવાની પ્રક્રિયામાં સોમવારે રાત્રે બંને તરફના સૈનિકો વચ્ચે અથડામણ સર્જાઈ હતી. જેમાં બંને સેનાને જાનહાનિનો સામનો કરવો પડયો હતો. ભારતીય પક્ષે સેનાના એક અધિકારી અને ૨ સૈનિક શહીદ થયાં હતાં તથા ૧૭ જવાનોને ગંભીર ઈજા થઈ હતી. જોકે લદાખમાં સબઝીરો ટેમ્પરેચરના કારણે તેમના મોત થયાં હતાં. બંને પક્ષ વચ્ચે એકપણ ગોળીબાર થયો નહોતો. તણાવ ઘટાડવા માટે હાલ બંને સેનાના અધિકારીઓ વચ્ચે મંત્રણા ચાલી રહી છે. બીજી બાજુ મોડી રાત્રે સૂત્રો તરફથી મળતા અહેવાલો મુજબ, ચીનના ૪૩ જવાનનાં મોત અથવા ગંભીર ઘાયલ થયા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર બોર્ડર કમાન્ડરોની બેઠકમાં નક્કી કરાયું હતું કે, પીપી ૧૪-૧૫-૧૭ નામના સ્થળે ચીન એલએસીની પેલેપાર ખસી જશે પરંતુ ચીની સૈનિકોએ આ નિર્ણયને માનવાનો ઈનકાર કરી દીધો હતો. ભારતીય પક્ષની વારંવારની સમજાવટ છતાં ચીની સૈનિકોએ ભારતીય સૈનિકો પર પથ્થરમારો ચલાવ્યો હતો અને લોખંડના સળિયા અને ખિલ્લા ધરાવતી લાઠીઓ વડે હુમલો કર્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર ભારત અને ચીનના મોટી સંખ્યામાં જવાનો ઘવાયા હતા. ભારતના સૈનિકો સાથેની અથડામણમાં ચીની સૈનિકોની જાનહાનિ થઈ છે પરંતુ ચીની સત્તાવાળા દ્વારા કોઈ માહિતી જારી કરવામાં આવી નથી.

## ચીનને કરેલી ગુસ્તાખીનો જડબાતોડ જવાબ, બીએસએનએલે કરી શરૂઆત

બોર્ડર પર ચીનની ગુસ્તાખીનો સેનાએ જડબાતોડ જવાબ આપી દીધો છે. હવે આર્થિક મોરચા પર પણ ચીનને તેની હરકતોની સજા આપવાની શરૂઆત થઇ ગઇ છે. ભારત સરકારે સરકારી ટેલિકોમ કંપનીઓમાંથી કોઇપણ ચીની કંપનીએ ઇક્વિપમેન્ટસનો ઉપયોગ ના કરવાનું કહ્યું છે. ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL) અને મહાનગર ટેલીફોન નિગમ લિમિટેડ (MTNL)ના ટેન્ડરને કેન્સલ કરી દીધા છે. સાથો સાથ પ્રાઇવેટ મોબાઇલ ફોન ઓપરેટર્સ પણ Huawei અને ઢ્ઈ જેવી ચીની બ્રાન્ડસથી દૂર રહેવાના નિયમને બનાવી શકે છે.

### ચીનને અંદાજે 3000 કરોડનું નુકસાન

BSNL અને MTNLને કહેવામાં આવ્યું છે કે તેઓ પોતાના ટેન્ડરમાં ફેરફાર કરે. આ આદેશની Huawei અને ZTEના ભારતમાં વેપાર પર ઊંડી અસર પડશે. દેશના 5G ડિપ્લોમેટ્સથી આ બંને કંપનીઓને પ્રતિબંધિત કરી દીધી છે. ભારતીય ટેલિકોમ ઇક્વિપમેન્ટનું એન્યુઅલ માર્કેટ 12000 કરોડ રૂપિયા છે. તેમાંથી એક ચતુર્થાંશ પર ચીનનો કબજો છે. બાકીમાં સ્વીડનની એરિક્સન, ફિનલેન્ડની નોકિયા અને સાઉથ કોરિયાની સેમસંગ સામેલ છે. ભારતી એરટેલ અને વોડાફોન બંને Huawei અને ઢ્ઈની સાથે કામ કરે છે.

### ચીન તેની પ્રવૃત્તિઓ તેના વિસ્તાર પૂરતી રાખે : ભારત

નવી દિલ્હી : ચીન સાથેનો સરહદી વિવાદ ચરમસીમા પર પહોંચ્યા પછી ભારતે વધુ એકવાર ચીનને સીધી ચેતવણી આપી હતી કે, ભારત તેના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડતા સાથે કોઇ સમજૂતી કરશે નહીં. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા અનુરાગ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, ભારત વિવાદોનો શાંતિપૂર્ણ ઉકેલ ઇચ્છે છે પરંતુ જરૂરિયાત પ્રમાણે તમામ પ્રકારની કાર્યવાહી માટે પણ તૈયાર રહે છે. ચીન તેની પ્રવૃત્તિઓ એલએસીની પેલેપાર તેના વિસ્તાર પૂરતી મર્યાદિત રાખે. ભારત મંત્રણા દ્વારા મતભેદો ઉકેલવાની તરફેણ કરે છે પરંતુ અટકચાળો સહન નહીં કરે.

### કેટલાંય દેશોમાં ચીની કંપનીઝ પર પ્રતિબંધ

અમેરિકાએ સુરક્ષાનું કારણ ગણાવતા ભારતને Huawei પર પ્રતિબંધ મૂકવાનું કહ્યું હતું. બીજીબાજુ ચીને ધમકી આપી હતી કે જો 5Gમાંથી Huawei હટાવામાં આવશે તો ભારત આર્થિક પરિણામ ભોગવવા તૈયાર રહે. અમેરિકા સિવાય ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને તાઇવાન જેવા દેશોએ પર ડિપ્લોમેંટસથી Huaweiને બહાર રાખ્યું છે. તેનાથી ઉલટું ફ્રાન્સ, રૂસ, નેધરલેન્ડ, સાઉથ કોરિયા જેવા દેશોએ ચીનીન કંપનીને મંજૂરી આપી દીધી છે

### ૧૮૦થી વધારે બોર્ડર આઉટપોસ્ટ એલર્ટ

ભારત ચીન સરહદ પર નજર રાખવાની જવાબદારી આઇટીબીપી પર છે. ગલવાનમાં ચીનની ચાલાકી અને દગાખોરીમાં ભારતના ૨૦ જવાન શહીદ થઈ ગયા છે. જે બાદ ઉત્તરાખંડ, હિમાચલ, અરૂણાચલ અને લદ્દાખમાં ભારત–ચીન સરહદ પર બનેલા તમામ ૧૮૦થી વધારે બોર્ડર આઉટપોસ્ટને એલર્ટ કરી દેવાયા છે. તાજેતરમાં આઈટીબીપીએ લદ્દાખમાં બોર્ડર પોસ્ટ પર ૧૫૦૦ વધારે જવાનોની તૈનાતી કરી હતી.

### લાહોલ-સ્પીતિ નજીક સુરક્ષા વધારાઈ

તિબેટથી હિમાચલ પ્રદેશના કિન્નોર અને લાહોલ–સ્પીતિ નજીક સુરક્ષા માટે મહત્વના પગલા લેતા એલર્ટ જારી કરી દેવાયુ છે. રાજ્ય સરકારે મંગળવારે આ જાણકારી આપી છે. રાજ્ય સરકારે કહ્યુ કે આ પગલા ખાનગી જાણકારી બાદ ઉઠાવવામાં આવ્યા છે અને તમામ રાજ્ય ખાનગી એકમોને પણ એલર્ટ કરી દેવાયા છે.

### ITBPએ વધાર્યુ પેટ્રોલિંગ

આઈટીબીપી જવાનોએ ચીન પર નજર રાખવા એલઆરપી અને એસઆરપીની સંખ્યા વધારી દેવાઈ છે. સરહદ પર ચીનની દરેક હરકત પર નજર રાખવામાં આવી રહી છે.

## પરમાણુ શસ્ત્રસજ્જ સેનાઓ વચ્ચે પથ્થર અને લાઠી દંડાથી અથડામણ થઈ

૧૯૯૬માં ભારત અને ચીન વચ્ચે થયેલા કરાર અનુસાર બંને દેશની સેના એલએસીથી બે કિલોમીટરના અંતરમાં એકબીજા પર ગોળીબાર નહીં કરે, હાનિકારક ઉપયોગ નહીં કરે, બ્લાસ્ટ ઓપરેશન હાથ નહીં ધરે, બંધૂક અથવા તો વિસ્ફોટકો વડે શિકાર નહીં કરે. આ કરારને કારણે એલએસી પર જ્યારે પણ બંને દેશની સેના સામસામે આવી જાય છે ત્યારે સૈનિકો વચ્ચે ધક્કામુક્કી કે છૂટા હાથની મારામારી જેવી ઘટનાઓ બનતી રહે છે. ગાલવાન વેલીમાં પોઇન્ટ ૧૪ ખાતે ચીની સેનાએ ઊભો કરેલ તંબુ હિંસક અથડામણનું કારણ બન્યો હતો.

### મોદીએ વિદેશમંત્રી સાથે બેઠકો યોજી

દિલ્હીમાં કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહે પૂર્વ લદ્દાખમાં સર્જાયેલી સ્થિતિ અંગે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપીન રાવત, ભારતીય સેનાની ત્રણે પાંખના વડા સાથે સમીક્ષા કરી હતી. બેઠકમાં વિદેશમંત્રી એસ જયશંકર પણ હાજર રહ્યા હતા. રાજનાથસિંહે સરહદ પર સર્જાયેલી સ્થિતિ અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને માહિતી આપી હતી. ત્યારબાદ રાજનાથસિંહના નિવાસસ્થાને ફરી એકવાર લશ્કરી વડાઓ સાથે બેઠક યોજાઇ હતી. આ બેઠક બાદ એસ જયશંકરે પીએમ મોદીને સ્થિતિ અંગે જાણકારી આપી હતી.

### ચીનની ક્ષમતાઓને ભારત ઓછી ન આંકે : ચીન

ગુરુવારે ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તાની સુફિયાણી વાતો વચ્ચે ચીની વિદેશ વિભાગના માહિતી વિભાગના વડા હુઆ ચુનયિંગે જણાવ્યું હતું કે, ચીનની પ્રાદેશિક અખંડતાનું રક્ષણ કરવાની ચીનની ક્ષમતાઓને ભારત ઓછી ન આંકે. ભારતે હાલની સ્થિતિને ખોટી રીતે મૂલવવી જોઇએ નહીં અને ચીનની ક્ષમતાઓને નજરઅંદાજ કરવી જોઇએ નહીં. ભારતીય સેનાએ સમજૂતીનો ભંગ કરીને એલએસી ક્રોસ કરીને ચીની અધિકારીઓ અને સૈનિકો પર હુમલો કર્યો હતો.

### ચીની વસ્તુઓના ઓર્ડર કેંસલ થવા લાગ્યા

સરહદે ચીન અને ભારતીય સૈનિકો વચ્ચે વર્ષો પછી ઘર્ષણ થયું હતું. જેને પગલે ૨૦ જેટલા ભારતીય સૈનિકો શહીદ થયા છે. આ ઘર્ષણની અસર હવે સમગ્ર ભારતમાં જોવા મળી રહી છે અને ચીન પ્રત્યેનો લોકોનો ગુસ્સો પણ વધી રહ્યો છે. આ પરિસ્થિતિ વચ્ચે હવે ચીનથી આવતી દરેક વસ્તુઓના ઓર્ડર વ્યાપારીઓથી લઇને મોટા બિઝનેમેસ કેન્સલ કરવા લાગ્યા છે. રહદે જે ઘર્ષણ થયું તે જોતા હવે વ્યાપારીઓ ચીની વસ્તુઓના આપેલા ઓર્ડર પણ રદ કરવા લાગ્યા છે.

## ચીન કોઈ ભ્રમમાં ન રહે, ઉશ્કેરશે તો જડબાતોડ જવાબ આપીશું: પીએમ

- વિવિધ રાજ્યોના મુખ્યમંત્રી સાથેની બેઠકમાં વડાપ્રધાન મોદીએ શહિદોને અંજલિ અને ચીનને ચેતવણી આપી

નવી દિલ્હી : બુધવારે વડાપ્રધાને વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે કોરોના અંગે ઓનલાઈન બેઠક કરી હતી. આ બેઠકની શરૂઆતમાં વડાપ્રધાને ચીન સાથેના સંઘર્ષમાં શહિદ થયેલા સૈનિકોને અંજલિ આપી હતી. સાથે સાથે ચીનને ચેતવણી આપતાં તેમણે કહ્યું હતું ભારતને ઉશ્કેરવાનો પ્રયાસ ન કરવો જોઈએ, ભારતને જડબાતોડ જવાબ આપતાં આવડે છે. તેમણે ઉમેર્યુ હતું કે ભારત કોઈ દેશને ઉશ્કેરવામાં માનતો નથી, પરંતુ કોઈ ઉશ્કેરણીજનક કાર્યવાહી કરશે તો પછી ભારતને તેનો જવાબ આપતા આવડે છે. સાથે સાથે તેમણે એ વાત પણ સ્પષ્ટ કરી હતી કે શહિદોનું બલિદાન વ્યર્થ નહીં જાય. બીજી તરફ ચીની વિદેશ મંત્રીએ આજે ભારતના વિદેશ મંત્રી એસ.જયશંકરને ફોન કરી આ મુદ્દે ભારત ઠંડુ પડે એવી અપીલ કરી હતી. ચીની વિદેશ મંત્રી વાંગ યી સાથેની જયશંકરની વાત-ચીત પછી બન્ને દેશો શાંતિ જાળવવા સહમત પણ થયા હતા. એસ જયશંકરે ચીન સાથેની વાતમાં સ્પષ્ટ ભાષામાં કહ્યું હતું કે જે કંઈ ગરબડ થઈ એ ચીનને કારણે જ થઈ છે. ચીને શાંતિનો ભંગ થાય એવાં પગલાં લીધા તેનું આ પરિણામ છે.

## ભારે આક્રોશને લીધે ભારતીય રેલવેએ ચીનની કંપની સાથેના કરાર રદ કર્યા

- દેશભરમાં ચીનના ભારત વિરોધી પગલાંનો ભારે વિરોધ, ઠેર-ઠેર દેખાવો, શી ઝિનપિંગના પૂતળાં બાળ્યા

નવી દિલ્હી : ગલવાન ઘાટીની ઘટનાઓ પછી ઈ બોયકોટચીન અભિયાન તેજ બન્યું છે. ભારતીય રેલવેએ ચીનની કંપની બેઈજિંગ નેશનલ રેલવે રિસર્ચ એન્ડ ડિઝાઈન ઓફ સિગ્નલ એંડ કમ્યુનિકેશન લિમિટેડને અપાયેલો કરાર રદ કરી દીધો છે. આ કંપનીના કાનપુર-દિન દયાળુ સેક્શન બનાવવાનો કોન્ટ્રેક્ટ મળ્યો હતો. આ આશરે ૪૧૭ કિલોમીટર લાંબો કોરિડોર છે. ચીનની કંપનીને રેલવેએ નવેમ્બર જૂન ૨૦૧૬માં આ કોન્ટ્રાક્ટ ૪૭૧ કરોડમાં આપ્યો હતો. છેલ્લા ચાર વર્ષોમાં ફક્ત ૨૦ ટકા જ કામ થયું છે. કોન્ટ્રાક્ટ કેન્સલ કરવા અંગે જણાવાયું છે કે કંપની કરાર મુજબ આ પ્રોજેક્ટને લઈને ટેક્નિકલ ડોક્યુમેન્ટ જેવા કે લોજિક ડિઝાઈન, ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ જમા કરાવ્યા નથી. આ ઉપરાંત સાઈટ પર કોઈ કંપનીનો કોઈ એન્જિનિયર અથવા અધિકારીઓ પણ ઉપલબ્ધ હોતો નથી. રેલવે તરફથી જણાવ્યું હતું કે આ કામ મોડું પૂરું થવાની સંભાવના છે, કેમકે કંપની કંપની હજી સુધી કોઈ પણ સ્થાનિક એજન્સી સાથે કોઈ કરાર નથી કર્યા. આ બાબતોની અનેક વખત કંપનીના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી, તે સમયે તેમની સમસ્યાઓ અંગે વારંવારજાણ કરવા છતાં તેઓએ આ બાબતે ધ્યાન આપ્યું નથી.

# બ્રિટનમાં ૩ માસ પછી સ્ટોર્સ ખૂલ્યા, ખરીદી માટે ટોળેટોળાં

## ફ્રાંસે કોરોના સામે મેળવી પહેલી જીત, બાર-કેફે-સ્કુલ સહિત બોર્ડર પણ ખોલી દેવામાં આવી

લંડન/પેરિસ/વોશિંગ્ટન : કોરાનાના કોહરામ વચ્ચે બ્રિટનમાં ૩ મહિના પછી સ્ટોર્સ ખોલવામાં આવતા હજારો લોકોએ ખરીદી કરવા લાંબી લાંબી લાઈનો લગાવી હતી. યુકેમાં પ્રિમાર્ક્સના સ્ટોર્સના દરવાજે તેમજ ઓક્સફર્ડ સ્ટ્રીટમાં નાઈકીના સ્ટોર્સ સહિત અનેક સ્ટોર્સમાં જરૂરી ચીજવસ્તુઓ ખરીદવા લોકોએ પડાપડી કરી હતી. લોકો રાત્રે અને વહેલી સવારે જ સ્ટોર્સના દરવાજે પહોંચી ગયા હતા. શોપિંગ માટે રઘવાયા થયેલા લોકોએ સોશિયલ ડિસ્ટન્સિંગના લીરેલીરા ઉડાડયા હતા. લોકોનાં ટોળાને અંકુશમાં લેવા ગોઠવાયેલી પોલીસ પણ નિઃસહાય બની ગઈ હતી. કેટલાક લોકોએ સ્ટોર્સમાં ભાવતાલ કરવા ધક્કામુક્કી કરી હતી. ૧૫ અબજ પાઉન્ડનો સ્ટોક ખાલી કરવા જોહન લેવિસ અને ઝારા જેવા સ્ટોર્સે ભાવમાં ૭૦ ટકાનું ડિસ્કાઉન્ટ જાહેર કર્યું હતું.

આ ઉપરાંત કોરોના વાઈરસ મહામારીએ સમગ્ર દુનિયાની સામે એવો પડકાર રજૂ કર્યો છે જેનાથી છુટકારો મેળવવામાં કોઈ પણ દેશ સફળ થઈ રહ્યો નથી. પરિસ્થિતિ એ થઈ ગઈ છે કે




મહિનાઓથી ચાલી રહેલા આ લૉકડાઉને રોજી-રોટીનુ સંકટ પેદા કરી દીધુ છે. રૂઆ જીવલેણ વાઈરસના જોખમ સાથે જીવનને રિ-ઓપન કરવામાં આવી રહ્યુ છે. યુરોપના સૌથી વધારે કોરોના પ્રભાવિત દેશોમાં સામેલ ફ્રાન્સે પણ પોતાના દરવાજા ખોલી દીધા છે. રાષ્ટ્રપતિ ઈમેનુઅલ મેક્રોંએ બોર્ડરથી લઈને રેસ્ટોરાં સુધી ખોલવાનો આદેશ જારી કર્યો છે. ફ્રાંસમાં જ્યારે કોરોના વાઈરસના સંક્રમણમાં ઘટાડો નોંધાયો ત્યારે આ નિર્ણય લેવાયા છે. લગભગ ત્રણ મહિનાથી જીંદગી પર લોકડાઉનની પાબંદીને હવે હટાવી દેવાઈ છે. આ ઉપરાંત રેસ્ટોરા, કેફે, બાર, સ્કુલ, બોર્ડર વગેરે ખોલી દેવામાં આવ્યું હતું. બ્રિટનના પીએમ બોરિસ જોન્સને આશા વ્યકત કરી હતી કે સ્ટોર્સ અને બજારો ખોલવાથી ૩ મહિનાથી ડચકા ખાતી ઈકોનોમીમાં નવો પ્રાણ ફુંકાશે. પબ્લિક ટ્રાન્સપોર્ટમાં અવરજવર કરવા હજારો લોકો ઊમટી પડયા હતા. જો કે તમામ નાગરિકો માટે માસ્ક પહેરવાનું અને સોશિયલ ડિસ્ટન્સિંગ ફરજિયાત હતા. ૩ મહિના પછી શરૂ થયેલી સ્કૂલોમાં વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા. સ્ટોર્સના દરવાજા ખૂલતાં જ લોકો ધક્કામુક્કી કરીને તેમાં પ્રવેશવા અધીરા બન્યા હતા.

### યુરોપમાં કેટલાંક નિયંત્રણો સાથે વિદેશીઓને આવકાર્યા

યુરોપના દેશોએ યુરોપિયન સંઘ અને શેનઝેન ગ્રૂપના દેશોના પ્રવાસીઓ માટે તેમની સરહદો ખુલ્લી મૂકી હતી. જો કે અવરજવર કરનાર તમામ પ્રવાસીઓ માટે કેટલાક નિયંત્રણો લાદવામાં આવ્યાં હતાં. સ્પેનમાં છેલ્લા એક અઠવાડિયામાં કોરોનાથી એકપણ મોત નોંધાયું નથી. આમ છતાં સ્પેન દ્વારા ૨૧ જૂન સુધી વિદેશીઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ગ્રીસે યુરોપના ૮ દેશના લોકો માટે ક્વોરન્ટાઈન ફરજિયાત કર્યું હતું. ડેનમાર્ક દ્વારા ફક્ત આઈસલેન્ડ અને જર્મની, નોર્વેના લોકોને જ પ્રવેશની છૂટ અપાઈ હતી. સ્વીડનના લોકો માટે દરવાજા બંધ હતા.

### ચીનનાં બેઈજિંગમાં કોરોનાની બીજી ઈનિંગ

ચીનમાં કોરોનાના કેસ વધતા બેઈજિંગનાં વધુ ૩૦ વિસ્તારોમાં કડક લોકડાઉન લાદવામાં આવ્યું છે. ચીનના પાટનગર બેઈજિંગમાં ૧૦૮ નવા કેસ મળ્યા બાદ શહેરમાં કર્ફ્યું લગાવી દીધો છે. બેઈજિંગમાં ઘણા જિલ્લામાં સ્કૂલ-કોલેજ અને શોપિંગ મોલ્સ બંધ કરી દેવાયા છે. સાથે જ લોકોની ગતિવિધિઓ પર પ્રતિબંધ લગાવવા માટે ઠેર-ઠેર સુરક્ષા ચોકીઓ બનાવી દેવાઈ છે. ચીનની સરકારને આશંકા છે કે બેઈજિંગમાં કોરોનાની બીજી લહેર આવી ગઈ છે.

મીડિયા રિપોર્ટસ મુજબ, લોકોને કોરોના વાયરસનો ટેસ્ટ કરાવવા માટે કહેવામાં આવી રહ્યું છે, તેમજ ઠેર-ઠેર લોકોના શરીરનું તાપમાન પણ તપાસવામાં આવી રહ્યું છે. બેઈજિંગમાં લોકોના એકઠા થવા પર અને કોઈ પણ પ્રકારના ખેલ પર પણ પ્રતિબંધ લગાવી દેવાયો છે. આ પહેલા રવિવારે રાજધાનીના ત્રણ બજારોને સંપૂર્ણ રીતે બંધ કરી ક્ષેત્રમાં કડક લોકડાઉન લાગુ કરી દેવાયું હતું.

ચીનની સરકારના માઉથપીસ ગ્લોબલ ટાઈમ્સ મુજબ, બેઈજિંગ સીડીટી સંશોધનકર્તાઓએ કહ્યું કે, રાજધાની બેઈજિંગના Xinfadi બજારમાં ક્લસ્ટર સંક્રમણ ફેલાવનારા કોરોના વાયરસના જીનોમ સિક્વેન્સિંગથી જાણવા મળે છે કે તે યુરોપથી આવ્યો છે. તેમણે દાવો કર્યો કે, આ સંક્રમણ ચીનની બહારથી આવેલા વાયરસથી ફેલાયું છે.

### ફ્લોરિડા અને ટેક્સાસમાં કોરોના કેસમાં વધારો

અમેરિકામાં ફરી એકવાર ફ્લોરિડા અને ટેક્સાસ સહિત કેટલાંક રાજ્યોમાં કોરોનાએ માથું ઊંચક્યું છે. અહીં કોરોનાના કેસમાં ચિંતાજનક વધારો થયો છે. અમેરિકામાં કોરોનાના કુલ ૨૧,૬૩,૩૩૮ કેસ નોંધાયા છે જ્યારે ૧,૧૭,૮૭૫ લોકોનાં મોત થયાં છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા ૨૦,૦૦૪ કેસ નોંધાયા છે અને ૩૩૧નાં મોત થયાંછે. સમગ્ર વિશ્વમાં કોરોના સંક્રમણથી ૪૧,૪૮,૩૦૯ લોકો સાજા થયાં છે જ્યારે કુલ કેસની સંખ્યા વધીને ૮૦,૨૮,૭૮૫ થઈ છે. ૪,૩૬,૨૮૯ લોકો કોરોનાનો ભોગ બન્યા છે. ૩૪,૪૪,૧૮૭ કેસ સક્રિય હોવાનું જણાયું છે.

## પાક.માં જુલાઈસુધી સંક્રમિત કેસ ૧૨ લાખને પાર થશે

ઈસ્લામાબાદ : કોરોના વાયરસ પાકિસ્તાનમાં બેકાબું બન્યો છે, ઇમરાન ખાન સરકારની બેકાળજીની સજા આજે પાકિસ્તાનની જનતા ભોગવી રહી છે. દેશ ભરમાં સેના તૈનાત કરવામાં આવી હોવા છતા પણ પરિસ્થિતિ ચિંતાજનક બની છે, જુલાઇનાં અંતમાં દેશમાં ૧૨ લાખ કોરોના વાયરસનાં દર્દીઓ હોઇ શકે છે, તેવી નિષ્ણાતોએ ચેતવણી ઉચ્ચારી છે. આગામી સમયમાં કોરોના બોમ્બ ફુટી શકે તેવી સ્થિતિ નિર્માણ થઇ છે, દેશની ૨૧ કરોડની વસ્તીમાં એક લાખ અને ૪૦ હજાર લોકો કોરોના સંક્રમિત છે, અને મૃત્યુંઆંક પણ ૨૭૦૦ને પાર થયો છે. નિષ્ણાતોનાં જણાવ્યા પ્રમાણે જુનનાં અંતમાં કોરોના વાયરસનાં કેસોની સંખ્યા વધીને ૩ લાખ થઇ શકે છે, એટલું જ નહીં જુલાઇનાં અંતમાં તે સંખ્યા વધીને ૧૨ લાખ થઇ શકે છે, પાકિસ્તાનમાં છેલ્લા બે સપ્તાહથી કોરોના વાયરસનાં મામલે સતત ખુબ ઝડપથી આગળ વધી રહ્યું છે. ઇમરાન ખાને ઇદનાં સમયે પ્રતિબંધોમાં ઢીલ આપી તેનાં કારણે લોકોએ સોસિયલ ડિસ્ટન્સિંગનું ધ્યાન રાખ્યું નહીં, અને કોરોના વાયરસ ખુબ તેજીથી ફેલાયો. આરોગ્ય મંત્રાલયએ જણાવ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં ૯૭ સંક્રમિત લોકોનાં જીવ ગયા છે, જેથી દેશમાં મૃત્યુઆંક ૨૭૨૯ થઇ ગયો, ત્યાં જ ૫૩,૭૨૧ લોકો સાજા થઇ ચુક્યા છે.

## વિશ્વમાં કોરોનાને હરાવવા ૧૪૫થી વધારે વેક્સિન ઉપર કામ ચાલી રહ્યું છે, ૨ રસીઓ ત્રીજા તબક્કા

વોશિંગ્ટન : વિશ્વભરમાં કોરોનાને કારણે લાખો લોકોના જીવન જોખમમાં છે અને ચાર લાખથી વધારે લોકોએ જીવ ગુમાવી દીધો છે. આગામી સમયમાં વધારે તકેદારી રાખવામાં નહીં આવે તો વધારે લોકોનાં જીવ જઈ શકે છે. આ તમામ શક્યતાઓ અને ગંભીરતા વચ્ચે છેલ્લાં ઘણા સમયથી સંશોધકો અને વૈજ્ઞાનિકો કોરોનાની રસી બનાવવામાં વ્યસ્ત છે. તાજેતરની વાત કરીએ તો દુનિયાભરમાં ૧૪૫થી વધારે રસીઓ વિકસિત કરવા માટે પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. વૈશ્વિક ધોરણે કરવામાં આવી રહેલા આ પ્રયોગોનું હજી નક્કર પરિણામ મળ્યું નથી.

બજારમાં હજી કોઈ રસી આવી નથી જે સચોટતા સાથે કોરોનાને હરાવી શકે અને તેનો નાશ કરી શકે. સૂત્રોના મતે હાલની પરિસ્થિતિમાં ૧૪૫થી વધારે રસીની ક્લિનિકલ ટ્રાયલ ચાલી રહી છે. તેમાંથી ૧૨૫થી વધારે રસીઓ હજી પ્રિ ક્લિનિકલ ફેઝમાં છે. તે ઉપરાંત ૮ રસીઓ પહેલા તબક્કામાં છે જ્યારે અન્ય આઠ રસીઓ બીજા તબક્કામાં અને બે રસીઓ ત્રીજા તબક્કામાં છે. તેને હજી બજારમાં મૂકવા માટે રાહ જોવી પડશે.

હાલમાં કોઈપણ રસી એવી નથી જેને મંજૂરી આપવામાં આવી હોય અને તે બજારમાં આવી ગઈ હોય. તેમ છતાં આ દિશામાં સતત મહેનત કરવામાં આવી રહી છે. સંશોધકોએ જણાવ્યું કે, કોઈપણ રસીને બજારમાં મૂકતા પહેલાં એક વર્ષ તેનું ક્લિનિકલ ટ્રાયલ ચાલે છે. હાલમાં કોરોનાની જે સ્થિતિ છે તેને પગલે આવતા વર્ષ સુધીમાં કોરોનાની રસી બજારમાં આવી જાય તે જરૂરી છે.

સંશોધકોએ જણાવ્યું કે, સૌથી પહેલાં જાન્યુઆરીમાં સાર્સ-કોવ-૨ના જેનોમને ઓળખીને તેના ઉપર પ્રયોગો શરૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ માર્ચના પહેલાં અઠવાડિયામાં માણસો ઉપર તેના સેફ્ટિ ટ્રાયલ શરૂ કરવામાં આવ્યા પણ હજી રસ્તો ઘણા લાંબો છે.

### રસીના સંશોધનની પ્રક્રિયા

**પ્રિક્લિનિકલ ટેસ્ટિંગ:** ઉંદરો બાદ વાનરો ઉપર દવાનું પરીક્ષણ કરાય છે, જેથી તેમની રોગપ્રતિકારક શક્તિની પ્રતિક્રિયાનો અંદાજ આવે.

**પહેલો તબક્કો ।** સેફ્ટિ ટ્રાયલ સંશોધકો દ્વારા ખૂબ જ ઓછા લોકો ધરાવતા એક જૂથને સેફ્ટિ ડોઝ આપવામાં આવે છે જેથી તેમની રોગપ્રતિકારક શક્તિ પ્રવૃત્ત થઈ કે નહીં તે જાણી શકાય.

**બીજો તબક્કો ।** એક્સપાન્ડેડ ટ્રાયલ : સંશોધકો દ્વારા મોટી સંખ્યામાં અને બાળકો, યુવાનો, વૃદ્ધોની કેટેગરીમાં દવા આપવામાં આવે છે. તેના થકી તેઓ ચકાસે છે કે, મોટી સંખ્યામાં દવાની અસર કેવી રીતે થાય છે.

**ત્રીજો તબક્કો।** એફિકસી ટ્રાયલ : સંશોધકો દ્વારા હજારોની સંખ્યામાં લોકોને દવા આપવામાં આવે છે જેથી ઈન્ફેક્શન કેટલા પ્રમાણમાં અને કેટલી ઝડપથી ઓછું થાય તે જાણી શકાય છે. તેથી બજારમાં મૂકવાનો અંદાજ મળે.

એપ્રૂવલ: દરેક દેશમાં રહેલી રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા ટ્રાયલના દરેક તબક્કાનું નિરીક્ષણ અને પરીક્ષણ કરીને માન્યતા આપવામાં આવે છે.

રેપ સ્પીડ: અમેરિકન સરકારના ઓપરેશન રેપ સ્પીડ પ્રોગ્રામ દ્વારા અબજો ડોલર આપીને પાંચ રસીઓના પ્રોજેક્ટની પસંદગી કરવામાં આવી છે.

કમ્બાઈન્ડ ફેઝ: રસીને ઝડપથી લોકો સુધી પહોંચાડવાની હોય ત્યારે પહેલા અને બીજા તબક્કાને સાથે રાખી સંયુક્ત ફેઝમાં અમલી કરવી પડે છે.

### કોરોના વર્લ્ડ વાઈડ

- વેપાર અને પ્રવાસ પરથી નિયંત્રણો હટાવવામાં આવશે તો કોરોના વાઇરસ ફરી ત્રાટકવાની સંભાવના છે. ચીનમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૫૭ કેસો નોંધાયા છે તો દક્ષિણ કોરિયામાં પણ કોરોનાના ૩૪ કેસો નોંધાયા છે. આ જ રીતે ઇજિપ્ત અને અમેરિકામાં પણ કોરોનાના દર્દીઓની સંખ્યામાં ભારે વધારો નોંધાયો છે.
- ઇજિપ્તમાં શનિવારે ૧૬૭૭ નવા કેસો નોંધાયા હતા તો અમેરિકામાં સાઉથ એરિઝોનામાં રોજના એક હજાર કરતાં નવા કેસો નોંધાઇ રહ્યા છે. એરિઝોનામાં લોડડાઉન દરમ્યાન રોજ ૪૦૦ કેસો જ નોંધાતા હતા.
- ન્યુ ઓરલિયન્સમાં બાર માલિકો બાર ખોલવાની તૈયારી કરી રહ્યા છે તો સાનફ્રાન્સિસ્કોમાં આઉટડોર રેસ્ટોરાંઓ શરૂ કરવામાં આવી છે. જોકે ઉટાહ અને ઓરેગોન રાજ્યમાં રિઓપનિંગ અટકાવી દેવામાં આવ્યું છે.
- કોરોના વિશે ઇન્ટરનેટ પર ફેલાવવામાં આવતી ખોટી માહિતીને નાથવા માટે બાર દેશો સાથે ભારતે પણ આગેવાની લીધી છે.
- ઓસ્ટ્રેલિયા, ચીલી, ફ્રાન્સ, જ્યોજયા, ભારત, ઇન્ડોનેશિયા, લેટવિયા, લેબેનોન, મોરેશિયસ, મેકસિકો, નોર્વે, સેનેગલ અને સાઉથ આફ્રિકાએ શરૂ કરેલી કોરોના વિશેની ખોટી માહિતી અટકાવવાની ઝૂંબેશને યુનોના ૧૩૨ સભ્યરાષ્ટ્રોએ પણ ટેકો આપ્યો હતો.
- કોરોના વાઈરસ સામેની લડતમાં બ્રિટનની ઑક્સફર્ડ યુનિવર્સિટીના સંશોધકોને મહત્ત્વપૂર્ણ સફળતા મળી છે. આ યુનિવર્સિટીના સંશોધકોએ કરેલા રિસર્ચ પ્રમાણે ડેક્સામેસાથોન નામની દવા કોરોનાની સારવારમાં ઉપયોગી સાબિત થઈ છે.
- ચીનનો સરકારી આંકડો ૨૫૨૪ છે પરંતુ અમેરિકાની વોશિંગ્ટન યુનિવર્સિટી અને ઓહિયો સ્ટેટ યુનિવર્સિટીના રિસર્ચ પ્રમાણે વુહાનમાં જ ૩૬૦૦૦ લોકોના માર્ચ મહિના સુધી મોત થયા હતા.

# યુએસમાં વધુ એક અશ્વેતની હત્યા : એટલાન્ટામાં હિંસા

એટલાન્ટા/વોશિંગ્ટન : અમેરિકાના એટલાન્ટામાં નશામાં વાહન ચલાવવાના આરોપમાં ધરપકડની કાર્યવાહી વખતે એક અશ્વેત આરોપી રેશાર્ડ બ્રૂક્સની પોલીસ દ્વારા હત્યાને પગલે ફરી હિંસા ભડકી છે. વોશિંગ્ટનમાં દેખાવકારોએ રસ્તા પર સૂઈ જઈને રસ્તા રોક્યા હતા. એટલાન્ટા સહિત કેટલાક શહેરોમાં હજારો લોકો પોલીસ કાર્યવાહીના વિરોધમાં રસ્તા પર ઊતરી આવ્યા હતા. સત્તાવાળાઓએ ગોળી ચલાવનાર પોલીસ અધિકારીને તત્કાળ ર્ટિમનેટ કર્યો હતો. એટલાન્ટા સહિત કેટલાક શહેરોમાં રોષે ભરાયેલા લોકોએ વાહનોને તેમજ જાહેર માલમિલકતને આગ ચાંપી હતી. એટલાન્ટાની વેન્ડી રેસ્ટોરાં નજીક ઘટના બન્યા પછી દેખાવકારોએ રેસ્ટોરાંને આગ લગાવીને ફૂંકી મારી હતી. નજીક આવેલા શોપિંગમાં કેટલીક દુકાનો સળગાવી હતી. નજીકના હાઈવે ૭૫ પર વાહનો રોકીને ચક્કાજામ કર્યુ હતું. સરકાર અને પોલીસ વિરુદ્ધ નારાબાજી કરી હતી. પોલીસે કેટલાક દેખાવકારોની ધરપકડ કરી હતી અને ટોળાને વિખેરવા ટીઅરગેસના શેલ છોડયા હતા. ૧૦૦થી વધુ લોકો સામે કેસ કર્યો હતો. એટલાન્ટાના મેયર કીશા લાંસ બોટમ્સે ગોળી ચલાવનાર પોલીસ અધિકારીને તત્કાળ સસ્પેન્ડ કરવાની માગણી કરી હતી. હજી મિનિયાપોલીસમાં અશ્વેત જ્યોર્જ ફ્લોઈડની હત્યાની આગ બુઝાઈ નથી ત્યાં આવી જ બીજી ઘટના બની ગઈ હતી.




## શું હતી ઘટના?

એટલાન્ટામાં રેશાર્ડ બ્રૂક્સ નામની ૨૭ વર્ષની અશ્વેત વ્યક્તિ નશો કરીને કાર ચલાવતા ઝડપાઈ હતી. પોલીસે તેને પકડવાનો પ્રયાસ કર્યો ત્યારે બ્રૂક્સ પોલીસની ગન છીનવીને ભાગવા લાગ્યો હતો. પોલીસે તેને રોકવા માટે ફાયરિંગ કર્યું હતું જેમાં બ્રૂક્સના માથામાં ગોળી વાગી હતી. તેને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયો હતો જ્યાં સર્જરી દરમિયાન તેનું મોત થયું હતું. આ સમગ્ર ઘટના સીસીટીવામાં કેદ થઈ ગઈ હતી. ઘટનાને પગલે એટલાન્ટાના પોલીસ પ્રમુખ એરિકા શીલ્ડ્સ દ્વારા શનિવારે જ રાજીનામું આપવામાં આવ્યું હતું.

# UNSCમાં ભારત બિનહરીફ ચૂંટાયું, ૮મી વખત સભ્ય બન્યું, અમેરિકાએ કર્યું સ્વાગત

વોશિંગ્ટન : ભારતને ૮મી વખત સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્ય તરીકે પસંદ કરાયું છે. નિર્વિરોધ પસંદ થયા બાદ હવે ભારત ૨૦૨૧-૨૨ કાર્યકાળ માટે સંયુકત રાષ્ટ્રની સર્વોચ્ચ સંસ્થાનું અસ્થાયી સભ્ય બની જશે. ૧૯૩ સભ્યવાળા સંયુકત રાષ્ટ્ર મહાસભાએ પોતાના ૭૫મા સત્ર માટે અધ્યક્ષ, સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્યો અને આર્થિક અને સામાજિક પરિષદના સભ્યો માટે ચૂંટણી કરાવી હતી. ભારતની સાથો સાથ આયરલેન્ડ, મેક્સિકો અને નોર્વેને પણ સુરક્ષા પરિષદમાં એન્ટ્રી મળી છે જ્યારે કેનેડાને બહાર જ રહેવું પડશે. જીત બાદ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રતિનિધિ ટીએસ તિરૂમૂર્તિ એ કહ્યું કે ભારત નેતૃત્વ ચાલુ રાખશે અને એક શ્રેષ્ઠ બહુપક્ષીય વ્યવસ્થાને નવી દિશા આપશે. ભારતને ૧૯૨ બેલેટ વોટ્સમાંથી ૧૮૪ વોટ મળ્યા. તિરૂમૂર્તિએ કહ્યું કે હું ખૂબ ખુશ છું કે ભારતને વર્ષ ૨૦૨૧-૨૨ માટે યુએનએસસીના અસ્થાયી સભ્ય તરીકે પસંદ કરાયું છે. આપણને ભારે સમર્થન મળ્યું છે અને સંયુકત રાષ્ટ્રના સભ્યો એ જે વિશ્વાસ વ્યકત કર્યો છે તેનાથી વિનમ્ર મહેસૂસ કરી રહ્યો છું. તેમણે કહ્યું કે ભારતને સિક્યોરિટી કાઉન્સિલમાં પસંદ કરવું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન અને વૈશ્વિક નેતૃત્વને પુષ્ટા કરે છે, ખાસ કરીને કોરોના મહામારીના સમયમાં. તેમણે કહ્યું કે ભારત એક મહત્વના સમય પર સુરક્ષા પરિષદનું સભ્ય બન્યું છે અને અમને વિશ્વાસ છે કે કોવિડ દરમ્યાન અને કોવિડ બાદ દુનિયામાં ભારત હંમેશા નેતૃત્વ પ્રદાશ કરશે અને શ્રેષ્ઠ બહુપક્ષીય વ્યવસ્થાને નવી દિશા આપશે.

## શું છે યુએનએસસી

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ, સંયુક રાષ્ટ્ર સંઘના ૬ મુખ્ય ભાગમાંથી એક છે. તેનું મુખ્ય કામ દુનિયાભરમાં શાંતિ અને સુરક્ષા સુનિશ્ચિત કરવાનું હોય છે આ સિવાય સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં નવા સભ્યોને જોડનાર અને તેના ચાર્ટરમાં ફેરફાર સાથે જોડાયેલ કામ પણ સુરક્ષા પરિષદના કામનો હિસ્સો છે. આ પરિષદ દુનિયાભરના દેશોમાં શાંતિ મિશન પણ મોકલે છે અને જો દુનિયાના કોઇ ભાગમાં મિલિટ્રી એક્શનની જરૂરિયાત હોય છે તો સુરક્ષા પરિષદ રિઝોલ્યુશન દ્વારા તેને લાગૂ પણ કરે છે.

## અમેરિકાએ કર્યું સ્વાગત

અમે ભારતનું ઉષ્માભેર સ્વાગત કરીએ છીએ અને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સફળ ચૂંટણી માટે અભિનંદર પાઠવીએ છીએ. અમે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષાના મુદ્દા પર સાથે કામ કરવા માટે ઉત્સાહિત છીએ જે ભારત અને અમેરિકાને વચ્ચે સહભાગિતાની વૈશ્વિક રણનીતિ છે.

## ભારતની જીત નક્કી હતી

ભારત ૨૦૨૧-૨૨ કાર્યકાળ માટે એશિયા-પ્રશાંત શ્રેણીથી અસ્થાયી સીટ માટે ઉમેદવાર હતા. ભારતની જીત એટલા માટે નક્કી મનાતી હતી કારણ કે આ ગ્રૂપની આ એક જ સીટ માટે એકમાત્ર ઉમેદવાર હતું, ચીન અને પાકિસ્તાન સહિત ૫૫ સભ્યવાળા એશિયા-પ્રશાંત ગ્રૂપે ગયા વર્ષે જૂનમાં સર્વસહમતિથી ભારતના ઉમેદવારનું સમર્થન કર્યું હતું.

## દર વર્ષે ૫ થાય છે ચૂંટણી

મહાસભા દર વર્ષે બે વર્ષના કાર્યકાળ માટે કુલ ૧૦માંથી ૫ અસ્થાયી સભ્યોની પસંદગી કરે છે. આ ૧૦ અસ્થાયી સીટો ક્ષેત્રીય આધાર પર વિતરિત કરાય છે. પાંચ સીટો આફ્રિકા અને એશિયન દેશો માટે, એક પૂર્વ યુરોપિયન દેશો, બે લેટિન અમેરિકા અને કેરેબિયન દેશો અને બે પશ્ચિમી યુરોપિયન અને અન્ય રાજ્યો માટે વિતરિત કરાય છે. પરિષદમાં પસંદ કરવા માટે ઉમેદવાર દેશોને સભ્ય દેશોના બે તૃત્યાંશ બહુમતીની જરૂર હોય છે.

# CBIના પ્રમુખ તરીકે મૂળ ગુજરાતી કરણ બિલીમોરિયાની નિમણૂક થઈ

- ભારતમાં જન્મેલા ૫૮ વર્ષના બિલીમોરિયા પ્રખ્યાત બ્રાન્ડના બીયરના માલીક છે

લંડન : બ્રિટનમાં લગભગ ૧૯૦૦૦૦ કરતાં પણ વધુ વેપારીઓનું પ્રતિનીધીત્વ કરતા નોન:પ્રોફિટ મેમ્બરશીપ સંગઠન કન્ફેડરેશન ઓફ બ્રિટિશ ઈન્ડસ્ટ્રીઝ (સીબીઆઈ)ના નવા પ્રમુખ તરીકે ભારતીય-ગુજરાતી મૂળના ઉદ્યોગપતિ લોર્ડ કરણ બિલીમોરિયા ચૂંટાઇ આવ્યા હતા. કોબ્રા બીયરના માલીક એવા ભારતમાં જન્મેલા કરણ બિલીમોરિયા ગયા વર્ષે આ સંસ્થાના ઉપ-પ્રમુખ હતા. મંગળવારે યોજાયેલી વાર્ષીક બેઠક દરમિયાન ૫૮ વર્ષના કરણને પ્રમુખ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. 'યુકે માટે અત્યંત મહત્ત્વના સમય દરમિયાન સીબીઆઇના પ્રમુખ બનતા હું ખુબ જ સન્માનિત થયો છું. ચાર રાષ્ટ્રોના દેશ તરીકે આપણે એક ખુબ જ મહત્વકાંશીઆર્થિક રિકવરી પ્લાન બનાવવું પડશે. સમાવેશી અને સાતત્યપૂર્ણ વૃધ્ધિ દ્વારા આપણે વધુ સારું દેશને મદદ કરવા મારાથી જે કંઇ થશે તે હું કરીશ'એમ તેમણે કહ્યું હતું.

# ડોલાન્ડ્ ટ્રમ્પે ચૂંટણી જીતવા માટે ચીનની મદદ માગી હતી : બોલ્ટન

વોશિંગ્ટન : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ભૂતપૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જોન બોલ્ટનનું રાજકીય અનુભવો અંગેનું પુસ્તક છપાય તે પહેલાં જ વિવાદમાં આવી ગયું છે. બોલ્ટને આ પુસ્તકમાં ટ્રમ્પ અને ચીન વચ્ચેના તેમના સંબંધો અંગે અનેક ખુલાસાઓ કર્યા છે અને ટ્રમ્પને શરમમાં મૂકે તેવી ઘટસ્ફોટો પણ તેમાં કરવામાં આવ્યા છે. બોલ્ટને લખ્યું છે કે ટ્રમ્પે વર્ષ ૨૦૨૦માં યોજાનારા રાષ્ટ્રપતિ ચૂંટણીમાં જીત પ્રાપ્ત કરવા માટે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગથી મદદ માગી હતી. બોલ્ટનના પુસ્તકના કેટલાક અંશ ધ વોલ સ્ટ્રીટ જનરલ, ધ વોશિંગ્ટન પોસ્ટ અને ધ ન્યૂયોર્ક ટાઈમ્સમાં છાપવામાં આવ્યા છે. પુસ્તકમાં બોલ્ટને દાવો કર્યો છે કે, ટ્રમ્પ ગયા વર્ષે જૂનમાં જાપાનના ઓસોકામાં ૨૯ જૂન ૨૦૧૯ના રોજ જી-૨૦ સમિટ દરમિયાન શી સાથે મળ્યા હતા. તે દરમિયાન ટ્રમ્પે તેમની સાથે અમેરિકાના રાષ્ટ્રપતિ ચૂંટણી અંગે વાત કરી હતી કે ચીનની આર્થિક ક્ષમતા એવી છે કે જે તેમના દેશ અમેરિકામાં ચાલી રહેલા ચૂંટણી પ્રચાર પર પણ તેની અસર પડી શકે છે. ટ્રમ્પે શી જિનપિંગને તેમને જીતાડવાની અપીલ કરી હતી. બોલ્ટને લખ્યું છે કે તે મિટિંગમાં ટ્રમ્પે જિનપિંગને એમ કહ્યું હતું કે અમેરિકા અને ચીનની દોસ્તી વિશ્વ માટે સૌથી મહત્વની છે.

ટ્રમ્પે જિનપિંગને એમ પણ કહ્યું કે

# NRI ઉદ્યોગપતિની દરિયાદિલી ૧૨૦ કર્મચારીને ચાર્ટર્ડ પ્લેન દ્વારા શારજાહથી કેરળ મોકલ્યાં

શારજાહ : એક એનઆરઆઈ ઉદ્યોગપતિએ દરિયાદિલી બદાવતા કંપનીમાં કામ કરતા ૧૨૦ કર્મચારીઓને ચાર્ટર્ડ પ્લેન દ્વારા શારજાહથી કેરળ મોકલ્યાં હતા.આ બધા કર્મચારીઓ કોરોના લોકડાઉનને કારણે ત્યાં ફસાઇ ગયા હતા. રવિવારે રાત્રે શારજાહથી કોચી આવી રહેલી ચાર્ટર્ડ ફ્લાઈટમાં સ્ટાફ ઉપરાંત સંયુક્ત અરબમાં પોતાની નોકરી જવાનાં કારણે ટિકિટ વગરનાં ૫૦ અન્ય લોકો યુએઈમાં નોકરી ગુમાવી બેઠા હતા. એલીટ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીના ચેરમેન આર હરિ કુમારે જણાવ્યું હતું કે જો તેઓ યુએઈ પાછા ફરવા માંગતા ન હોય તો. તેમણે તેમના કર્મચારીઓને તમિળનાડુના કોઈમ્બતુરમાં કંપનીના યુનિટમાં કામ કરવાનો વિકલ્પ આપ્યો છે. ચાર્ટર્ડ ફ્લાઈટથી પરત ફરતા કર્મચારીઓમાંના એકે કહ્યું કે તેને એક મહિનાનો વધારાનો પગાર અને ગિફ્ટ પેકેટ પણ આપવામાં આવ્યું હતું.

# બાળકોની જાતીય સતામણી કરનાર ચીની અબજોપતિને 5 વર્ષની જેલ

શાંઘાઈ : ચીનમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે સૌથી મોટી કંપનીઓ પૈકીની એક સીઝેન ગ્રુપના ચેરમેન વાંગ ઝેનહુઆને બાળકોની જાતીય સતામણીના આરોપસર પાંચ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. ગઈ જુલાઈમાં જ્યારે વાંગ ઝેનહુઆની ધરપકડ કરાઈ હતી ત્યારે તેમની કંપનીના શેર ઊંધા માટે પટકાયા હતા. તો એ જ વખતે ચીનમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે સૌથી મોટી આઠમી કંપની મનાતી સીઝેન ગબડીને ૧૩માં ક્રમે ધકેલાઈ ગઈ હતી.

શાંગાહીની પુટુ જિલ્લા અદાલતે સતત બે દિવસ સુધી બંધ હારણે કેસની સુનાવણી કરીને આ ચૂકાદો આપ્યો હતો, એમ એક વેબસાઈટમાં પ્રસિધ્ધ કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું. ચીનમાં બાળકોની જાતીય સતામણી બદલ મહત્તમ પાંચ વર્ષની સજાની જોગવાઈ છે.ઝેનહુઆની સજા જાહેર થયા પછી તેમના પુત્ર વાંગ ઝિઓંગસોંગને કંપનીના ચેરમેન બનાવવામાં આવ્યા હતા. જો કે વાંગ ઝેનહુઆ પાસે હજુ પણ કંપનીના ૭૦ ટકા શેર છે. ૨૦૨૦ માર્ચ હુરૂન ગ્લોબલ રિચ લિસ્ટમાં વાંગ અને તેમના પુત્રની સંપત્તિ ૬.૧ અબજ ડોલર આંકવામાં આવી હતી. ઝેનહુઆની ધરપકડ લેણદારોની ચિંતા ઘટાડવા અને કંપનીની રોકડ રકમની સ્થિતી સુધારવા સીઝને કેટલીક જમીન વેચી દીધી હતી.

# મંગળ ગ્રહના વાયુમંડળમાં મળ્યા ઓક્સિજના પુરાવા! વૈજ્ઞાનિકોમાં ખુશીનો માહોલ

વોશિંગ્ટન : મંગળ ગ્રહ પર જીવન છે કે નહીં, આ સવાલનો જવાબ મળતા હજુ વધું સમય લાગી શકે છે. પરંતુ વૈજ્ઞાનિકોને મંગળ ગ્રહથી સંબંધીત એક ખૂબ જ મહત્વની માહિતી મળી છે. માહિતી મુજબ વૈજ્ઞાનિકોને મંગળ ગ્રહ પર ઓક્સિજનના પુરાવા મળ્યા છે. યુરોપિયન સ્પેસ એજન્સીના ઓર્બિટરે મંગળના વાયુમંડળમાં ઓક્સિજનની શોધ કરી દીધી છે. એવો દાવો કરવામાં આવ્યો છે. મીડિયા રિપોર્ટ મુજબ એસ્ટ્રોનોમર્સે લગભગ ૪૦ વર્ષથી ઓક્સિજનની હાજરી હોવાનો મોટો અને ચોંકાવનારો દાવો કર્યો છે. પરંતુ પહેલીવાર આના પુરાવા મળતા વૈજ્ઞાનિકો ઘણા ખુશ છે. ઓર્બિટર ExoMars Trace Orbiter (TGO) છેલ્લા ચાર વર્ષથી મંગળની પરિક્રમા કરી રહ્યો છે અને પ્રથમ વખત લીલા રંગમાં ઓક્સિજન ઝગમગતો જોવા મળ્યો છે. તે સૂર્યની કિરણોની હવામાં હાજર એલિમેન્ટ્સથી મળીને ઉત્પન્ન થાય છે.

# શનિની પનોતી વિશે લોકઉપયોગી માહિતી

જાતક (વ્યક્તિ)ના જીવનમાં શનિની પનોતી ચાલુ થાય એટલે અનેક પ્રકારની મુશ્કેલીઓ આવવાની શરૂઆત થાય છે. શનિગ્રહની પનોતીના બે પ્રકાર હોય છે. (૧) મોટી પનોતી (૨) નાની પનોતી.

**મોટી પનોતીની માહિતી** :- જ્યારે જાતક કે વ્યક્તિના જન્મનો ચંદ્ર જે રાશિમાં હોય અને ગોચરનો શનિ ચંદ્રથી બારમા સ્થાનમાં પ્રવેશ કરે ત્યારે મોટી પનોતી ૭ વર્ષ અને ૬ માસની શરૂ થાય છે. આ સાડા સાતી પનોતીના કુલ ત્રણ તબક્કા હોય છે. દરેક તબક્કાનો સમય ૨ વર્ષ અને ૬ માસનો હોય છે. જેને પનોતીનો પ્રથમ તબક્કો કહેવામાં આવે છે તે માથાના ભાગ ઊપરથી શરૂઆત થાય છે. બીજો તબક્કો :- પનોતિનો બીજો તબક્કો જે વ્યક્તિના જન્મના ચંદ્ર ઊપર શનિ આવે ત્યારે આ તબક્કો ૨ વર્ષ અને ૬ માસનો સમય સુધી ચાલતો હોય છે. છાતીના ભાગેભાગે. ત્રીજો તબક્કો :- જન્મના ચંદ્રથી ગોચરનો શનિ બીજા સ્થાનમાં આવે જેનો સમય ૨ વર્ષ અને ૬ માસનો હોય છે. જે પગના ભાગે આવે છે. આ પનોતીનો છેલ્લો તબક્કો હોય છે.

### સાડાસાતીની શનિની પનોતી શરીરના કયા કયા અંગોમાં નિવાસ કરે છે તેની માહિતી

| અં.નં. | સમયગાળો | | | શરીરના અંગો ઊપર પનોતીની અસર |
|---|---|---|---|---|
| | વર્ષ | માસ | દિવસ | |
| ૧ | ૦૦ | ૦૩ | ૧૦ | મુખમાં |
| ૨ | ૦૧ | ૦૨ | ૧૦ | જમણા હાથમાં |
| ૩ | ૦૧ | ૦૨ | ૧૦ | ડાબા હાથમાં |
| ૪ | ૦૦ | ૧૦ | ૦૦ | જમણા પગમાં |
| ૫ | ૦૦ | ૧૦ | ૦૦ | ડાબા પગમાં |
| ૬ | ૦૧ | ૦૨ | ૨૦ | હૃદયમાં |
| ૭ | ૦૦ | ૧૦ | ૦૦ | મસ્તકમાં |
| ૮ | ૦૦ | ૦૩ | ૧૦ | જમણી આંખમાં |
| ૯ | ૦૦ | ૦૩ | ૧૦ | ડાબી આંખમાં |
| ૧૦ | ૦૦ | ૦૬ | ૦૦ | ગુદામાં |
| **કુલ** | **૦૭ વર્ષ** | **માસ ૦૫** | **દિવસ ૧૦** | |

**નાની પનોતીની માહિતી** :- જન્મ રાશિથી કે જન્મના ચંદ્રથી ગણતા ગોચરના શનિનું ભ્રમણ ૪ સ્થાનમાં કે ૮માં સ્થાનમાં થતું હોય ત્યારે ૨ વર્ષ, ૬ માસની નાની પનોતી બેસે છે.

### પનોતીના ચાર પાયા હોય છે. દરેકનું ફળ શું મળે તેની માહિતી

(૧) પોતાની રાશિથી ગણતા શનિ અને રાશિ બદલી બીજી રાશિમાં જાય અથવા પ્રવેશ કરે ત્યારે ગોચરનો ચંદ્ર (તે દિવસનો ચંદ્ર) ૧, ૬ કે ૧૧માં સ્થાનમાં હોય તો જાતક (વ્યક્તિ)ને સોનાના પાયે હોવાથી અત્યંત ખરાબ પરિણામ આપે છે. ચિંતા કરાવે છે. વ્યક્તિને ટેન્શનમાં રાખે છે.

(૨) પોતાની રાશિથી ગણતા શનિ એક રાશિ બદલી બીજી રાશિમાં જાય કે પ્રવેશ કરે ત્યારે ગોચરનો ચંદ્ર (તે દિવસનો ચંદ્ર) ૨, ૫ કે ૯માં સ્થાનમાં હોય તો તેવી વ્યક્તિને રૂપાના (ચાંદી) પાયે હોવાથી ધનનો લાભ કરાવે છે શુભ હોય છે.

(૩) પોતાની રાશિથી ગણતા શનિ રાશિ બદલી બીજી રાશિમાં જાય કે પ્રવેશ કરે ત્યારે ગોચરનો ચંદ્ર (તે દિવસનો ચંદ્ર) ૩, ૭ કે ૧૦માં સ્થાનમાં હોય તેને તાંબાના પાયે હોવાથી લક્ષ્મીની પ્રાપ્તિ કરાવે અને લાભ કારક હોવાથી ખુબ સુંદર પરિણામ આપે છે.

(૪) પોતાની રાશિથી ગણતા શનિ રાશિ બદલે કે અન્ય રાશિમાં પ્રવેશ કરે ત્યારે ગોચરનો ચંદ્ર (તે દિવસનો ચંદ્ર) ૪, ૮ કે ૧૨માં સ્થાનમાં હોય તેને લોખંડના પાયે હોવાથી ખુબ કષ્ટ કે પીડા આપે છે. અને વધારે મહેનત કરાવે છે મહેનતનું પરિણામ સારૂ મળતુ નથી.

જન્મ કુંડલીમાં ઊચ્ચનો શનિ (તુલા રાશિ)નો હોય અને તે ઊચ્ચ અંશ-૨૦નો હોય તો પનોતીની અસર થતી નથી કે ખુબ ઓછી થાય છે. શનિ - મિત્ર ગ્રહ બુધ, શુક્ર, રાહુની ઊપરથી પસાર થતો હોય તો પણ પનોતીની અસર ઓછી થાય છે. પનોતી બેસે ત્યારે કે પનોતીના સમયમાં જે ગુમાવ્યું હોય તે પનોતી ઊતરતા શનિ મહારાજ (ગ્રહ) આપીને જાય છે. શનિને ઘડવૈયો કહેલ છે. જાતકને તમામ રીતે ઘડીને તૈયાર કરે છે. જાતકને દુનિયાદારીનું ભાન કરાવે છે, શનિ જાતક (વ્યક્તિ)ના સારા કે ખરાબ કર્મો મુજબ ફળ આપે છે. શનિ રંક કે રાજા અને રાજાને રંગ બનાવી દેતો હોય છે.

### શનિ ગ્રહની સમજ

● શનિની સ્વગૃહિ રાશિ - મકર અને કુંભ છે. ● શનિ એક રાશિમાં (અઢી વર્ષ) ૨ વર્ષ ૬ માસ રહે છે ● શનિની ઊચ્ચ રાશિ - તુલા રાશિ છે. ● શનિની નીચ રાશિ મેષ છે. ● શનિનું નંગ - નીલમ છે. ● શનિનું દાન - કાળા દલ, કાળો ધાબડો, તેલ, અડદ, લોખંડ છે. ● શનિની પ્રકૃતિ - વાયુ પ્રકૃતિ છે. ● શનિનો રંગ - કાળો રંગ છે. ● શનિ કેવો છે - અતિ પાપ ગ્રહ કહેલો છે. ● શનિની સમીપ - શમી-સમક્ષ છે. ● શનિનો પૌરાણિક મંત્ર : ‘‘નિલાંજન સમાભાસં રવિપુત્રં યમાગ્રજં, છાયા માતંડસંભૂતં તં નમામિ શનૈશ્વરમ્’’

વ્યક્તિના જીવનમાં બે વખત મોટી પનોતી સાડા સાત વર્ષની આવતી હોય છે જન્મ કુંડલીમાં શનિ જે સ્થાનમાં હોય તેનાથી ૩-૭-૧૦માં સ્થાન ઊપર દષ્ટિ કરે છે.

### પનોતી સમજ વિગત

શનિ ધન રાશિમાં તા. ૨૬-૧૦-૨૦૧૭ને ગુરૂવારે આવેલ હોવાથી ચંદ્ર ગોચરનો ધનરાશિમાં હોવાને કારણે નીચેની રાશિઓને પનોતી બેસે છે.

| અનં. | રાશિ | નામ અક્ષર | મોટી પનોતી | પાયો | લાભ/નુકસાન | શરીરમાં સ્થાન |
|---|---|---|---|---|---|---|
| ૧ | વૃશ્ચિક | ન, ય | છેલ્લો | ચાંદીનો | ધનલાભ | પગમાં |
| ૨ | ધન | ભ, ધ, ફ, ઢ | બીજો | સોનાનો | ચિંતા રહે | છાતીમાં |
| ૩ | મકર | ખ, ઝ | પહેલો | લોઢાના | પરિશ્રમ, કષ્ટદાયક | માથામાં |
| ૪ | કન્યા | પ, ઠ, ણ | નાની પનોતી | ’’ | ’’ | -- |
| ૫ | વૃષભ | બ, વ, ઉ | નાની પનોતી | ’’ | ’’ | -- |

શનિ મકર રાશિમાં તા. ૨૪-૧૦-૨૦૨૦ને શુક્રવારે આવેલ હોવાથી ગોચરનો ચંદ્ર ત્યારે મકર રાશિમાં હોવાથી નીચેની રાશિઓને પનોતી બેસે છે.

| અનં. | રાશિ | નામ અક્ષર | મોટી પનોતી | પાયો | લાભ/નુકસાન | શરીરમાં સ્થાન |
|---|---|---|---|---|---|---|
| ૧ | ધન | ભ, ધ, ફ, ઢ | છેલ્લો | ચાંદી | ધન લાભ | પગમાં |
| ૨ | મકર | ખ, જ | બીજો | સોનાનો | ચિંતા કરાવે | છાતીમાં |
| ૩ | કુંભ | ગ, શ, સ,ષ | પહેલો | લોઢાનો | કષ્ટદાયક પરિશ્રમ | માથામાં |
| ૪ | તુલા | ૨, ત | નાની | ’’ | ’’ | -- |
| ૫ | મિથુન | ક, છ, ધ | નાની | ’’ | ’’ | -- |



--------------- : સંપર્ક સાધવા માટે : ---------------

**બીપીન એસ્ટ્રોલોજર**

૮ ઓકટોમ્બર પ્લેસ, બ્રામ્ટન, ઓન્ટારિયો L6YOR6 કેનેડા

Whatsapp No. 98790 87511

Time : 10.00 am to 6.00 pm

# ઓરિસ્સાના પુરીમાં ભગવાન જગન્નાથની રથયાત્રા ઉપર સુપ્રીમ કોર્ટે પ્રતિબંધ મૂક્યો

નવી દિલ્હી : સુપ્રિમ કોર્ટે ઓરિસ્સાના પુરીમાં આગામી તા. ૨૩મી જૂનના રોજ શરૂ થનાર ભગવાન જગન્નાથની રથયાત્રા ઉપર ગુરુવારે પ્રતિબંધ મૂકી દીધો છે. એક એનજીઓની પિટીશન પર વિડિયો કોન્ફરન્સથી સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયમૂર્તિ એસ.એ. બોબડેએ કહ્યું હતું કે જો કોરોના મહામારી વચ્ચે આ વર્ષે રથયાત્રાની પરવાનગી આપીશું, તો ભગવાન અમને માફ નહીં કરે. સર્વોચ્ચ અદાલતે વધુમાં જણાવ્યું કે જ્યારે મહામારી ફેલાયેલી હોય તો આવી રથયાત્રાને પરવાનગી ન આપી શકાય, જેમાં મોટીસંખ્યામાં ભીડ આવતી હોય. લોકોનું સ્વાસ્થ્ય અને તેઓની સુરક્ષા માટે આ વર્ષે રથયાત્રાની પરવાનગી ન આપી શકાય. ચીફ જસ્ટિસની બેંચે ઓરિસ્સા સરકારને પણ કહ્યું હતું કે આ વર્ષે રાજ્યમાં કોઈપણ જગ્યાએ રથયાત્રા સહિત અન્ય ધાર્મિક જુલૂસ જેવા કાર્યક્રમોને પરવાનગી આપવી નહીં. ભુવનેશ્વરની ઓરિસ્સા વિકાસ પરિષદ નામની સંસ્થાએ સુપ્રિમ કોર્ટમાં પિટીશન દાખલ કરી હતી કે રથયાત્રાના કારણે કોરોના ફેલાવાનો ખતરો રહેશે. જો લોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને કોર્ટ દિવાળીના ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ મૂકી શકતી હોય તો રથયાત્રા ઉપર કેમ ન મૂકી શકે? અત્રે ઉલ્લેખનિય છે કે શ્રી જગન્નાથજી મંદિર સમિતિએ રથયાત્રાને ભાવિકોની ભીડ વગર જ કાઢવાનું નક્કી કર્યું હતું. રથ બનાવવાનું કામ પણ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું હતું.

## મણિપુર ભાજપ સરકારમાં ભંગાણ : ૩ સભ્યો કોંગ્રેસમાં

ઈમ્ફાલ : મણિપુરના નાયબ મુખ્યમંત્રી વાય. જોયકુમાર સિંહ સહિત નેશનલ પીપુલ્સ પાર્ટી(એનપીપી)ના ૪ મંત્રીએ બુધવારે રાજ્યની ભાજપની જોડાણવાળી સરકારમાંથી રાજીનામા ધરી દીધા હતા. જોયકુમાર ઉપરાંત જનજાતીય અને પર્વતીય ક્ષેત્ર વિકાસ મંત્રી એન. કાઈશી, યુવા અને રમતગમત વિભાગના મંત્રી લેતપાઓ હાઓકિપ અને આરોગ્ય મંત્રી એલ.જયંતકુમાર સિંહે મુખ્યમંત્રી એન. બિરેનસિંહને પોતાના રાજીનામા સુપરત કર્યા હતા. જોયકુમાર સિંહે જણાવ્યુ હતું કે અમે મુખ્યમંત્રીને રાજીમાના આપી દીધા છે. રાજીનામા આપનાર ધારાસભ્યોમાં ત્રણ ભાજપના, એક ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ અને એક અપક્ષનો સમાવેશ થાય છે. ભાજપના ધારાસભ્યોએ કોંગ્રેસના સભ્ય બનીને પક્ષનો ખેસ ધારણ કર્યો છે.

## ઉત્તરપ્રદેશમાં બસમાં ગેંગરેપ બાદ મહિલાને ફેંકી દેવાઈ

નોઈડા : લખનઉ અને મથુરા વચ્ચે ફરી એકવાર નિર્ભયા ગેંગ રેપ જેવી જ ઘટના બની હતી જેમાં એક મહિલા પર ચાર જણાએ બળાત્કાર કર્યો હતો. કોરોના મહામારીના કપરા કાળમાં પણ શૈતાનો આની નિર્લજ્જ હરકતો કરવાથી દૂર રહી શકતા નથી. પીડિતા મહિલા પ્રતાપગઢી ચાલતા ચાલતા નોઈડા આવી રહી હતી. પરંતુ ત્યાર પછી બસમાં સવાર થઈને નોઈડા આવવા નીકળી હતી. રસ્તામાં બસ જ્યારે લખનઉ-મથુરા હાઈ વે પર જઈ રહી હતી ત્યારે ચારેક બદમાશોએ મહિલા પર સામુહિક બળાત્કાર ગુજાર્યો હતો. હરમખોર શૈતાનોએ બળાત્કાર પછી મહિલાને ચાલતી બસમાંથી એક હોસ્પિટલ પાસે એને ફેંકી દીધી હતી. આરોપીઓ તેને ફેંકીને ભાગી ગયા હતા. મહિલાએ નોઈડાના સેકટર ૨૦માં પોલીસ સ્ટેશમાં ફરીયાદ નોંધાવી હતી.



# WELCOME !

## GENERAL & COSMETIC FAMILY DENTISTRY

**Dr. Salim Kapadia** DDS

Dental Centre

Dr. Salim Kapadia DDS

Shagofa Azizi RDH

Get Free Quote for All Dental Needs.

FREE and Convenient On-site Parking & Wi-Fi



Languages Spoken: English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi

- Evening and weekend appointments available.
- Friendly and caring staff.
- We cater to all Insurance Plans.
- Complete range of Dental services available.
- Emergencies seen right away.
- Dental Implants start to Finish.

FREE LASER WHITENING

FOR APPOINTMENT PLEASE CALL
**416-321-3268**
Email: info@drsalimkapadiadental.com
Website: www.drsalimkapadiadental.com

**Dr. Salim Kapadia Dental Centre**
1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9
Hours: Monday-Friday 9:00am-8:00pm
Saturday 9:00am-5:00pm | Sunday as per request

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

**www.swadesh.news**

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
**info@swadesh.news**

Available on the App Store

GET IT ON Google Play

હવે **APP STORE** તથા **PLAY STORE** પરથી

**SWADESH NEWS**

ટાઈપ કરી મોબાઈલ એપ્સ તમારા ફોન પર INSTALLED કરી ઘરે બેઠા બેઠા કોરોના તથા દેશ-દુનિયાનાં સમાચારો વાંચો.

સ્વદેશ +1 416 996 7755 I SWADESH 24x7